
'ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.'
સ્ટેશન રોડ—ભાવનગર.



પ્રાતઃસ્મરણીય, સકલમંત્રશિરોમણિ અનેક ગુણરત્ન મહોદધિ, ચૌદ પૂર્વના સારભૂત પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્રનો જેનો મહિમા કલ્પવૃક્ષ કરતાં પણ અધિક શાસ્ત્રકાર મહારાજે વર્ણવેલ છે. આ લોક અને પરલોકની અભિષ્ટ સિદ્ધિના માટે ધ્યાન કરવા યોગ્ય પણ છે; તેનો એક અક્ષર સાત સાગરોપમ, એક પદ પચાસ સાગરોપમ અને સમગ્ર મંત્ર પાંચસો સાગરોપમના પાપોનો નાશ કરે છે. નવલાખ ચાર વિધિ પૂર્વક જાપ કરતાં નર્કનું નિવારણ કરી ભવનોપાર-મોક્ષ પામે છે. એમ અપૂર્વ મહિમા શાસ્ત્રમાં વર્ણવેલ છે.

આ મહામંગળકારી પંચપરમેષ્ઠિરૂપ નવકાર મંત્ર કે જેના ૧૦૮ ગુણો હોઈને તેનો ચમત્કાર-પ્રભાવ-તથા તેના રોગનું ઉદાહરણ પૂર્વક વિસ્તારથી વર્ણન શ્રી જૈન શાસ્ત્રો અને ગ્રંથોમાં આપ્ત પુરુષોએ કહેલ છે કે જેના અભ્યાસ અને આરાધનથી માનવ જન્મ સફળ થાય છે.

જિનેશ્વર ભગવાને કર્મની નિર્જરા માટે-આત્માના મોક્ષમાટે-ધ્યાનતપ, ઉત્કૃષ્ટ ક્રિયા કહેલી છે, અને ધ્યાન પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણોનું થઈ શકે છે, આ ગ્રંથમાં શ્રીપંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણોનું અપૂર્વ વર્ણન આપવામાં આવેલ છે પંચપરમેષ્ઠી શ્રીઅરિહંત સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ મુનિરાજ અને તેના અનુક્રમે બાર આઠ છત્રીશ પચીશ અને સત્તાવીશ ગુણો મળી ૧૦૮ ગુણો થાય છે કે જેનું નવકારવાળી દ્વારા ધ્યાન થઈ શકે છે. આ ૧૦૮ ગુણોનું [illegible] હાલ ચલાવાયેલી [illegible] નવકારવાળીમાં માત્ર નવકાર મંત્રનું એક એક પદ એક સ્મરણ થાય છે, પરંતુ શાસ્ત્રકાર મહારાજનું કથન પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણોનું સ્મરણ નવકારવાળી દ્વારા મોક્ષ મેળવવા માટે કરવાનું ફરમાન છે જેથી ભવ્યજનોના ઉપકાર નિમિત્તે [illegible] પૂજ્ય ગુરુરાજ શ્રી જિનશાસનરત્ન આચાર્ય શ્રી [illegible] વિદ્વાન મુનિરાજ શ્રી રામવિજયજી ઉપાધ્યાયે આ અપૂર્વ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથના કર્તા મહાત્મા રામવિજયજી ઉપાધ્યાય એક વિદ્વાન મુનિશ્રી હતા. એમ આ ગ્રંથ વાચનારને તેઓ માલમ પડશે. કારણકે શ્રીપંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણોના વર્ણનમ અનેક ચમત્કાર કથાઓ, [illegible] દાખલો, શાસ્ત્રોની [illegible] આપીને ઉદ્ધાર માટે અલૌકિક રચના કરી છે આવી

હકીકત આ ગ્રંથની મહત્વતા તથા રચના માટે. આપી હવે તેની અંદરની હકીકતનું ટુંક વિવેચન કરીએ છીએ.

આ ગ્રંથમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મહારાજ એ પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું વર્ણન આપવામાં આવેલ છે.

પ્રથમ અરિહંત ભગવાનના ૧૨ ગુણનું વિવેચન કરતાં પહેલાં વિસ્તારથી અલોકની અંદર રહેલા લોકનું સ્વરૂપ દ્દષ્ટાંત પૂર્વક સરલ રીતે બતાવવામાં આવેલ છે; કારણકે લોકમાં રહેલા એવા અરિહંત ભગવાનના ગુણનું પ્રથમ વર્ણન કરવાનું છે, ત્યારબાદ આઠપ્રાતિહાર્ય અને ચાર મૂલાતિશયો મળી, બાર ગુણો જે પ્રથમ પદ શ્રી અરિહંત ભગવાનના છે તેનું વીવેચન કરેલું છે. આઠ પ્રાતિહાર્યનું સામાન્ય સ્વરૂપ બતાવી ચાર મૂલાતિશય પૈકી પ્રથમ જ્ઞાનાતિશય બતાવી, બીજા પૂજાતિશયના વર્ણનમાં પ્રભુના સમવસરણની રચના કે જે દેવો કરે છે, તે સમવસરણની રચનાનું સ્વરૂપ એટલા વિસ્તારથી કરવામાં આવ્યું છે કે જે ખાસ વાંચવા અને જાણવા જેવું છે. તેટલુંજ નહિ પરંતુ તે વિસ્તાર પૂર્વક વર્ણન વાંચતા શ્રી અરિહંત પરમાત્માની પુણ્યપ્રકૃતિમાટે સાનંદાશ્ચર્ય થવા સાથે, હૃદયમાં અરિહંત પરમાત્મા પ્રત્યે ભક્તિ રસનો જમાવ થાય છે. ત્યારબાદ બાકીના બે વચનાતિશયમાં જે ૩૫ પ્રકારના ગુણો છે તે સ્પષ્ટ બતાવવા સાથે ચોથા અપાયાપગમાતિશયનું વર્ણન આપી શ્રી અરિહંત–પરમાત્માના બાર ગુણોનું સરલ, સુંદર અને હિતકર વર્ણન જણાવી તે વિભાગ પૂર્ણ કરેલ છે.

૨ બીજા ભાગમાં શ્રી સિદ્ધ ભગવંત કોને કહેવા ? તેનો સામાન્ય અર્થ બતાવી આઠકર્મ મલ ત્યાગ થવાથી ઉત્પન્ન થયેલ આઠ ગુણોનું વર્ણન બતાવવામાં આવેલ છે.

જીવનું મુખ્ય લક્ષણ જ્ઞાન–દર્શન–ચારિત્ર વગેરે તે જ્ઞાનાવરણીય વગેરે આઠ કર્મથી અવરાઇ ગયેલ છે, તે મનુષ્ય જન્મ રૂપી શુભ સામગ્રી પામી પોતાના સ્વરૂપને મેળવવા, કેવી કેવી રીતે આશ્રવ રૂંધી, સંવર આદરી તપવડે નિર્જરા કરી ત્રિયોગ રૂંધી, શૈલશી નામના કરણવડે સ્થિર થઇ છેવટે, તેર અથવા બાર કર્મ પ્રકૃતિ ખપાવી મોક્ષે જાય છે, એટલે સિદ્ધસ્વરૂપ કેમ પ્રકટે છે ? તે પ્રથમ બતાવવામાં આવેલ છે. તેવા પરમાત્મારૂપે પરિણામ પામેલા શ્રીસિદ્ધ ભગવંતના આઠ ગુણો ૧ અનંતજ્ઞાન, ૨ અનંતદર્શન, ૩ અવ્યાબાધપણું, ૪ ક્ષાયક સમકિત, ૫ અક્ષયપણું, ૬ અરૂપીપણું, ૭ અગુરૂલઘુપણું, અને ૮ અનંતવીર્ય કે જે અનુક્રમે જ્ઞાનાવરણીય કર્મ ખપવાથી અનંતજ્ઞાન એમ આઠમા અંતરાયકર્મ ખપવાથી અનંત વિર્યગુણ પ્રગટ થાય છે, તે ઉપર બતાવેલા આઠ ગુણનું વર્ણન-દ્દષ્ટાંત સાથે સુબોધક અને આલ્હાદ ઉત્પન્ન કરે તેવુ ગ્રંથ કર્તા મહાશયે બતાવેલ છે.

હવે બીજા ભાગમાં શ્રી આચાર્ય મહારાજના ૩૬ ગુણોનું વર્ણન આપવામાં આવેલ છે. પ્રથમ આચાર્ય મહારાજ કોને કહેવા ? તે સામાન્ય રીતે બતાવેલ છે. પછી આચાર્ય મહારાજના ૩૬ ગુણોનું નામ આપવામાં આવેલ છે, કે જે એક છત્રીસી કહેવાય છે જૈન શાસ્ત્રમાં તો એવી છત્રીસ છત્રીસી એટલે જુદી જુદી રીતે ૧૨૯૬ પ્રકારે ૩૬ ગુણોનું વર્ણન કરવામાં આવેલ છે.

આ સભા તરફથી તે ગુરુગુણ છત્રીસી નામથી મૂળ અને ગુજરાતી ભાષાંતર સાથે છપાવવામાં આવેલ છે. આ ગ્રંથમાં માત્ર (એક છત્રીસી) ૩૬ ગુણોનું વર્ણન આપવામાં આવેલ છે. તેમાં પહેલા ગુણ કે જે આર્યદેશ કહેવાય છે તેમાં ઉત્પન્ન થયેલા આચાર્ય મહારાજ કેવા હોવા જોઈએ ? તેમ બતાવી ને આર્યદેશ સાડી પચીશ છે. તેના નામો, તેનાં મુખ્ય નગરનાં નામો તેમાં કેટલાં કેટલાં ગામો છે તેનું વીસ્તારથી વર્ણન આપવામાં આવેલ છે. કે જેથી જૈન શાસ્ત્રની ભૂગોળ વિદ્યાનું પણ ભાન તે કામ કરે છે અને તે પણ ખાસ જાણવા જેવા છે. તે પછી બીજા ત્રીજા ગુણ કુલ, જાતિનું વર્ણન આપતાં ચોથા ગુણ રૂપનું વિવેચન કરતાં વજ્રસ્વામીની કથા આપી તે ગુણનું કથન પૂર્ણ કરે છે. પાંચમો ગુણ દૃઢ સંહનન છઠ્ઠો ધૃતિયુક્ત, સાતમો આશંસા રહિતપણું, આઠમો અવિકત્થન નવમો માયા રહીતપણું. દશમો સ્થિર પરિપાટી (સૂત્ર અને [illegible]) અગ્યારમો [illegible] પોતાના વાક્યને ગ્રહણ [illegible] બારમો સભાને [illegible] ચૌદમો [illegible] [illegible]

નય નિપુણ અને નયનિપુણ એવા નામના અનુક્રમે છવીશ સત્તાવીશ-અઠ્ઠાવીશ અને ઓગણત્રીશમા ગુણોનું વર્ણન કરવામાં આવતાં આ ગ્રંથકર્તા મહારાજે તે ચારેમાં નિપુણ હોય તે આચાર્ય મહારાજ કહેવાય છે, તેમ જણાવેલ છે.

ઉપર બતાવેલ આહરણ ગુણના ચાર ભેદો અને તેના પ્રતિભેદો માટે, શ્રી સ્થાનાંગ સૂત્રો તથા શ્રી સૂયગડાંગ સૂત્રો વગેરેની સાક્ષી અને અનેક દૃષ્ટાંતો-કથાઓ સાથે વર્ણવેલ છે. જેમાં અભયકુમાર-સુભદ્રા-ચંદનબાળા અને મૃગાવતી, નળદામ વણકર, પ્રદ્યોતરાજા, વગેરે કથાઓ આપી તે ગુણોનું વિસ્તારથી વર્ણન કરવામાં આવેલ છે. સત્તાવીશમા ગુણ હેતુનિપુણના ભેદોનું વર્ણન કરતાં તેના ચોથા ભેદમાં પરોક્ષ અને પ્રત્યક્ષ પ્રમાણનું અને તેના પ્રકારોનું વિવરણ કરવામાં આવેલ છે. અઠ્ઠાવીશમો ગુણ ઉપનય-જે પદાર્થ દૃષ્ટાંતોવડે દઢ કર્યો હોય-તેજ અર્થને કહેવાને ઇચ્છેલા દૃષ્ટાંતિકમાં લઈ જવો-યોજના કરવી તે ઉપનય કહેવાય છે, એમ તેનો સામાન્ય અર્થ બતાવી જૈન શાસ્ત્રમાં જે જંબુસ્વામીના ચરિત્રમાં જે ઉપનય કર્યો છે તે કથા દ્વાર બતાવી, પછી ઓગણત્રીશમો ગુણ નયનિપુણ, તે નય સાત છે તેનાં નામો અને તેનું સંક્ષિપ્ત વિવેચન કરેલ છે. ત્રીશમો ગુણ ગ્રાહણાકુશલ-ભવ્યોને હિતોપદેશ દેવાની શક્તિ તેમાં કુશલતા તેનું વિવેચન કરી તેના ઉપર નંદિષેણની કથા આપવામાં આવેલ છે. ત્યારબાદ સ્વ સમય, પર સમય-સ્વપર સિદ્ધાન્તને જાણનાર એવા એકત્રીશ તથા બત્રીશમા ગુણનું વિવેચન કરવામાં આવતાં તેમાં અન્યમત-ક્રિયાવાદીના ૧૮૦ ભેદ, અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનવાદીના ૬૭ અને વિનયવાદીના ૩૨ મળી કુલ ૩૬૩ મતોનું સ્વરૂપ શ્રી ગ્રંથકાર મહાનુભાવે વિસ્તારથી આપેલ છે. જેમાં અન્ય-અન્યદર્શનનો ઉપરના ચાર ભેદોમાં શી રીતે સમાવેશ થાય છે ! તે બતાવવા સાથે ૧ બૌદ્ધ ૨ નૈયાયિક ૩ વૈશેષિક ૪ ચાર્વાક ૫ જૈમિનીય-મિમાંસક ૬ સાંખ્ય વગેરે દર્શનના પ્રમાણ-પ્રમેય-તત્વપ્રણેતા વગેરેનું વિસ્તારથી વર્ણન આપવામાં આવ્યું છે, જે ષડ્દર્શનના સ્વરૂપ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી અને જીજ્ઞાસુઓ માટે ખાસ ઉપયોગી હોવાથી પઠન કરવાની ખાસ આવશ્યકતા છે.

તેત્રીશમો ગુણ ગંભીરપણું—બીજાઓના હૃદયનો ભાવ જાણી શકે, એટલે કોઇએ પોતાનો દોષ પ્રાયશ્ચિત લેવા પ્રગટ કર્યો હોય તે લોકમા પ્રગટ ન કરે તે, તેમજ દિપ્તિમાન એટલે પરદર્શનીયો પરાભવ ન કરી શકે તેવું તેજસ્વીપણું એ ચોત્રીશમો ગુણ સંક્ષિપ્તમાં બતાવેલ છે, ત્યારબાદ ઉપદ્રવનો નાશ કરનાર-જેમ શ્રી ભદ્રબાહુ સ્વામીએ સંઘના માટે અને શાસનની ઉન્નતિ કરવાના હેતુથી ઉપદ્રવનો નાશ કર્યો હતો; તે પાંત્રીશમા ગુણનું વર્ણન કરતાં શ્રી ભદ્રબાહુ સ્વામીની ઉપદ્રવ નાશ કર્યાની ચમત્કારિક કથા આપવામાં આવતાં, છત્રીશમો ગુણ સૌમ્યનું વીવેચન કરી શ્રીઆચાર્યમહારાજની આઠ પ્રકારની સમૃદ્ધિ, સંપદાનું વર્ણન બતાવો

મરોણ્ણા કરવાની મુનિશ્રીને હોવાથી તે દોષનું વર્ણન કરવામાં આવેલ છે. ત્યાર પછી સતરમો ગુણ યોગસત્ય, અઢારમો ક્ષમા, ઓગણીશમો વિરાગતા, ૨૦-૨૧-૨૨ મન-વચન અને કાયા સમાહરણતા ત્રેવીશમો ચોવીશમો અને પચીશમો જ્ઞાન દર્શન અને ચારિત્ર સંપન્નતા, છવીશમો વેદનાધ્યાસનતા વર્ણન કરી, તેના વર્ણનમાં બાવીશ પરીષહની હકીકત જણાવી, છેવટ ૨૭ મા ગુણ મારણાન્તિક અધ્યાસનતાની હકીકત જણાવી આ સૂત્રોમાં કહેલા ગુણોનું વર્ણન સમાપ્ત કરવામાં આવે છે. તે સિવાય પ્રકરણોને વિષે બીજા પ્રકારે સતાવીશ ગુણો જણાવેલા છે, જેવા કે પંચમહાવ્રતો, રાત્રિ ભોજનત્યાગ, છકાય રક્ષા, પાંચ ઇન્દ્રિયો તથા લોભનો નિગ્રહ, ક્ષમા, ભાવવિશુદ્ધિ, પ્રતિલેખના, સંયમ યોગને વિષે યુક્તિ-અંકુશ, મન વચન કાયાનો સંરોધ, શિતાદીક પીડાને સહન કરવી-પરિષહો જીતવા-મરણાંત ઉપસર્ગને સહન કરવો એ રીતે ૨૭ ગુણોનો જણાવી તે પાળવાવાળા મુનિરાજ જેવા પ્રકારના હોય છે તે આપપાતિક ઉપાંગમાં જે પ્રકારે જણાવેલ છે તેનું વર્ણન ગ્રંથકર્તા શ્રીમાન્ અહિં બતાવે છે; તેમાં લબ્ધિઓનું વર્ણન, કેટલાક પ્રકારના તપોનાં નામ અને તે કરવાનો વિધિ અને સાધુ પડિમાનું વર્ણન બતાવી ભગવંત શ્રમહાવીર સ્વામીના શિષ્યો કેવા ઉત્તમ પ્રકારના મુનિઓ હતા ! તે પણ સાથે બતાવી પંચમ પદ શ્રી મુનીરાજના ૨૭ ગુણનું વર્ણન અત્રે પૂર્ણ કરવામાં આવે છે.

આ ગ્રંથમાં પંચ પરમેષ્ઠિના ગુણોનું વર્ણન કરવામાં આવેલ હોવાથી આ ગ્રંથનું નામ ગુણમાલા રાખવામા આવેલ છે. આ ગુણોનું એક ચિત્તે અધ્યયન અને ધ્યાન કરનાર કોઇ પણ પ્રાણી તેવા તેવા પ્રકારના ઉતમ પદ પ્રાપ્ત કરે છે, નવકાર મંત્ર કે જે ચૌદ પૂર્વનો સાર અને સકલ મંત્ર શિરોમણિ કહેવાય છે, તેનો જપ કરનાર મનુષ્યોએ આ પંચપરમેષ્ઠીના ગુણોનું સ્મરણ ધ્યાન-પ્રાપ્ત કરવા આ ગ્રંથ અવશ્ય ભણવા તથા સાંભળવા યોગ્ય છે, એમ ભારપૂર્વક નિશ્ચયપૂર્વક આ ગ્રંથકર્તા મહારાજે ગ્રંથના છેવટના ભાગમાં જણાવેલ છે.

આ ગ્રંથનું પઠન પાઠન-અભ્યાસ કરવાથી પાપનો નાશ થાય છે અને આ પંચ પરમેષ્ઠી અને તેના જ્ઞાનાદિ ગુણોથી રચેલા શ્રી સિદ્ધચક્ર મહારાજનું સેવન કરવાથી મયણાસુંદરી અને શ્રીપાળરાજા વગેરેની જેમ વાંછિતની સિદ્ધિ થાય છે, જે હકીકત જાણમાં નોંધુક છે. સિવાય આ પંચપરમેષ્ઠી રૂપ નવકાર મંત્રનું સ્મરણ કરવાથી શિવકુમાર વગેરે કેટલાએક ભવ્ય અને મહાનુભાવ પુરૂષો ઘણી સંપત્તિ પામ્યા છે, તેથી તે મહામંત્રના મહાત્મ્ય ઉપર ૧ શિવકુમાર, ૨ આકાશગામિની વિદ્યા સાધનાર ચોર, ૩ શ્રીમતી, ૪ ગોવાળ, ૫ જિનદાસ શેઠ ૬ અને વૃદ્ધિ પામતી ચમત્કારિક આલ્હાદકારક અને સંપૂર્ણ સંક્ષેપમાં કથાઓ આપી આ ઉત્તમ ગ્રંથની ગોઠવણમાં ગ્રંથકાર મહારાજે સમાપ્તિ કરી છે.

આ ગ્રંથમાં પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણોનું વર્ણન કરવામાં આવ્યાં, તે

ગુરૂઓનો પ્રસંગ હોવાથી નવકાર મંત્રનું સ્મરણ કરનાર તેના અધિકારી ઉત્તમ આત્મા કે જે ચોવીશ ગુરૂઓએ કરી બીરાજમાન છે, તે ચોવીશ ગુરૂઓના નામ તથા સામાન્ય અર્થ સાથેનું ગ્રંથના ઉત્તરના ભાગમાં પ્રગટ ચરિત્ર તરીકેનું વર્ણન આપી આ ગ્રંથની અપૂર્વતા, પ્રભાવશાલિતા-ભાવ સૌંદર્યતા, રસમયતા, [illegible] ગ્રંથકાર મહારાજે ભવ્ય પ્રાણીઓ ઉપર અતિઉપકાર કરેલ છે.

છેવટે અંત મંગલરૂપ પોતાના ગુરૂની પટ્ટ પરંપરા (પ્રશસ્તિ) આપી સામાન્ય રીતે જૈન ઇતિહાસ સાહિત્યને પુષ્ટિ આપી છે.

એકંદરે આ ગ્રંથ મનુષ્ય જીવનના માર્ગદર્શક, અને ધ્યાન કરવા માટે બહુ ઉપયોગી છે. નવકાર મંત્રનો જાપ કરનાર મનુષ્યોએ પંચપરમેષ્ઠીના ગુરૂઓનું સ્મરણ થવા માટે આ ગ્રંથ ભણવા સાંભળવા યોગ્ય છે જેથી તેની મહત્તા અને ઉપયોગિતાના સંબંધમાં જેટલું ધારીયે તેટલું કહી શકાય તેમ છે. ગ્રંથની શૈલી બહુજ ઉત્તમ છે. તે સાથે પ્રસંગે પ્રસંગે જાણવા યોગ્ય તત્વજ્ઞાનની અનેક હકીકતો અને કથાઓ આપેલ હોવાથી મનન કરવા યોગ્ય છે. શ્રી ખરતરગચ્છના પ્રધાન આચાર્ય શ્રીજિનલાભસૂરિ કે જેઓની વિદ્વતા અને આત્મજ્ઞાન શક્તિ ચમત્કારિક હતી અને જૈનધર્મના ઘણા ઉત્તમ ગ્રંથો જેમણે રચેલા છે, તેમના શિષ્યો અને પ્રશિષ્યો પણ વિદ્વાન હતા. આ ગચ્છમાં અનેક ધુરંધર પંડિત થઇ ગયા છે કે જેમના તત્વજ્ઞાન અને આત્મજ્ઞાન ગ્રંથો હાલમાં મોજુદ છે. નવકારસાર જેવા ગ્રંથના કર્તા શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ પણ આ ગચ્છના મુનિરાજ હતા. આચાર્ય શ્રી જિનલાભસૂરિ મહારાજની આજ્ઞાથી તેઓશ્રીના પ્રશિષ્ય શ્રીમાન [illegible] મહારાજ કે જેમણે આ ગ્રંથ સં૦ ૧૮૦૭ના અશ્વિન શુદ્ધ (વિજયા) દશમીના રોજ જેસલમેર (મારવાડ) માં [illegible] ઉપર બિરાજમાન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મહારાજના પ્રસાદથી પૂર્ણ કર્યો છે. કોઇ કોઇ ગ્રંથમાં કોઇ હકીકતને અંગે જુદા જુદા આચાર્ય મહારાજ કે વિદ્વાન ગ્રંથકર્તા મહારાજના અભિપ્રાય જુદા જુદા પણ વખત જોવામાં આવે છે, તેમ આ ગ્રંથ શ્રી ખરતરગચ્છીય મહાત્માનો બનાવેલો હોવાથી તેમ તપગચ્છ અને ખરતરગચ્છની માન્યતા અથવા સમાચારીમાં પણ કોઇ સ્થળે ભેદ જોવામાં આવે છે તેમ આ ગ્રંથમાં કોઇ કોઇ હકીકતને અંગે પણ ભિન્ન ભિન્ન હકીકત જણાય છે. ([illegible]) આ [illegible] પાનાની [illegible] સમવસરણની રચનાની હકીકતમાં આ ગ્રંથકાર મહારાજે લખેલું છે કે, "[illegible] (આ-[illegible]) [illegible]" [illegible] આચાર્ય મહારાજે [illegible] સમવસરણની [illegible] લખેલું છે [illegible] હોવા

ઉલ્લેખ છે. તે સાથે આ ગ્રંથકર્તા મહારાજે તેમાંજ જણાવ્યું છે કે " વૈ પુ
વિકુર્વેલા જલજ–સ્થલજરૂપી બને પ્રકારના હોય છે તેને બદલે તે સંબ
એવો ઉલ્લેખ છે કે વિકુર્વેલા નહિ એવા જલજ–સ્થલજ બને પ્રકારના
છે. તેમજ પાના ૯૭ માં નંદિષેણુની કથામાં કહ્યું છે કે "નંદિષેણુને ભોગા
બાકી રહેલ હોવાથી ચારિત્ર છોડી વેશ્યાને ત્યાં રહ્યા. અને હમેશાં દશ પુરૂ
ધર્મ પમાડવાનો નિયમ લીધો અને ઓછા રહે તો પોતે દિક્ષા લેવી. એક દિ
નવને પ્રતિબોધ પમાડ્યા દશમો કોઇ મળ્યો નહિ." આમ આ ગ્રંથકર્તાએ
જણાવ્યું છે, પરંતુ દશમો મળ્યો પણ પ્રતિબોધ પામ્યો નહિ આવો અ
ઉલ્લેખ છે. આવી રીતે આ ગ્રંથમાં કોઈ કોઇ સ્થળે માન્યતા ફેર ભિન્ન ભિ
હકીકતો હોઇ વાચકબંધુ જે જે ગચ્છની માન્યતાવાળા જે જે હોય, તેમણે તે
ગચ્છના મહાન પુરૂષોના કથન પ્રમાણે તે સમજી લેવા અમારી નમ્ર સુચના

આ ગ્રંથનું ભાષાંતર કરાવ્યા પછી પરમ કૃપાળું મુનિરાજ શ્રી કર્પૂ
વિજયજી મહારાજને તપાસી જવા તેની પ્રેસકોપી મોકલી હતી, તે તેઓ
શ્રીએ તપાસી આપેલ છે, જે માટે તેઓશ્રીનો આભાર માનીએ છીએ.

આ ગ્રંથ છપાયા બાદ તેના છુટા ફારમો વડીલ બંધુ કુંવરજીભાઇ
વાંચવા માગ્યા હતા તેમણે પણ મનન પૂર્વક વાંચ્યા હતા. મુનિરાજ શ્રી
કર્પૂરવિજયજી મહારાજ અને બંધુ કુંવરજીભાઇ અને અમોએ આ આખો
ગ્રંથ મનન પૂર્વક વાંચેલો છે છતાં કોઈ સ્થળે આ ગ્રંથ કર્તા મહારાજનો
આશય બરાબર સમજી શકાયો નથી, જેથી વાંચક વર્ગને પણ જો તે
લાગે તો તે ગુરૂગમથી જાણી લેવા વિનંતિ છે.

આ ગ્રંથ પ્રગટ કરવામાં શેઠ દુલભજી દેવજી શ્રી કરચલીઆ [સુરત
વાળા બંધુએ એક રકમ સહાય તરીકે ભેટ આપી, જ્ઞાનોદ્ધારનું તેમજ આ સભ
મારફત શ્રી સિદ્ધાચળજી ઉપર પ્રાતઃસ્મરણીય **શ્રી વિજયાનંદસૂરીશ્વરજ**
[આત્મારામજી મહારાજ] ની દેહરીને સુશોભિત બનાવવાને પણ એક સારી રકમ
આપી ગુરૂભક્તિનું કાર્ય કરેલ છે જે માટે તેઓનો ઉપકાર માનવામાં આવે છે.


સદરહુ ગ્રંથની શુદ્ધિના માટે યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવ્યો છે, છતાં
છદ્મસ્થ પણામાં સુલભ એવા પ્રમાદ તથા દૃષ્ટિ દોષાદિક કે પ્રેસદોષના કારણે
કોઇ સ્થળે સ્ખલના થઇ હોય તો મિથ્યા દુષ્કૃત પૂર્વક ક્ષમા યાચીએ છીએ અને
તે સંબંધમાં વાંચક વર્ગ મહાશય આ ગ્રંથ મનન પૂર્વક વાંચી કાંઈ સુધારો
જણાવશે તો પ્રગટ કરવા અમો ઇંતેજાર છીએ. કેટલાક અનિવાર્ય કારણોને
લઇને આ ગ્રંથ પ્રગટ થતાં ઘણોજ વિલંબ થયો છે જેથી ક્ષમા માંગીએ છીએ.

વીર સંવત ૨૪૪૯ આત્મ સંવત ૨૭ }
વિ૦ સંવત ૧૯૭૯ વૈશાખ શુક્લ પૂર્ણિમા }

પ્રકાશક.

વિષયાનુક્રમણિકા.





આભાર.

પ્રાતઃસ્મરણીય ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજના પ્રશિષ્ય વિદ્વદ્વર્ય શ્રીમાન્ મુનિરાજ વલ્લભવિજયજી મહારાજ. કે જેઓ જમાનાને અનુસરી જ્ઞાનોદ્ધાર અને કેળવણી જેવા મહત્ વિષયોને હાથમાં લઇ, સ્થળે સ્થળે જૈન કોમને ઉપદેશ આપી, ગુજરાત, પંજાબ, મુંબઈ, વગેરે દેશોમાં તેવી સંસ્થાઓનો જન્મ આપવા તેમજ વિવિધ ઉપયોગી ગ્રંથો, આગમોનું સંશોધન કરી જૈન સંસ્થાઓદ્વારા જૈન સમાજના ઉપકાર માટે પ્રકટ કરવાના અનેક પ્રયત્ન કરી રહ્યા છે. આ સભા ઉપર તેઓશ્રીનો અપૂર્વ પ્રેમ હોવાથી, ગુરૂભક્તિ નિમિત્તે તે દ્વારા શ્રીઉત્તરાધ્યયન સૂત્ર અને કલ્પસૂત્ર–સુબોધિકા જેવા આગમો, તેમજ પ્રભુભક્તિ નિમિત્તે અનેક પૂજાઓ જમાનાને અનુસરતા ખેંચાણકારક નવીન રાગ રાગિણીથી બનાવી ઉપદેશદ્વારા પ્રકટ કરાવી જૈન સાહિત્યની અભિવૃદ્ધિ કરી રહ્યા છે જે માટે જૈનકોમ આભારી છે. તેમ મુજબ આ શ્રી પંચપરમેષ્ઠિ ગુણરત્નમાળા ગ્રંથ [illegible] પઠન પાઠન અને ધ્યાનાભિલાષીઓને ઉપયોગી હોઇ, નામ [illegible] [illegible]


પ્રસિદ્ધકર્તા.



શુદ્ધિપત્રક.

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩૧	૭	જિનપરિષદ.	જિતપરિષદ.
૫૪	૧૨	પૂર્વક કરવો	પૂર્વક અભ્યાસ કરવો
૫૫	૨૨	સૌમ્યાતા રૂપ	સામ્યતારૂપ.
૫૯	૧	ક્ષેત્રપાય-	ક્ષેત્રપાય.
૫૯	૨૪	ઉપ્રજ	ઉપજ.
,,	૨૯	ઉભો	ઉભા.
૭૦	૩	અંતઃકરણમાંજ	અંતઃપુરમાંજ.
૭૭	૬	ઉપકાર	અપકાર.
૮૩	૨	આ	•
૮૪	૧	તેથી	તે.
,,	૧	લોકોનો	લોકનો.
૮૫	૧૬	આલુક	આ લુપક.
૮૬	૧	પ્રમાણ	•
૮૭	૪	બાર	ચાર
૮૯	૬	જવાડયો	સાવધ કર્યો.
૧૦૧	૫	આશ્રીવને	આશ્રીને.
૧૦૭	૨૬	દીક્ષા	દીશા.
૧૦૯	૩	સમયવાય	સમવાય.
૧૧૪	૨૮	ભાવ ન જાણી શકે	ભાવ જાણી શકે.
૧૧૫	૯	જૂ પડતી હોય	જૂ ન પડતી હોય.
૧૩૭	૨૦	सुव्रतिभिर्घ्रियन्ते.	सुव्रतिभिर्धियन्ते.
૧૪૧	૧૯	ગુણો છે..	ગુણો પ્રાપ્ત થાય છે.
૧૪૨	૨૮	વિચારીને બોલવુ.	વિચારીને જિનધર્મયુક્ત બોલવું
૧૫૩	૨૪-૨૫	લાગ્યો	લાગ્યા
૧૫૩	૨૬-૨૮	થયો-ગયો.	થયા. ગયા.
૧૬૪	૨૨	ક્રિડા	ક્રિયા.
૧૬૫	૭	શકપાદિક	શાકપાદિક
૧૬૬	૧૩	બે માસની	બે માસની રૂતુ
,,	,,	ઋતુ	•
૧૭૫	૨૦	मूवर्त्तं	स्ववर्त्तं
૧૭૬	૧૭	અગુણુના	અવગુણના.

પાને ૧૫૦ની ફુટનોટમાં જણાવેલ છે કે, " લોભને જ્યાં સૂક્ષ્મ કીટીરૂપ કરી નાંખવામાં આવે તે ગુણસ્થાનક દશમે થઇ શકે છે, પછી અગ્યારમે ગુણસ્થાનકે ઉપશાન્ત મોહ અને બારમે ક્ષીણ મોક્ષ થતાં તેરમે સયોગીકેવલી અવસ્થા થાય છે. " તે માટે વધારે સ્પષ્ટ થતાં જણાય છે કે અગ્યારમાવાળો બારમે જતો નથી તે તો પાછો પડે છે.



॥ न्यायांभोनिधि श्रीमद् विजयानंदसूरि पादपद्मेभ्यो नमः ॥

श्री गुणमाला प्रकरण.

यानि

श्री पंचपरमेष्टीना १०८ गुणनुं अपूर्व वर्णन.



છી પને વિષે રહેલા પવિત્ર અને મનોહર મુક્તાફ
ળની જેમ અલોકને વિષે રહેલા સમગ્ર વસ્તુથી
પૂર્ણ એવા લોકને પ્રત્યક્ષ કરીને જેણે (મહા
વીર સ્વામીએ) સમકિત દ્રષ્ટિ પ્રાણીઓને દેખાડયો છે.
તથા જેણે ભવ્ય રૂપી પાન્થ જનોની શ્રેણીને વાણી
ઉપદેશ માત્રથીજ મોક્ષપદ પ્રત્યે પહોંચાડી છે. તે
જગતના સ્વામી શ્રી સિદ્ધાર્થ રાજાના પુત્ર મહાવીર સ્વામી
મારા મનને પવિત્ર કરો. ૧

દીપની અંદર રહેલા મોતીની જેમ અલોકની અંદર રહેલા લોકને પ્રગટ કરીને જેણે દેખાડયો છે. વળી તે (સિદ્ધાર્થપુત્ર) કેવા છે? જેણે વાણી માત્રથી પણ કેવળ વચનવડે કરીનેજ પરંતુ હાથે ગ્રહણ કરીને નહીં. "ભવ્યાધ્વનીનાવલિ:" એટલે ભવ્ય જનરૂપ પાંથની શ્રેણીને "અમૃતપદં નિન્યે" એટલે મુક્તિપદ પ્રત્યે પમાડી છે. આ રીતે પહેલા શ્લોકનો લેશ અર્થ કહ્યો.

અહીં વિસ્તારથી અલોકમાં રહેલા લોકનું સ્વરૂપ દેખાડે છે. લોકમાં છ દ્રવ્યો કહેલાં છે. તે લોક સ્વરૂપ આ પ્રમાણે—વિસ્તાર કરેલા મોટા પટગૃહના[1] મધ્ય ભાગમાં જેમ એક નાનું થીગડું દીધેલું હોય તેમ ચોતરફ વીંટીને રહેલા મોટા અલોકના મધ્ય ભાગમાં તે અલોકની અપેક્ષાએ ઘણોજ નાનો લોક રહેલો છે. તે લોકનું સંસ્થાન આ પ્રમાણે છે—જેમકે એક મોટી કુંડી અધોમુખે (ઉંધી) સ્થાપન કરવી, તેના ઉપર બે નાનાં કુંડાને પરસ્પર સંપુટ કરીને સ્થાપન કરવાં. તેનું જેવું સંસ્થાન થાય તે સંસ્થાનવાળો આ લોક રહેલો છે. અથવા દહિં મથન કરનારી ઉભી રહેલી સ્ત્રીનો જેવો આકાર હોય તેવા આકારે આ લોક રહેલો છે. તેમાં દહિંના મથન વખતે સ્ત્રીના કટિ ભાગની નીચે બન્ને પગની પહોળાઈ સુધી તરતમતાએ કરીને વિસ્તાર હોય છે એટલે કે કટિ ભાગની નીચે અનુક્રમે વધતો વધતો વિસ્તાર હોય છે. પછી બન્ને હસ્તતળનો સંકોચ કરીને કટિ ભાગ ઉપર રાખવાથી કટિની ઉપરથી આરંભીને બન્ને કોણીના ભાગ આવે ત્યાંસુધી અનુક્રમે વધતો વધતો વિસ્તાર હોય છે, અને તે કોણીના પ્રદેશથી ખભાના ભાગસુધી તે વિસ્તાર અનુક્રમે હાનિ પામતો જાય છે અને તેની ઉપર મસ્તકના ભાગસુધી કટિ જેટલોજ વિસ્તાર હોય છે. આ રીતે લોકનો આકાર છે. અહીં નાભિને સ્થાને મનુષ્ય લોક જેમાં રહેલો છે એવો તિર્યગ્ લોક છે. તેનો આયામ[2] વિષ્કંભ એક રાજ પ્રમાણ છે, અને દીર્ઘતા-જાડાઈમાં[3] અઢારસો યોજન છે. તેની નીચે અનુક્રમે વિસ્તાર પામતો અધોલોક સાતમી તમસ્તમા પૃથ્વીસુધી છે. તે તમસ્તમા નીચે અસંખ્યાતા યોજન પ્રમાણ

૧ વસ્ત્રનું ઘર તંબુ. ૨ લાંબો પહોળો. ૩ ઉંચાઈ અથવા નીચાઈમાં ઘટને.

આકાશ ભાગસુધી લાંબી (જાડી) છે, તે આકાશ ખંડનો આયામ વિષ્કંભ સાત રાજ પ્રમાણ છે. એજ પ્રમાણે ઉપરની સર્વ પૃથ્વીઓ એક એક રાજની હાનિએ કરીને નાની છે (એટલે કે છઠ્ઠી પૃથ્વીનો આયામ વિષ્કંભ છ રાજ, પાંચમીનો પાંચ રાજ, ચોથીનો ચાર રાજ, ત્રીજીનો ત્રણ, બીજીનો બે અને પહેલી પૃથ્વીનો આયામ વિષ્કંભ એક રાજનો છે.) હવે તિરછા લોકની ઉપર અનુક્રમે એક એક રાજ વૃદ્ધિ પામતો લોક પાંચમે દેવલોકે પાંચ રાજ પ્રમાણ આયામ વિષ્કંભવાળો છે ત્યારપછી ઉપર ઉપર અનુક્રમે હાનિ પામતો પામતો ઉપરના (નવમા) ગ્રૈવેયકને છેડે એક રાજ પ્રમાણ છે. તે લોકના અંતસુધી તેટલાજ (એક રાજ) પ્રમાણવાળો છે. વળી આ લોક અધોલોકના નીચેના છેડાથી આરંભીને છેક ઉપર લોકના અંતસુધી ચૌદ રાજ ઉંચો છે. તથા આ લોકના મધ્ય ભાગમાં આયામ વિષ્કંભે કરીને એક રાજ પ્રમાણ અને દીર્ઘતાએ કરીને ચૌદ રાજ ઉંચી ત્રસ નાડી છે. તેમાં ત્રસ જીવો હોય છે. અને તેની બહાર માત્ર સ્થાવર જીવોજ હોય છે. ૧.

સૂત્રાર્થ—જેઓ આઠ પ્રાતિહાર્યને ધારણ કરે છે તથા જેઓ નિરંતર ચાર મુખ્ય અતિશયો વડે શોભી રહ્યા છે, તે ભૂતકાળના, ભવિષ્યકાળના તથા વર્તમાનકાળના જિનેશ્વરોને નમસ્કાર હો.

અશોક વૃક્ષ હોય છે. તેની નીચે જિનેશ્વરો રહે છે–બેસે છે. તેમાં પાસે રહેલા યક્ષો કોઈ પણ વૃક્ષને અશોક વૃક્ષરૂપે પરિણમાવે (વિકુર્વે) છે. તે વૃક્ષ વાયુથી ફરકતી ઘણી ધ્વજાઓ અને ઘુઘરીઓથી શોભિત હોય છે. એ પહેલો પ્રાતિહાર્ય ૧. તથા દેવોએ મૂકેલી પુષ્પ વૃષ્ટિ—તેમાં ચારે દિશામાં માર્ગને મુકીને (ચાલવાનો રસ્તો ખાલી મૂકી–રાખીને) એક યોજન પ્રમાણ ક્ષેત્રમાં અધો મુખવાળા પાંચવર્ણના જાનુ પ્રમાણ પુષ્પોની વૃષ્ટિ કરે છે. તે પુષ્પો વિકુર્વેલા જળજ તથા સ્થળજ રૂપી બન્ને પ્રકારનાં હોય છે. કેટલાએક આચાર્યો કહે છે કે–તે પુષ્પો સચિત્ત હોવા છતાં ભગવાનના અતિશયને લીધે તેમના જીવોને બાધા–પીડા થતી નથી. એ બીજો પ્રાતિહાર્ય ૨. દિવ્યધ્વનિ–ભગવાન ધર્મોપદેશ આપે છે તે વખતે માલવકૌશિક (માલકોશ) નામના રાગને અનુસરતા ભગવાનના ધ્વનિની સાથે મળેલો બીજો પણ [1]તત, [2]ઘન, [3]શુષિર અને [4]આનદ્ધ એ ચારે વાજિંત્રનો ધ્વનિ એક રૂપ થઇને શ્રોત્રને સુખ કરનારો પ્રસરે છે. એ ત્રીજો પ્રતિહાર્ય ૩. કોઇની પ્રેરણા વિનાજ ભગવાનને ચામરો વિંઝાય છે. એ ચોથો પ્રાતિહાર્ય ૪. ભગવાનને બેસવા માટે મોટી કાંતિવાળા રત્નોથી જડિત સુવર્ણનું સિંહાસન હોય છે, અને તે વિહાર વખતે આકાશમાં ચાલે છે. એ પાંચમો પ્રાતિહાર્ય ૫. ભગવાનનું તેજ સહન કરી શકાય તેવુ નથી, તેથી અનિમેષ દષ્ટિએ (એકી નજરે) ભગવાનનું દર્શન કરવું અશક્ય છે, એમ વિચારીને વ્યંતર દેવો ભગવાનના તેજને સંવરીને (એકત્ર કરીને) શ્રી ભગવાનના પૃષ્ઠ ઉપર મુખની પાછળ ભામંડળ કરે છે, તે ભામંડળ પણ સૂર્યમંડળની જેમ જાજ્વલ્યમાન (દેદીપ્યમાન) હોવાથી ભગવાનનું દર્શન સુલભ થાય છે. એ છઠ્ઠો પ્રાતિહાર્ય ૬. ભગવાનના વિહાર સમયે તથા સ્થિતિને સમયે આકાશમાં રાત્રિ–દિવસ અદૃશ્ય રીતે દેવ દુંદુભિનો નાદ થાય છે. એ સાતમો પ્રાતિહાર્ય ૭. ભગવાનની ઉપર આકાશમાંજ મુક્તાફળના સમૂહથી અલંકૃત શ્વેત–ઉજ્વળ, અર્જુન જાતિય સુવર્ણની સળીયોથી બનાવેલાં (ગુંથેલા–રચેલા) શ્વેત દિવ્ય વસ્ત્રથી વીંટેલાં અને વિકસ્વર

૧ વીણાદિક. ૨ તાલ વિગેરે. ૩ શંખ, વાંસળી વિગેરે. ૪ મૃદંગ વિગેરે.

કેટ પુરુષોની મસ્તકોથી આચ્છાદન (આવૃત) કરેલા ત્રણ
છત્રો હોય છે. એ આઠમો પ્રાતિહાર્ય ૮. એ રીતે આઠ પ્રાતિ
હાર્યો હોય છે.

હવે જિનેશ્વરો ચાર મૂળ અતિશયો સહિત હોય છે, તે દેખાડે
છે—જ્ઞાનાતિશય ૧, પૂજાતિશય ૨, વચનાતિશય ૩, અને અપાયા
પગમ અતિશય ૪ આ ચારે મૂળ અતિશય કહેવાય છે. તેમાં જિને
શ્વરોને માતાના ગર્ભમાં તેમજ છદ્મસ્થાવસ્થામાં પણ નિયમથી ત્રણ
જ્ઞાન હોય છે, ત્યારપછી દીક્ષા સમયે મનઃપર્યવ જ્ઞાન પણ નિયમ
થી ઉત્પન્ન થાય છે. ત્યાર પછી તીર્થંકર પદની પ્રાપ્તિ વખતે અવ
શ્ય કેવળ જ્ઞાન ઉત્પન્ન થાય છે તેમ: જેમ સૂર્યોદયે સૂર્યની પ્રભામાં
સર્વ જ્યોતિષ (ચંદ્ર, ગ્રહ વિગેરે) ની પ્રભા લીન થાય છે તેમ
કેવળજ્ઞાનમાં પૂર્વે કહેલા ચારે જ્ઞાનો લીન થાય છે કેવળ જ્ઞાન
પરમાત્માનું સ્વસ્વરૂપ છે [illegible] અને તે [illegible] નથી [illegible]
[illegible] પોતે. જ્ઞાનાતિશય [illegible] ૧ [illegible]
[illegible] હોય છે. અહીં તેનું વિવરણ
[illegible]

સમવસરણની રચના કરી શકે છે. તેમાં સાધારણ પૂજામાં વાયુ કુમાર જાતિના ભુવનપતિ દેવો એક યોજન પ્રમાણ સમવસરણના ક્ષેત્રને સંવર્તક નામના વાયુ વડે સાફ કરે છે, ત્યાર પછી સ્તનિત કુમાર એટલે મેઘકુમાર નામના ભુવનપતિ દેવો સુગંધિક ગંધોદકની વૃષ્ટિ વડે ધૂળ સમાવવા માટે પૃથ્વીને આર્દ્ર કરે છે, ત્યારપછી વ્યંતર દેવો પુષ્પવૃષ્ટિ કરે છે, તે ઉપર વ્યંતર દેવો વનસ્પતિ કાયને બાધા ન થાય તેવી રીતે રત્નશિલા વડે પૃથ્વીપીઠ બાંધે છે, તેના પર ભુવનપતિ દેવો રૂપાનો વપ્ર–કોટ (ગઢ) રચે છે, તે વપ્રની ચારે દિશાએ તોરણ સહિત ચાર દરવાજા રચે છે, તેમાં દરેક દરવાજે અષ્ટમંગળ અને ઉપર છત્ર, ચામર, પતાકા અને ધૂપ ઘડી રચે છે, તે સર્વ રત્નમય હોય છે, તે વપ્રની ઉપર સુવર્ણના કાંગરા હોય છે. તે વપ્રની અંદર બીજો સુવર્ણમય વપ્ર જ્યોતિષ્ક દેવતાઓ રચે છે, તેને રત્નમય કાંગરા હોય છે તથા ચારે દરવાજા પ્રથમની જેમ જાણવા. તે બીજા વપ્રની અંદર ત્રીજો રત્નમય વપ્ર વૈમાનિક દેવો રચે છે, તેના કાંગરા સૂર્યકાંત અને ચંદ્રકાંત વિગેરે મણિના કરેલા હોય છે, તથા ચાર દરવાજાનું વર્ણન પ્રથમની જેમજ જાણવુ. ત્યારપછી અંદરના વપ્રની મધ્યે વ્યંતર દેવો વિચિત્ર રત્નજડિત પીઠ રચે છે. તેની ઉપર કાંઈક ઉંચુ બીજુ સ્થંડક રચે છે, તે સ્થંડકની ઉપર અશોકવૃક્ષ એટલે ચૈત્ય વૃક્ષને વ્યંતર દેવો રચે છે આ અશોક વૃક્ષનુ વર્ણન અષ્ટ પ્રાતિહાર્યની અંદર કહેલા અશોક વૃક્ષની જેવુ જાણવું. તેની નીચે વ્યંતર દેવો સુવર્ણનું સિંહાસન, ત્રણ છત્ર, ચામર વિગેરે ઋદ્ધિ સહિત દેવચ્છંદક (દેવચ્છંદો) કરે છે. હવે ભગવાન વિહાર કરતા વ્યંતરે રચેલા (નવ સુવર્ણ કમળ પૈકી) બે સુવર્ણ કમળ ઉપર બન્ને ચરણો સ્થાપન કરે છે અને પાછળ રહેલા બે કમળોને તે વ્યંતરો આગળ મૂકે છે.* આ ક્રમે પાછળના કમળોને આગળ મૂકતા દેવો વિચરે છે, તેમાં ભગવાન શુભવિહાયોગતિ વડે વિહાર કરતા રત્નપીઠની ઉપર પૂર્વદ્વારે પ્રવેશ કરી ચૈત્ય વૃક્ષને પ્રદક્ષિણા કરી "**नमस्तीर्थाय**" એમ બોલી પૂર્વ તરફના સિંહાસન ઉપર

* પછી દેવો નવ કમળ સરખી ચાલે આવે છે

હિત હોય છે, માટે તે નામનો સંસ્કાર એ પહેલો ગુણ ૧, જે વખતે જે ભાષાનો અવસર હોય તે વખતે તે ભાષાના લક્ષણ સહિતપણું હોય તે તે નામનો સંસ્કારરૂપ ગુણ ૧. ઉદાત્ત સ્વરે એટલે ઉંચે સ્વરે ભગવાનની વાણી હોય છે, અન્યથા એક યોજનના વિસ્તારવાળા સમવસરણમાં સર્વ પ્રાણીઓ સરખી રીતે સાંભળી શકે નહીં, તેથી આ ઉદાત્ત નામનો બીજો ગુણ ૨, ઉપચારોપેતત્વ-અગ્રામ્યપણું (ગામડીયા ભાષા નહીં તે) ગામડીયા લોકોની વાણી તુચ્છ હોય છે, તેથી તેનાથી વિપરીતપણે વાણીની કુશળતા ૩, જળથી ભરેલા મેઘના ગર્જારવની જેવું વાણીનું ગંભીરપણું ૪, અનુનાદિતા-પ્રતિશબ્દ એટલે પડછંદા સહિતપણું ૫, દક્ષિણત્વ-વાક્યને વિષે સરળપણું ૬, ઉપનીતરાગત્વ-શ્રોતાજનને પોતપોતાના વિષયમાં બહુમાન ઉત્પન્ન કરવાપણું એટલે કે સર્વે શ્રોતાઓ પોતપોતાના મનમા એવું ધારે કે આ ભગવાન મને ઉદ્દેશીનેજ ઉપદેશ આપે છે ૭, આ સાત અતિશયો શબ્દની અપેક્ષાએ કરીને જાણવા. હવે અર્થને આશ્રીને કહે છે મહાર્થપણું-પુષ્ટ અર્થનું કહેવું ૮, અવ્યાહતપૂર્વાપરપણું-પૂર્વાપર વાક્યનો વિરોધ ન આવે તે ૯, શિષ્ટત્વ-સર્વ શ્રોતાઓને વક્તાનુ શિષ્ટપણુ સમજાય તે એટલે કે શિષ્ટજન વિના બીજાનુ આવું વાક્ય હોઈ શકે નહી એમ જણાય તે ૧૦, સ્ફુટ અર્થ કહેવાથી કોઇને પણ સંદેહ રહે નહીં તેથી અસંદિગ્ધત્વ નામનો ગુણ ૧૧, આ ભગવાનની વાણીમા અર્થની વ્યાખ્યામાં કોઇ પણ દૂષણ દઇ શકે નહીં તેથી અપાકૃતાન્યોત્તરત્વ નામનો ગુણ ૧૨, દુર્બોધ અર્થ છતા પણ બીજાના હૃદયમા તે અર્થ ઠસી જાય તેથી હૃદયગ્રાહિત્વ નામનો ગુણ ૧૩, ભગવાનનું વચન દેશ તથા કાળને અનુસરતું હોવાથી પ્રસ્તાવોચિતપણું ૧૪, તત્વાનુરૂપત્વ-કહેવાને ઇચ્છેલી વસ્તુનું (નવતત્વોનું) સ્વરૂપ યથાર્થ રીતે કહેવુ તે ૧૫, અપ્રકીર્ણપ્રસૃતત્વ-સંબંધના અધિકારનું પરિમિતપણું (એટલે કે જે સંબંધ ચાલતો હોય તેની સિદ્ધિ પૂરતું જ કહેવું તે) ૧૬, અન્યોન્ય પરિગૃહીતત્વ-પદો (શબ્દો) તથા વાક્યોનું પરસ્પર અપેક્ષા સહિતપણું ૧૭, અભિજાતત્વ-જે રીતે તત્વ કહેવાને ઇષ્ટ હોય

તેજ રીતે કહેવું તે ૧૮. અતિસ્નિગ્ધમધુરત્વ—ઘી, ગોળ વિગેરેની જેમ અત્યંત મિષ્ટ એટલે મીઠાશ ઉપજે તેવું બોલવું તે ૧૯, અપરમર્મવેધિત્વ—પરના રહસ્ય (ગુપ્ત વાત) વિગેરેને પ્રગટ ન કરવું તે ૨૦, અર્થધર્માભ્યાસાનુપેતત્વ—વસ્તુના અર્થ તથા ધર્મ સહિત બોલવું તે ૨૧, ઉદારત્વ—અર્થનો ચમત્કાર ઉઠે એવા પદો (શબ્દો) મેળવીને બોલવું તે ૨૨, અસ્વશ્લાઘાન્યનિંદતા—પરની નિંદા તથા પોતાની પ્રશંસા રહિત બોલવું તે ૨૩, ઉપગતશ્લાઘત્વ—કહેલા ગુણોના યોગથી પ્રશંસા કરવા લાયક ૨૪. અપનીતત્વ—કારક (વિભક્તિ) કાળ, વચન તથા લિંગ (જાતિ) વિગેરેની વિપરીતતા રૂપ વચનના દોષોથી રહિતપણું ૨૫, ચિત્રકૃત્વ—શ્રોતાઓને પોતપોતાના વિષયનો જવાબ મળવાથી આશ્ચર્ય ઉત્પન્ન કરનારૂં ૨૬, અદ્ભુતત્વ—ધીરજ વગર ન બોલવું તે ૨૭. અનતિવિલંબિત્વ—અત્યંત વિલંબથી એટલે એક વચન બોલ્યા પછી બીજું વચન બોલતાં ઘણી વાર લાગે એવી રીતે ન બોલવું તે ૨૮ [illegible] —મનની ભ્રાંતિ તથા વાક્ય [illegible] જાતિ વૈચિ[illegible]

કેવળી અવસ્થાએ વિચરે છે, પછી જ્યારે એક અંતર્મુહૂર્તનું આયુષ્ય શેષ રહે છે, ત્યારે જો આયુષ્યની સ્થિતિ અલ્પ હોય અને વેદનીય કર્મ, નામકર્મ અને ગોત્રકર્મ એ ત્રણ કર્મોની સ્થિતિ અધિક હોય તો કેવળીસમુદ્ઘાત કરીને આઠ સમયમાં આ ચારે કર્મોની સમસ્થિતિ કરે છે, અન્યથા સમુદ્ઘાત કરતા નથી, ત્યારપછી મનયોગ, વચનયોગ અને કાયયોગને રૂંધે છે, તેમાં પ્રથમ મનયોગ, ત્યારપછી વચનયોગ અને ત્યારપછી કાયયોગને રૂંધે છે, અને તે સમયે શૈલેશી નામના કરણવડે સ્થિર થઈને આયુષ્ય સહિત ચારે કર્મોની બાકી રહેલી તેર અથવા બાર પ્રકૃતિઓનો છેલ્લે સમયે ક્ષય કરે છે, અને તેજ સમયે આત્મસ્વરૂપની સ્થિતિવાળા થાય છે, તે વખતે તેની અવગાહના પોતાના શરીરના ત્રીજા ભાગે ઓછી એટલે ⅔ ભાગે હોય છે, અને તેમાં પરમાત્મ રૂપે પરિણામ પામેલા આ આઠ ગુણો પ્રગટ થાય છે, તે આ પ્રમાણે—અનંત જ્ઞાન ૧, અનંત દર્શન ૨, અવ્યાબાધપણું ૩; (ક્ષાયક) સમકિત ૪, અવ્યયપણું ૫, અરૂપીપણું ૬, અગુરૂ લઘુપણું ૭ અને અનંતવીર્ય ૮. તેમા જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંતજ્ઞાન ગુણ પ્રાપ્ત થાય છે ૧, દર્શનાવરણીય કર્મના ક્ષયને લીધે અનંતદર્શન ગુણ પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે પદાર્થને જે ગ્રહણ કરવો—જાણવો તે દર્શન કહેવાય છે, તેમા વિશેષ ગ્રહણની અપેક્ષા હોતી નથી, જો કે જ્ઞાન અને દર્શન અભિન્ન છે, તોપણ દર્શનને સામાન્ય ધર્મના ગ્રહણની અપેક્ષા છે અને જ્ઞાનને વિશેષ ધર્મના ગ્રહણની અપેક્ષા છે, આ અપેક્ષાને લઈનેજ તેમની ભિન્નતા કહેવાય છે, જેમકે પ્રથમ સામાન્ય રીતે ઘટત્વ (ઘટની જાતિ) ગ્રહણ કર્યા પછી ઘટરૂપ વિશેષ પદાર્થનું ગ્રહણ થઈ શકે છે. તેમા કેવળી રહિત સર્વ છદ્મસ્થોને પ્રથમ દર્શન અને પછી જ્ઞાન હોય છે, પણ કેવળીને તો પ્રથમ જ્ઞાન અને પછી દર્શન હોય છે, જેમકે પ્રથમ ઘઉં, ચોખા વિગેરે વિશેષ વસ્તુનું ગ્રહણ થાય છે અને પછી આ સર્વ ધાન્ય છે, એમ સામાન્ય ઉપયોગ થાય છે તેથા કરીને જ 'सव्वन्नूणं सव्वदरिसीणं' 'સર્વ જ્ઞાનવાળા અને સર્વ દર્શનવાળા પ્રત્યે' એવો પાઠ સંગત થાય છે એટલે કે પ્રથમ સર્વજ્ઞ કહ્યા, અને પછી

સર્વદર્શી કહ્યા. આ વિષય ઉપર ઘણી ચર્ચા છે, તે અન્ય ગ્રંથથી જાણી લેવી. ૨, વેદનીય કર્મનો ક્ષય થવાથી અવ્યાબાધ ગુણ પ્રાપ્ત થાય છે. આ ગુણને લીધે એકજ અવગાહનાવાળા અનંત સિદ્ધોને પરસ્પર બાધા-પીડા થતી નથી. જેમ એક નિગોદમાં રહેલા એક અવગાહનાવાળા અનંત જીવોને પરસ્પર અત્યંત બાધા સંભવે છે, તેમ અહીં ભ્રાંતિ (શંકા) કરવી નહીં. ૩, મોહનીય કર્મનો ક્ષય થવાથી સમ્યક્ત્વ-સમ્યક્ સ્વરૂપના નામનો ગુણ પ્રાપ્ત થાય છે. આ ગુણને લીધે મોહથી ઉત્પન્ન થતા વિકારનો અભાવ હોવાથી અનંત સુખ પ્રાપ્ત થાય છે. કારણકે વિકાર ઉત્પન્ન થાય તો આત્મસ્વરૂપના અભાવને લીધે કલેશનો સંભવ છે. અને આત્મસ્વરૂપે સ્થિતિ હોવાથી સર્વ દુઃખનો અભાવ હોય છે. તેથી કરીનેજ આ સમ્યક્ત્વનું બીજું નામ અનંત સુખ કહેવાય છે. ૪, આયુષ્ય કર્મના ક્ષયથી અક્ષયત્વ (નાશરહિત—અવિનાશીપણું) નામનો ગુણ ઉત્પન્ન થાય છે. આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે. ત્યારપછી આયુષ્યનો અવશ્ય ક્ષય થાય છે ...

થવું, આસન આપવું વિગેરે પૂજા થઇ શકે છે, અને નીચ ગોત્રવાળાને દૂર રાખવામાં આવે છે, એવી જાતનો વ્યવહાર સિદ્ધોમાં હોતો નથી, તેથી તેમનું અગુરૂલઘુપણું યોગ્યજ છે ૭, અંતરાય કર્મનો ક્ષય થવાથી અનંત વીર્યરૂપ ગુણ પ્રાપ્ત થાય છે. કારણકે લોકાલોકમાં વર્તનારા પદાર્થોનું એકી વખતે જ્ઞાન થવાથી તથા કદાપિ સ્વસ્વરૂપ થકી નહીં પડવાથી અનંત વીર્યપણું પ્રાપ્ત થાય છે ૮. આ આઠ ગુણોએ કરીને સિદ્ધો ચિદાનંદમય છે, એમ સિદ્ધ થાય છે.

અહીં કોઇ પ્રશ્ન કરે કે-સિદ્ધોને ચિન્મયપણું, આનંદમયપણું કે અનંત સુખપણું ભલે હો, પરંતુ તેમને શરીરનો અભાવ હોવાથી તે કાંઇ પણ ઘટતું નથી. આનો ઉત્તર એ છે કે—

" न वि अत्थि माणुसाणं, तं सुक्खं न वि अ सव्वदेवाणं ।
जं सिद्धाणं सुक्खं, अव्वाबाहं उवगयाणं ॥ "

" અવ્યાબાધ ગુણને પામેલા સિદ્ધોને જે સુખ છે, તે સુખ ચક્રવર્તી વિગેરે મનુષ્યોને હોતું નથી, તથા ઇંદ્રાદિક દેવોને પણ હોતુ નથી "

વળી સિદ્ધનું સુખ આ પ્રમાણે કહ્યું છે—

" सुरगणसुहं समत्तं, सव्वद्धा पिंडियं अणंतगुणं ।
न वि पावइ मुत्तिसुहं, णंताहिं वग्गवग्गूहिं ॥ "

" સર્વ દેવોનુ સર્વ કાળ સબંધી એટલે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ સબંધી સર્વ સુખો એકત્ર કરીએ, તેને અનંત ગુણ કરીને અનંત વર્ગે કરીને વર્ગિત કરીયે એટલે તેનો અનંતીવાર વર્ગ કરીયે તોપણ તે સુખ મુક્તિ સુખની તુલ્યતાને પામતુ નથી. "

આ મુક્તિનું સુખ વચનથી કહી શકાય તેવું નથી, તે દૃષ્ટાંત સહિત બતાવે છે—

" जह नाम कोइ मिच्छो, नगरगुणे बहुविहे वियाणंतो ।
न चएइ परिकहेउं, उवमाए तह असंतीए ॥ "


" જેમ કોઈ એક મ્લેચ્છ ઘણા પ્રકારના નગરના ગુણોને જાણતો છતો બીજાઓની પાસે (તથા પ્રકારની ઉપમાના અભાવે) તે કહી શકતો નથી, તેમ સિદ્ધોનું સુખ પણ કહી શકાતું નથી "

તેની કથા આ પ્રમાણે છે—કોઈ એક વનવાસી મ્લેચ્છ લોક વને વસતો અરણ્યમાં જ વૃક્ષની નીચે રહે છે. એકદા કોઈ રાજા અશ્વથી હરણ કરાઈને તે અટવીમાં આવ્યો, તે અત્યંત શ્રમિત તથા તૃષાતુર થયો. તેને તે મ્લેચ્છે જોયો, એટલે તેને પાણી પાઈ તેના અંગની સેવા ચાકરી કરી સત્કાર કર્યો, પછી તેની સાથે જઈને તેને તેના નગરમાં પહોંચાડ્યો. ત્યારપછી રાજાએ આ મારો ઉપકારી છે એમ જાણીને તેની ઘણી બરદાસ કરી અને પોતાની [illegible] પાન વિગેરે ભોગમાં તેને જોડ્યો. તો પણ તે વનના રહેવાસી જેમ ન [illegible] નગરના સુખમાં સંતોષ પામતો નથી. એકદા વર્ષાઋતુ આવી, ત્યારે તે મ્લેચ્છ અરણ્યને સંભારી મનમાં ખેદ પામવા લાગ્યો. [illegible] ખેદનું કારણ પૂછ્યું ત્યારે તેણે પોતાના આશ્રમ [illegible] [illegible] પ્રસન્ન [illegible] માટે તેને અરણ્યમાં [illegible]

[illegible]

" जह सव्वकामगुणियं पुरिसो भोत्तूण भोयणं [illegible]
तण्हाछुहाविमुक्को अच्छिज्ज जहा अमियतित्तो ।
इय सव्वकालतित्ता अउलं निव्वाणमुवगया [illegible]
सासयमव्वाबाहं चिट्ठंति सुही सुहं पत्ता ।

[illegible]



यैर्नाथिकृतपदमलंक्रियते क्रमात्,
ये चार्यदेशकुलजन्मसुरूपताद्यान् ।
षट्त्रिंशतं गुरुगुणानमलान् वहन्ति,
तेभ्यो नमो भवतु मे गणनायकेभ्यः ॥ ४ ॥

જેઓનાથી અનુક્રમે પ્રાપ્ત થયલું તીર્થંકરનું પદ [illegible]કૃત કરાય છે અને જેઓ આર્યદેશ, સુકુળમાં જન્મ અને સુરૂપતાદિક છત્રીશ નિર્મળ ગુરૂના ગુણોને ધારણ કરે છે, તે ગચ્છનાયકોને મારો નમસ્કાર હો.

ટીકાર્થ— તે ગચ્છનાયક આચાર્યોને મારો નમસ્કાર હો. તે આચાર્યો [illegible] કે જેઓએ [illegible] પ્રાપ્ત [illegible]થી પ્રાપ્ત થયેલું તીર્થંકરપદ [illegible] [illegible] અલંકૃત [illegible] આર્ય-ધર્મને [illegible]

[illegible]

[illegible]

સારૂં બીજ રૂપવાળું થતું નથી, તેથી શુદ્ધ જાતિ નામનો ત્રીજો ગુણ કહેવાય છે ૩

રૂપવાળો મનુષ્ય આચાર્ય પદને યોગ્ય હોય છે, કહ્યું છે કે—

"सुवंशजोऽपि रूपर्द्धिं, विना लोकैर्न मन्यते।
यद्वज्रस्वामिवदाचार्यो, रूपवानेव पूज्यते ॥"

"સારા વંશમાં ઉત્પન્ન થયેલો પુરૂષ પણ જો રૂપની સમૃદ્ધિ રહિત હોય તો તે લોકોએ પૂજાતો નથી પણ વજ્રસ્વામીની જેમ રૂપવાન આચાર્ય હોય તોજ તે પૂજાય છે " વજ્રસ્વામીની કથા નીચે પ્રમાણે—

એકદા અષ્ટાપદ તીર્થે ગૌતમસ્વામી ગયા હતા, ત્યાં વૈશ્રમણ (કુબેર) ના જે સામાનિક દેવ તિર્યંગ્જૃંભકને બોધ પમાડવા માટે પુંડરીક અને કંડરીક નામનું અધ્યયન કહ્યું હતું, તે દેવ આયુષ્ય પૂર્ણ થયે ચવીને તુંબવન નામના નગરમાં ધનગિરિ નામના શ્રેષ્ઠિકની સુનંદા નામની ભાર્યાની કુક્ષિમાં અવતર્યો, ત્યારપછી પ્રથમથીજ વૈરાગ્ય [illegible] થયેલા ધનગિરિએ સ્વસ્ત્રીને ગર્ભવતી જોઈને કહ્યું કે "હે પ્રિયે! તારા ગર્ભમાં ઉત્પન્ન થયેલો બાળક તારી સહાય કરશે." એમ કહીને મન [illegible] મૂકીને [illegible] શ્રી સિંહગિરિ ગુરૂની પાસે દીક્ષા ગ્રહણ કરી, ત્યારપછી અનુક્રમે સુનંદાને પુત્ર જન્મ થયો [illegible] સ્ત્રીઓએ તેનું [illegible] કર્યું, અને તેઓ [illegible] આ બાળકનો પિતા હાજર હોત તો [illegible] થયા હોત " આ પ્રમાણે સ્ત્રીઓની [illegible] પહેલા [illegible] ઉપર [illegible] જાતિસ્મરણ [illegible] સમજ્યો, તથા [illegible] માટે તે [illegible] રોવા લાગ્યો, તેને [illegible] સ્ત્રી [illegible] તથા તે [illegible] ધનગિરિ [illegible] પ્રથમ [illegible] [illegible] સિંહગિરિ ગુરૂને [illegible]

ાતિને પ્રતિબોધ કરીયે." ત્યારે ગુરૂએ ઉપયોગ દઈને
કહ્યું કે—"હા. ભલે જાઓ અને સ્વકુટુંબમાંથી
ચિત્ત જે ભિક્ષા મળે તે ગ્રહણ કરવી." ત્યારપછી તે
નંદાને ઘેર આવ્યા, પડોશમાં રહેનારી સ્ત્રીઓની શીખા-
ાએ ધનગિરિને કહ્યુ કે—"આ તમારા પુત્રનું તમેજ
આનાથી હું અત્યંત ઉદ્વેગ પામી છું. હવે આને હું
નહીં." ત્યારે ધનગિરિએ કહ્યું કે—"હે ભદ્રે! તું પુત્ર
ત્યાથી પશ્ચાત્તાપ પામીશ." તે બોલી કે—"ના,. મને
ાત્તાપ થવાનો નથી." ફરીથી સાધુ બોલ્યા કે—"જો હું
કરીશ તો પછી તને આ દુર્લભ થશે. કારણ કે પછી હું
શ નહીં. આ પુરૂષો તથા સ્ત્રીઓ સર્વ સાક્ષી છે."
—"ભલે. એમ થાઓ." તે સાંભળીને ધનગિરિએ
બંધની ઝોળીમાં તે બાળકને ગ્રહણ કર્યો અને વસ્ત્રની
તેણીને ધર્મલાભની આશિષ આપી શમિતસાધુ સહિત
િ આવ્યો. બાળક પણ તરત જ રૂદનથી નિવૃત્ત થયો.
ભારને લીધે જેના હાથ નમી જતા હતા એવા
આવતા જોઈને ગુરૂએ ઉભા થઇ પોતાના હાથમાં તે
ધિ (ઝોળી) લઈ લીધી, અને કહ્યું કે "અહો! આ તો
ભાર છે" પછી ગુરૂએ મઠ ખોલી તો અંદર બાળકને
નેમને કહ્યુ કે "આ બાળક વજ્ર નામે શ્રી જિનશાસનનો
" એમ કહીને તેને પાલન કરવા માટે સાધ્વીઓને
સાધ્વીઓએ શ્રાવિકાઓને આપ્યો. તેમના બાળકો સાથે
તે ત્રણ વર્ષનો થયો. મન્મન (બોબડા) શબ્દોને બોલતો
સત્ય સ્વરૂપવાળો તથા શુભ ચેષ્ટાને કરતો તે લોકોને
ર્શનીય (પ્રિય) થયો. તે જોઈને સુનંદા પણ તેને ગ્રહણ
અત્યંત આતુર થઇ, અને તેથી તે શ્રીએ શ્રાવિકાઓ પાસે
, ત્યારે તેઓ બોલી કે "પારકી થાપણ અમારાથી આપી
." એવા અવસરે સિંહગિરિ આચાર્ય દેશનગરોમાં વિહાર
ી તુંબવન ગામમાં આવ્યા તે વખતે સુનંદાએ સાધુનો
ના પુત્ર માગ્યો ત્યારે ધનગિરિએ કહ્યું કે "તે સર્વ

લોકની સાક્ષીએ તે પુત્ર મને આપ્યો છે, અને અમે તેનો પ્રતિગ્રહ–સ્વીકાર કર્યો છે, માટે હવે તે બાબતનો કાંઇ વિવાદ કરવાની જરૂર નથી." તે સાભળીને સુનંદાએ તેનો ન્યાય કરાવવા રાજા પાસે વિજ્ઞપ્તિ કરી. રાજાએ સર્વ લોકોને એકઠા કરી સાધુઓને બોલાવી આ પ્રમાણે ન્યાય આપ્યો કે "જો આ બાળક તેની માતાના બોલાવવાથી તેની માતા પાસે જશે તો તે તેણીનોજ જાણવો, અને પિતા રૂપ સાધુના બોલાવવાથી પિતા પાસે જશે તો તે પિતાનોજ જાણવો." આ ન્યાય સર્વ લોકોએ પણ કબુલ કર્યો. પછી એક તરફ સુનંદા બેઠી અને બીજી તરફ તેનો પિતા–સાધુ બેઠા, તે બંન્નેની વચ્ચે બાળકને રાખ્યો, પછી સુનંદાએ તે બાળકને મોદક તથા રમકડાં દેખાડીને લોભ પમાડ્યો તથા મધુર વચનોથી બોલાવ્યો, તોપણ તે માતાની સમીપે ગયો નહી. તે વખતે બાળકને વિચાર થયો કે "જો કે આ મારી માતા છે, તેણીએ મને ગર્ભમા ધારણ કર્યો છે. તોપણ તેની પાસે મારે જવુ યોગ્ય નથી, કારણ કે મારા જવાથી તે મહા મોહજાળમા પડશે, અને મારા નહીં જવાથી તે સંસારથી ઉદ્વેગ પામીને નિરાધારપણાને લીધે દીક્ષાજ ગ્રહણ કરશે, અને સદ્‌ગતિને પામશે" આ પ્રમાણે વિચારીને તે બાળકે તેનો આદર કર્યો નહીં. ત્યાર પછી સાધુ–પિતાએ તેને કહ્યુ કે "હે બાળક! જો તુ વ્રત લેવા ઇચ્છતો હો તો આ સાધુનુ ચિન્હ રજોહરણ છે તેને તું ગ્રહણ કર." એ પ્રમાણે કહ્યુ કે તરતજ તે બાળકે ઉઠીને રજોહરણ ગ્રહણ કર્યું તે વખતે સાધુના પક્ષના લોકોએ ઉંચે સ્વરે સાધુ સાધુ (બહુ સારૂં કર્યું બહુ સારૂ કર્યુ) એવો શબ્દ બોલીને તેને ઉત્સાહ આપ્યો રાજાએ સુનંદાને કહ્યુ કે "હે ભદ્રે! આ બાળકજ પિતાના વેષને ચાહે છે, તેમા અમે શુ કરી શકીએ ?" તે સાભળીને સુનંદા પણ ખેદ પામીને વિચારવા લાગી કે "હવે તો મારા પતિની, પુત્રની તથા ભાઇની જે ગતિ છે, તેજ મારી પણ હો." એમ વિચારીને તેણીએ પણ દીક્ષા લીધી. ગુરૂએ તેણીને દીક્ષા આપીને સાધ્વીઓને સોંપી. પછી શ્રાવિકાઓ પાસેથી તે બાળકને પણ લઇને તેના પાલનને માટે સાધ્વીઓનેજ સોપ્યો. પછી તે બાળક સ્તનપાનનો ત્યાગ કરી પ્રાસુક આહાર ખાવા લાગ્યો, તથા સાધ્વીઓ જે જે ભણે છે,

સાધુઓ જે જે પાઠ આપતા હતા, તે તે પાઠને પોતે જાણી જોઈને જાણે નિપુણ હોય તેમ ગુણ ગુણ શબ્દને કરતો હતો. એકદા આચાર્ય શરીરચિંતાને માટે બહિર્ભૂમિ ગયા અને બીજા સાધુઓ ગોચરી માટે ગયા, તેથી ઉપાશ્રયમાં એકલા વજ્રમુનિ જ રહ્યા. તે વખતે તેણે બાળ સ્વભાવને લીધે ક્રીડાને માટે જ સર્વે ભણનારા સાધુઓના આસનો લઈને જુદા જુદા પોતાના આસનની સમીપે મૂક્યાં. પછી પોતે આચાર્ય થઈને તે તે સાધુના નામ ગ્રહણપૂર્વક તેમના પાઠ પાઠને આપવા લાગ્યો, તેવામાં આચાર્ય બહિર્ભૂમિથી આવ્યા તેમણે ઉંચે સ્વરે સ્વાધ્યાય આપતા વજ્રને સાંભળ્યો. તે જોઈ તેણે વિચાર્યું કે—"આ બાળક મારા કરતા પણ વધારે સારો પાઠ આપે છે, તેથી અમને અહીં આવેલા જાણીને તેને લજ્જાને લીધે ક્ષોભ થશે માટે તે પ્રમાદી ન થાઓ." એમ વિચારીને સૂરિએ ઉંચે સ્વરે ઉપાશ્રયની બહાર જ બહિર્ભૂમિથી આવવાની નૈષેધિકીનો ઉચ્ચાર કર્યો. તે સાંભળીને તત્કાળ તે આસનો પોત પોતાને સ્થાને મૂકીને વજ્ર ગુરુની સન્મુખ આવ્યા, અને ગુરુના પાદને પાદપુંછન વડે પ્રમાર્જન કરી નમસ્કાર કરી ગુરુના હાથમાંથી દાંડો લઈ ગુરુની પાછળ પાછળ પોતાને આસને આવ્યા. પછી ગુરુએ વિચાર્યું કે—"આ શિષ્ય સર્વ સાધુઓને વાચના આપવામાં યોગ્ય છે, તો પણ લઘુ વયનો હોવાથી તેની પ્રતીતિ થઈ શકશે નહીં છતાં પણ કોઈ પણ ઉપાયે આની સર્વ સાધુઓને પ્રતીતિ કરાવવી જોઈએ." એમ વિચારીને સૂરિએ સર્વ સાધુઓને એકઠા કરીને કહ્યું કે—"મારે અમુક ગામ અવશ્ય જવાનું છે, તમારે અહીં જ રહેવું." તેઓ બોલ્યા કે—"અમારા સ્વાધ્યાયનો ક્રમ શી રીતે થશે? આપની શી આજ્ઞા છે?" ગુરુએ કહ્યું કે—"વજ્ર તમો સર્વેને વાચના આપશે." તે સાંભળીને તેઓને મનમાં સંશય થયો, તોપણ ગુરુનું વચન પ્રમાણ કર્યું. [illegible] ગુરુ [illegible] ગયા. [illegible] તેઓને સમગ્ર સર્વે મુનિઓ વજ્રની પાસે [illegible] જે [illegible] હતો, તેને તેનો પાઠ આપે, અને અર્થની [illegible] વજ્રને અર્થ પણ આપ્યો. [illegible] ગીને [illegible] અને નવ વડે એકજ [illegible] સર્વ સાધુઓ ગુરુ

માનું થઈને પરસ્પર કહેવા લાગ્યા કે—"જો ગુરૂ મહ
સુધી આમંતરમાં રહે તો પણ સારૂં છે, આપણને તો ર
નું ગ્રહણ સારી રીતે થાય છે." ત્યારપછી તે ગુરૂ
આવ્યા. તેમણે સર્વેને પૂછ્યું કે—"હે સાધુઓ! તમા
બરાબર થતો હતો કે નહીં?" તેઓ બોલ્યા કે—"આ
અમોને વજ્ર સારી રીતે ભણાવતા હતા હવેથી અમા
વજ્ર હો, કે જેથી આપના ધ્યાનમાં વિઘ્ન ન આવે,
ખેદ પણ ન થાય." ફરીથી આચાર્યે પૂછ્યું કે—"આ
સાધુ આચાર્યપદવીને યોગ્ય છે?" સાધુઓ બોલ્ય
યોગ્ય છે." ત્યારે ગુરૂએ વજ્રને આચાર્યપદે સ્થાપન
પછી સર્વે મુનિઓ વજ્રનો વિનય કરવા લાગ્યા. વજ્ર
સૂત્રનું વ્યાખ્યાન આપતા પદાનુસારી લબ્ધિએ
ગુરૂના પણ પૂર્વગત સંદેહોનો નાશ કરતા હતા. એકદ
વિચાર્યું કે—"આ વજ્ર વિના બીજા સર્વે મુનિઓ અગ્યાર
અભ્યાસમાં પણ ગ્લાનિ પામે છે. તો દશમું પૂર્વ
શક્તિ તો ક્યાંથીજ હોય? વળી દશનું પૂર્ણ ભણાવના
માત્ર ઉજ્જયિનીમાં રહેલા ...
તથી તેમની ...

પોતાના સ્વપ્નને સત્ય કરવા માટે વજ્રને શિષ્યપણે અંગીકાર કર્યો. વજ્રે પદાનુસારિણી લબ્ધિ વડે કરીને થોડા કાળમાંજ સંપૂર્ણ દશમા પૂર્વનો અભ્યાસ કરી લીધો. ત્યાર પછી કૃતાર્થ થઈને વજ્ર ફરીથી પોતાના ગચ્છમા આવ્યા. તેને યોગ્ય જાણીને સિંહગિરિ ગુરૂએ સર્વ ગચ્છનો ભાર તેને સોંપ્યો, અને પોતે વિવિધ તપ કરી અંતે અનશન લઈ સમાધિ પૂર્વક કાળધર્મ પામી વૈમાનિક દેવ થયા. ત્યાર પછી વજ્રસ્વામી ક્ષીરાશ્રવ લબ્ધિને લીધે મધુર વાણીએ કરીને ભવ્યોને પ્રતિબોધ કરતા કરતા ભૂમિપર વિચરવા લાગ્યા, અને અનુક્રમે દશપુરમા ચાતુર્માસ રહ્યા. આ અવસરે પાટલીપુત્ર નગરમાં એક ધન નામે શેઠી રહેતો હતો. તેને રૂક્મિણી નામની પુત્રી હતી, તે સાધુ સાધ્વીની ભક્તિમાં તત્પર તથા કુમારિકા હતી. તે ધન શ્રેષ્ઠીની યાનશાળામાં કોઈ વજ્રસ્વામીના ગચ્છની સાધ્વીઓ ચાતુર્માસ રહી. તેમની પાસે નિરંતર રૂક્મિણી ઉપદેશ સાંભળતી હતી. પ્રસંગે પ્રસંગે તે સાધ્વીઓ તેણીની પાસે શ્રી વજ્રસ્વામીના રૂપની પ્રશંસા કરતી હતી. તે સાંભળીને રૂક્મિણીએ અભિગ્રહ ધારણ કર્યો કે—"હું વજ્રસ્વામીનેજ ભર્તાર તરીકે અંગીકાર કરીશ, તે સિવાય અન્યને વરીશ નહિ." તે વખતે સાધ્વીઓએ કહ્યું કે—"હે ભદ્રે! આ તારો અભિગ્રહ કેવો? તે વજ્રસ્વામી તો બ્રહ્મચારી તથા ચારિત્રધારી (મુનિ) છે, તેથી તારી પ્રતિજ્ઞા શી રીતે સિદ્ધ થશે?" રૂક્મિણી બોલી કે જો તે પૂજ્ય મને પત્નીપણે અંગીકાર નહીં કરે તો હું તેમની પાસે ચારિત્ર ગ્રહણ કરીને તેમની શિષ્યા થઇશ, તેથી મારી પ્રતિજ્ઞા સત્યજ છે." ત્યાર પછી ચાતુર્માસ પૂર્ણ થયે સ્વામી દશપુર નગરથી વિહાર કરી ગામોગામ ભવ્ય પ્રાણીઓને બોધ કરતા અનુક્રમે પાટલિપુત્ર આવ્યા. તે નગરના રાજાએ મહોત્સવ પૂર્વક ગુરૂનો ધર્મોપદેશ સાંભળ્યો ગુરૂના રૂપ અને વાણીથી તે રાજા અત્યંત હર્ષિત થયો. પછી ગુરૂને નમીને ત્યાંથી ઉઠી પોતાના અંતઃપુરમા જઇ રાજાએ સર્વ રાણીઓને કહ્યું કે—"જેમણે વજ્રસ્વામીનું રૂપ જોયું નથી, તેમણે કાંઇ પણ જોયું નથી, અને જેઓએ તેમની વાણી સાંભળી નથી, તેઓએ કાંઇ સાંભળ્યું નથી." આ પ્રમાણે રાજાના મુખથી સ્વામીની પ્રશંસા સાંભળીને સર્વ

રાણીઓ રાજાની રજા લઈ ગુરૂને વંદન કરવા અત્યંત ઉત્સુક થઈ. તે અવસરે ધન શેઠીની પુત્રી રૂકિમણીએ પોતાના પિતાને કહ્યું કે– "મેં તો વજસ્વામીનેજ ભર્તાર તરીકે અંગીકાર કર્યા છે, તેથી મને વરવા માટે તમે તેમને નિમંત્રણ કરો" તે સાંભળીને શેઠી પણ વિવાહના વસ્ત્ર અલંકાર વિગેરે સામગ્રી લઈ અંતઃપુરની રાણીઓ આવી તેજ વખતે તેમની સાથેજ આવ્યો. તે વખતે સૂરિએ ઉપયોગ દઈને જાણ્યું કે–"મારા રૂપથી મોહિત થયેલી સ્ત્રીઓને ક્ષોભ ન થાઓ." એમ વિચારીને પોતાનું રૂપ ગોપવી કુરૂપ ધારણ કરીને રહ્યા ત્યાર પછી અંતઃપુરની સ્ત્રીઓ પણ આવી શેઠી પણ આવીને તેવું કુરૂપ જોઈ ખેદ પામ્યો, તો પણ પુત્રીની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા તેણે દીક્ષાને વિવાહ કરવા પ્રાર્થના કરી. ત્યારે ગુરૂએ સર્વ સ્ત્રીઓને પ્રતિબોધ કરવા માટે ક્ષીરાશ્રવ લબ્ધિએ કરીને વૈરાગ્યમય દેશના આપી. તે સાંભળીને સ્ત્રીઓ પરસ્પર બોલી કે–"અહો! ગુરૂની જેવી વાણી છે, એવું રૂપ નથી. આચાર્ય તો રૂપવાન હોવા જોઈએ. પરંતુ સંસારમાં સર્વગુણોનો સંભવ એક સ્થાને ક્યાંથી હોય?" આ પ્રમાણે તેની શંકા દૂર કરવા માટે ફરીને વૈક્રિય લબ્ધિ વડે બીજે દિવસે અત્યંત સુંદર રૂપ બનાવીને સુવર્ણ કમળ ઉપર રહ્યા. તે જોઈને સર્વ લોક ચમત્કાર પામ્યા અને પરસ્પર બોલવા લાગ્યા કે અહો! આ ગુરૂની શક્તિ અચિંત્ય છે. ત્યાર પછી આચાર્યે રૂકિમણીને બોધ પમાડીને તેને દીક્ષા આપી. આ કારણથી સુંદર –મનોહર રૂપ એ આચાર્યનો ગુણ છે. આ પ્રમાણે રૂપ ગુણ ઉપર આચાર્ય વજસ્વામીની કથા કહી એ ચોથો ગુણ ૪

વળી આચાર્ય દૃઢસંહનન હોવા જોઈએ કારણ કે શરીરનું સામર્થ્ય ન હોય તો ગચ્છમાં અધ્યાપન તથા સમય પ્રમાણે ક્રિયા કરવી એ વિગેરે વ્યવહાર શી રીતે થઈ શકે? એ પાંચમો ગુણ થયો ૫

તથા "ધૃતિ યુક્ત"–ધૃતિ એટલે મનનું વીર્ય અર્થાત્ સાહસ. તેણે કરીને યુક્ત આચાર્ય હોવા જોઈએ કેમકે ધૈર્ય વિના ગચ્છનું પાલન થઈ શકે નહીં, તેમજ પૂજ્ય પણ થઈ શકે નહીં કહ્યું છે કે–

"धैर्यवन्तो जनाः पूज्या, नाधीरास्तु कदाचन ।
शशकाः पुष्पफलमालोक्य, धीरसिंहे स्थिरो भवेत् (कमलवत्)" ॥

"ધૈર્યવાન લોકો પૂજ્ય થાય છે, અધીર જનો કદાપિ પૂજ્ય થતા નથી. શમી (ખીજડી) વૃક્ષની પૂજા જોઇને એક આચાર્ય પોતાના ગચ્છમાં સ્થિર થયા હતા." તેની કથા આ પ્રમાણે--

કોઇ એક યોગ્ય શિષ્યને આચાર્યે આચાર્ય પદ પર સ્થાપન કર્યો. સ્વચ્છંદપણાથી રહિત એવા તે આચાર્ય સર્વે ગચ્છના સાધુઓની સાર-સંભાળ કરતા ઉદ્વેગ પામ્યા, તેથી તે ગચ્છનો ત્યાગ કરવાની ઇચ્છાથી શરીર ચિંતાના મિષે કરીને એકલાજ નગરની બહાર નીકળી ગયા. બે ગાઉ દૂર ગયા ત્યારે માર્ગમા કોઇ ગામની સમીપે દેવાધિષ્ઠિત શમીવૃક્ષ જોયું, તે વૃક્ષને ઘણા લોકોએ અનેક વસ્ત્રના ચીંથરા બાધેલા હતા, તથા સિંદૂર અને તેલથી તેની પૂજા કરેલી હતી. તે જોઇને સૂરિએ ચિત્તમા વિચાર કર્યો કે-"આ દેવાધિષ્ઠિત વૃક્ષ સ્થિર છે, તેથી લોકો તેની પૂજા કરે છે. માટે હું પણ આચાર્યપદને પામીને (પામેલ હોવાથી) જો સ્થિર થાઉં તો સર્વ લોકને પૂજ્ય થાઉં " એમ વિચારીને તે સૂરિ ત્યાથીજ પાછા વળીને ફરીથી ગચ્છમા આવી તેનો ભાર ઉપાડ્યો તેથી તે પૂજ્ય થયા. આ છઠ્ઠો ગુણ. ૬.

"અનાશંસી"—જેને વસ્ત્ર આહાર, પાણી વિગેરેની ઇચ્છા ન હોય તે અનાશંસી કહેવાય છે. આથી આચાર્યનુ નિર્લોભપણું કહ્યું. એ સાતમો ગુણ થયો. ૭.

"અવિકત્થન"—કોઇએ પોતાનો અલ્પ અપરાધ પણ કહ્યો હોય, તેને વારંવાર કહ્યા કરવો તે વિકત્થન કહેવાય છે આવું વિકત્થન જેને ન હોય તે અવિકત્થન ગુણ કહેવાય છે આચાર્યમાં આ ગુણ ન હોય તો થોડો પણ અપરાધ વારંવાર કહેવાથી આલોચના (પ્રાયશ્ચિત્ત) લેનાર માણસ અત્યંત લજ્જા પામે છે, અને મનમા ઉદ્વિગ્ન થાય છે. તેથી આચાર્યે શિષ્યના મુખથી એકવાર સાંભળીનેજ ઉચિત દંડ (આલોયણ) આપવામા યત્ન કરવો જોઇએ એ આઠમો ગુણ કહ્યો. ૮

"અમાયી"—માયા રહિત. આચાર્ય માયાવી-કપટી હોય તો તે ગચ્છનું સારી રીતે પાલન કરી શકે નહી તેથી તે દોષ રહિત આચાર્ય હોવા જોઇએ, એ નવમો ગુણ કહ્યો. ૯

"સ્થિર પરિપાટિ"—કોઇક બુદ્ધિની લબ્ધિ સહિત હોવાથી જેને સૂત્ર તથા અર્થનું વિસ્મરણ ન થતું હોય તે સ્થિર પરિપાટિ કહેવાય છે. એ દશમો ગુણ કહ્યો. ૧૦.

"ગૃહીતવાકય"—જેના વચનને સર્વ લોકો "યોગ્ય (યથાર્થ) છે" એમ જાણીને સ્વીકાર કરે તે ગૃહીત વાકય કહેવાય છે. એ અગ્યારમો ગુણ. ૧૧.

"જિનપરિષદ"—સભાને જીતનાર, પ્રગલ્ભવચન ન હોય તો સભા મધ્યે સભાક્ષોભ થવાથી જે વાકય બોલવું હોય તેને બદલે મુખમાંથી બીજુંજ વાકય નીકળી જાય છે. જેમ કોઇ માણસ રાજા પાસે "આશીર્વાદ" શબ્દ બોલવાને બદલે "ઉશટર" શબ્દ બોલ્યો. આવો દોષ જેને ન હોય તે જિતપરિષદ કહેવાય છે એ બારમો ગુણ. ૧૨.

"જિતનિદ્ર"—નિદ્રાને જીતનાર. જેના નેત્ર નિદ્રાથી ઘુર્ણિત હોય, તે કોઇના પ્રશ્નનો જવાબ આપે, તો પણ સ્ફુટ રીતે સૂત્ર તથા અર્થનો પ્રકાશ કરી શકે નહી. તેથી જિતનિદ્ર એ તેરમો ગુણ કહ્યો. ૧૩.

"મધ્યમસ્થ"—લોકો કોઇની ઉપર રાગવાળા અને કોઇની ઉપર દ્વેષવાળા હોય છે. પરંતુ આચાર્યે કોઇ ઉપર રાગ કે દ્વેષ રાખવા ન જોઇએ બંને સમભાવે કરીને વર્તવું જોઇએ એ મધ્યસ્થ નામનો ચૌદમો ગુણ થયો. ૧૪

"દેશકાળભાવજ્ઞ"—આ [illegible] ગુણ સાથ બાંધતા [illegible] કરીને દેશજ્ઞ ૧૫, કાળજ્ઞ ૧૬ અને ભાવજ્ઞ ૧૭ [illegible] દેશજ્ઞ કહેવાય [illegible]

[illegible]

હોય ત્યારે પોરસીનો સમય થાય છે, ઇત્યાદિક કાળનો નિર્ણય કરવા જે સમર્થ હોય તે કાળજ્ઞ કહેવાય છે. એ સોળમો ગુણ કહ્યો. ૧૬.

"ભાવજ્ઞ"—ભાવ એટલે અન્યના મનનો અભિપ્રાય, તેને જે જાણે તે ભાવજ્ઞ કહેવાય છે. આવો ગુણીજ આચાર્ય પદને પોગ્ય છે. કહ્યું છે કે:--

"परभावानुकूल्येन, पुरुषो यः प्रवर्तते ।
स एव निपुणः सूरिर्यथा कमलबोधकः ॥"

"જે પુરૂષ બીજાના મનના અભિપ્રાયની અનુકુળતાએ પ્રવર્તન કરે છે. તેજ કમળને બોધ કરનાર સૂરિની જેમ નિપુણ કહેવાય છે" તેની કથા આ પ્રમાણે:--

કોઇ એક નગરમા એક શ્રેષ્ઠી રહેતો હતો, તે શ્રાવક ધનવાન, બુદ્ધિમાન તથા સર્વ જનને માન્ય હતો, તેને કમળ નામે પુત્ર હતો, તે કળાવાન હતો, તો પણ તેને ધર્મ તથા તત્વના વિચારમાં લેશ પણ રૂચિ થતી નહી ત્યારે તેનો પિતા તેને કાઇ પણ તત્વ વિચારનો ઉપદેશ આપે, ત્યારે તે ઉઠીને ચાલ્યો જતો હતો, તેથી તેને બોધ કરવા તેનો પિતા શક્તિમાન થયો નહી. એકદા કોઇક આચાર્ય તે નગરની સમીપના એક ઉદ્યાનમા સમવસર્યા. તે સાભળીને નગરના લોકો તથા કમળનો પિતા શ્રેષ્ઠી પણ સૂરિને વંદના કરવા ગયા, તેમની પાસે દેશના સાભળીને ઉઠતી વખતે તેણે આચાર્યને વિનંતિ પૂર્વક કહ્યું કે-"મારો કમળ નામનો પુત્ર ધર્મ વિચારમાં અત્યંત અજ્ઞાની છે; તેને કોઇપણ પ્રકારે આપ ગીતાર્થ હોવાથી બોધ પમાડો તો બહુ સારૂ થાય" તે સાંભળી આચાર્યે તેનુ વચન અંગીકાર કર્યું. પછી શ્રેષ્ઠીએ ઘેર આવી પુત્રને કહ્યું કે-"હે પુત્ર! બહાર ઉદ્યાનમાં ગીતાર્થ ગુરૂ પધાર્યા છે. તેમની પાસે જઇને તારે તેનો ઉપદેશ સાંભળવો" એ પ્રમાણે પિતાની પ્રેરણાથી કમળ પણ ગુરૂ પાસે જઇને નીચી દૃષ્ટિ રાખીને ગુરૂની પાસે બેઠો. આચાર્યે દ્રવ્ય, ગુણ અને પર્યાયના વિચારવાળી દેશના આરંભી. તે વખતે તેની પાસે એક બદરી વૃક્ષ (બોરડીનું ઝાડ) હતું, તેના મૂળમાં રહેલા મકોડા બિલમાથી નિકળતા તથા તેમાં પ્રવેશ કરતા કમળે જોયા. તેની ગણતરી તેણે કરી. દેશનાને

...ણીએ તેને પૂછ્યું કે–"હે વત્સ! આજના ભોજન સુધીમાં તેં
...?" કમળે કહ્યું–"હા." ફરીથી આચાર્યે પૂછ્યું કે–
...?" ત્યારે તે બોલ્યો–"આ ચિત્તમાંથી ભેદ્યો તે આ
...ગુરુ નીકળ્યા અને તેરતાજ તેમ જ બધા પણ તે
...ફરીથી આચાર્ય બોલ્યા–"અરે! અમે જે કહ્યું, તેમાં
...ર્યું કે નહીં?" તેણે કહ્યું–"ના, તે તો મેં કંઈ જાણ
...થી." તે સાંભળીને "આ અયોગ્ય છે" એમ જાણી
...ન થયા. પછી તેના ચિત્તને તેની દૃષ્ટિ કરીને આચાર્યે
...ત્યાર પછી, કેટલીક આચાર્ય તેજ ઉદ્યાનમાં પધાર્યા,
...ણ્યું એટલે તેમની પાસે પુત્રને બોધ કરવા વિનંતિ કરી.
બોલ્યા કે–"બહુ સારું, તમારા પુત્રને અહીં મોકલજો, તથા
...મણ આપને કે–હે પુત્ર! ગુરુની પાસે નીચી દૃષ્ટિ રાખીને
...ઈ, પરંતુ ગુરુના મુખ સામું જોવું, અને તે જોઈને તેમ
...જાણવા." ત્યાર પછી તે શેઠે આચાર્યનું વચન અંગીકાર
...કર્યા, અને પુત્રને તે પ્રમાણે શીખામણ આપી ગુરુ પાસે
તે પણ ત્યાં જઈને ગુરુના મુખ સામે દૃષ્ટિ રાખીને બેઠો.
...–"હે કમળ! તું કાંઈ તત્ત્વનું સ્વરૂપ જાણે છે?" ત્યારે
...–"મન ગમતું ખાવું, પીવું અને સૂવું, એ ત્રણ તત્ત્વને હું
..." તે સાંભળી હસીને આચાર્ય બોલ્યા–"આ તો ગામ
...ચન તું બોલ્યો પરંતુ આકૃતિનું ત્યાગ, કરવાનું તથા ગ્રહણ
..., તેમાંથી કાંઈ પણ તું જાણે છે?" કમળ બોલ્યો–"હે
...ણતો નથી તમેજ કહો હું સાંભળીશ." ત્યારે આચાર્યે
...ા માટે ત્રણ ચાર ઘડી સુધી તત્ત્વના નિર્ણયવાળી દેશના
...તી કમળને પૂછ્યું કે–"તેં શું તત્ત્વ જાણ્યું?" ત્યારે તે
...–"હે ગુરુ! તમે બોલતા હતા, ત્યારે તમારો કંઠમણિ
...આઠ વાર નીચે ઉંચે જતી મેં જાણી બીજું તો તમારું
...મેજ જાણો." આ પ્રમાણે તેનું વચન સાંભળીને આચાર્યે
...ણ કંઈ વિચાર્યું કે–"અહો! આ ધર્મને દર્શનનું દર્શન કરા-

...તી પરઠી આપતા હતા

વ્યા જેવું થયું." પછી તેના પિતાને તે વૃત્તાંત કહીને આચાર્યે અન્યત્ર વિહાર કર્યો. ત્યાર પછી એકદા અન્ય આચાર્ય તેજ ઉપવનમાં સમવસર્યા. પ્રથમની જેમ નગરના લોકો પણ તેમને વાંદવા ગયા. કમળનો પિતા પણ ધર્મ દેશના સાંભળીને બોલ્યો કે-"હે ભગવન્! મારો પુત્ર ધર્મ વિચારમાં અત્યંત મૂર્ખ છે. પ્રથમ અહીં પધારેલા બે આચાર્ય મહારાજે તેને અત્યંત બોધ પમાડયો, પરંતુ તેને કાંઇ પણ બોધ લાગ્યો નથી. પ્રથમ તેણે મકોડાની ગણતરી કરી અને પછી કૂકાટિકાની ગણતરી કરી. એવો મૂર્ખ છે." તે સાંભળીને આચાર્ય બોલ્યા કે-"તમારા પુત્રને લૌકિક વ્યવહારમાં કાંઇ પણ બુદ્ધિ છે કે નહીં." શ્રેષ્ઠીએ કહ્યું કે-"તે એક ધર્મના વિચાર સિવાય બીજી બધી બાબતમાં નિપુણ છે." ત્યારે આચાર્ય બોલ્યા કે-'તો તેને સુખેથી બોધ કરી શકાશે. અવસરે તેને અહીં મોકલજો." ત્યાર પછી શ્રેષ્ઠી ત્યાંથી ઉઠીને પોતાને ઘેર ગયા, અને પુત્રની પાસે આચાર્યના ગુણની પ્રશંસા કરવા લાગ્યા કે-"અહો! આ જ આચાર્ય પધાર્યા છે, તે ત્રિકાલ જ્ઞાની છે, અને સર્વના સુખ દુઃખની વાત જાણે છે. માટે હે પુત્ર! તારે પણ તેમની પાસે જઇને પ્રશ્ન પૂછવા." તે સાંભળીને કમળે ત્યાં જવાનું કબુલ કર્યું. પછી તે ત્યાં ગયો, અને આચાર્યને નમન કરી તેમની પાસે બેઠો. આચાર્ય તેના અભિપ્રાય જાણવા માટે બોલ્યા કે-"હે કમળ! તારા હાથમાં મણિબંધ (પહોંચા) ઉપર મત્સ્યના મુખ સહિત મોટી ધનની રેખા દેખાય છે." તે સાંભળીને કમળે પૂછયું-"તેનું શું ફળ?" સૂરિ બોલ્યા-"મત્સ્યની રેખાથી ઘણું ધન પ્રાપ્ત થાય છે. વિગેરે વળી તારા હસ્તની રેખા ઉપરથી અમે જાણીએ છીએ કે તારો જન્મ શુક્લ પક્ષમાં હોવો જોઇએ, અને તે વખતે અમુક અમુક સ્થાને અમુક અમુક ગ્રહો રહેલા હશે." તે સાંભળીને કમળ આશ્ચર્ય પામ્યો, અને તરતજ ત્યાંથી ઉઠીને પોતાને ઘેર જઇ પોતાની જન્મપત્રિકા લાવી ગુરૂને દેખાડી. ગુરૂએ પણ તેને તેજ પ્રમાણે રહેલા ગ્રહો દેખાડ્યા તથા કહ્યું કે-"અમુક વરસે તારા લગ્ન થયા છે, અને અમુક વખતે તને તાવની બીમારી થઇ હતી." ઇત્યાદિક

[illegible]રો અટ્ટો આ પુત્ર નો વિકાર કર્યો છે " અને સૂરિને વંદન આપવા લાગ્યો સૂરિ પણ [illegible] પ્રત્યાખ્યાન માટે [illegible] તથા [illegible] સમગ્ર [illegible] પોતાને [illegible] કર્યું. [illegible] [illegible] પણ [illegible] હતા તેથી [illegible] પણ કરો આનુમોદ પૂર્ણ કર્યે [illegible] અમને ઉપદેશ કર્યો કે-"[illegible] આ વચન સ્વીકાર કર" ત્યારે પણ [illegible] કર્યું [illegible] કે-" આને [illegible] પ્રત્યાખ્યાનનું પણ [illegible] તેનુ ફળ જોઈને તેને પ્રતીતિ થઈ, તેથી તેને [illegible] (પછી) તે [illegible] પ્રત્યાખ્યાનો પણ ગ્રહણ કર્યું " [illegible] સૂરિ બોલ્યા કે-" હે [illegible]! તારી [illegible] છે, તેની હાથ જોઈને પછી હમેશ ભોજન કર્યું " [illegible] આપેનુ વચન મારે પ્રમાણ છે " ત્યાર પછી સૂરીએ [illegible] તે [illegible] પરિણામ [illegible] [illegible]

[illegible]

નિધાન જોયું તેથી તે જોયું જોયું એમ બોલે છે. માટે હવે મારો રાજ તરફથી નિગ્રહ થશે. તો તે દોષને ઢાકવા માટે હું આનેજ સંતોષ પમાડું." એમ વિચારીને તેણે તત્કાળ ઉભા થઇ કમળને બોલાવ્યો કે–" હે કમળ! જો તેં જોયું તો તે ઠીક થયું છે. શામાટે પાછો જાય છે ? " તારો અને મારો અર્ધો ભાગ. તે સાંભળી કમળે વિચાર્યું કે–" આ મને અર્ધ ભાગ આપવાનું કહે છે, તે પરથી અનુમાન થાય છે કે આને કાંઇક પ્રાપ્ત થયું છે. કારણ કે માટીનો અર્ધો ભાગ આપવા મને શા માટે બોલાવે ? એ વિચારી પાછો આવી કમળ બોલ્યો કે–" અરે મૂર્ખ! તું મનેજ અર્ધભાગ આપવાનું કહે છે, પણ રાજ ભાગ આપ્યા વિના તારો અને મારો બંનેનો નિગ્રહ થાય, માટે તે દોષની શાંતિ કરવી જોઇએ. અને તે દોષની શાંતિ માટે હું જ યત્ન કરીશ. તેમાં તારી શક્તિ નથી. હું આના ત્રીજા ભાગથી રાજાના સર્વ અધિકારીઓને સાધીશ. " તે વાત કુંભારે પણ અંગીકાર કરી. પછી બન્ને જણાએ બહાર ખેંચી કાઢયું, અને તેના ત્રણ ભાગ કર્યા. તેમાંથી બે ભાગ કમળે લીધા, અને એક ભાગ કુંભારને આપ્યો. તે દ્રવ્ય લઇ ઘેર આવી કમળે વિચાર્યું કે—" અહો ! આટલી વિરતિ (નિયમ) પણ મને સુખને માટે તથા લાભને માટે થઇ, તો મહાવિરતિ (સર્વવિરતિ–સંયમ) ગ્રહણ કરવાથી મોટો લાભ અને મોટું સુખ પ્રાપ્ત થાય, તેથી કરીને હવે તે જ ગુરૂમહારાજ જ્યારે અહીં આવશે, ત્યારે હું મહાવિરતિ ગ્રહણ કરીશ." ત્યારપછી બે ત્રણ વર્ષે તે જ ગુરૂ ફરીથી ત્યાં આવ્યા. તેમની પાસે કમળે દેશવિરતિરૂપ ચારિત્ર અંગીકાર કર્યું. આયુષ્યનો ક્ષય થયે સમાધિ મરણે વૈમાનિક દેવ ઉત્પન્ન થયો. આ દ્રષ્ટાંતનું તાત્પર્ય એ છે જે આચાર્યે અન્યનો અભિપ્રાય જાણવો જોઇએ. એ સત્તરમો ગુણ છે. ૧૭.

" આસન્નલબ્ધપ્રતિભ "—જેણે બુદ્ધિને જાણે સમીપે જ રહી હોય તેમ ગ્રહણ કરી હોય તે આસન્નલબ્ધપ્રતિભ કહેવાય છે. એટલે કે અન્ય દર્શનીએ પોતાનો પક્ષ અંગીકાર કર્યો હોય, તે વખતે તરત જ તેનું નિરાકરણ કરવામાં તથા પ્રત્યુત્તર દેવામાં જેની શક્તિ હોય તે આસન્નલબ્ધપ્રતિભ કહેવાય છે. કહ્યું છે કે—

શય્યા, ફલક, દર્ભ વિગેરે આપીને ભક્તિ કરવી, અને મને તે સમાચાર આપવા." ત્યારપછી શ્રી કેશીકુમાર નામના આચાર્ય પણ લાભ જાણીને શ્રાવસ્તી નગરીથી વિહાર કરી ગામેગામ વિચરતા કેકય દેશમાં શ્વેતાંબિકા નગરીની બહાર રહેલા મૃગવન ઉદ્યાનમાં આવ્યા. ત્યાં ચિત્રસારથિએ પ્રથમથીજ આજ્ઞા કરેલા ઉદ્યાનપાળે તેમનું આગમન જાણીને શય્યા, ફલક, વિગેરે સાહિત્ય આપી સાધુઓની ભક્તિ કરી, અને તે સમાચાર ચિત્રને આપ્યા. તેણે પણ અવસરે આવીને ગુરૂને વાંદ્યા, અને કહ્યું કે—"હે સ્વામી ! અહીં આપને મોટો લાભ થશે, માટે આપે અહીં પાંચ દિવસ સ્થિરતા કરવી." એ પ્રમાણે વિજ્ઞપ્તિ કરીને ચિત્ર પોતાને ઘેર ગયો. ત્યારપછી ધાર્મિક અને શ્રદ્ધાવાળા નાગરિકજનો ઉદ્યાનમાં પધારેલા આચાર્યને જાણીને તેમને વાંદવા ગયા. ગુરૂને વાંદીને તેમની પાસે બેઠા. ગુરૂએ તે દેશની ભાષામાં ધર્મદેશના આરંભી. હવે આ અવસરે કાંબોજ દેશથી પ્રદેશી રાજાને ભેટમાં અશ્વો આવ્યા હતા, તેમની પરીક્ષા કરવા માટે ચિત્ર સારથિએ રાજાને વિનંતિ કરી. રાજાએ તેનું વચન સ્વીકાર્યું. ત્યારે ચિત્રે અશ્વોને રથમા જોડયા. તેમાં બેસીને રાજાએ તે અશ્વોની પંચ ધારા ગતિએ કરીને પરીક્ષા કરી. ઘણો કાળ અશ્વોને વહન કરાવવાથી તે થાકી ગયા, તેમના મુખમાથી દહીં જેવા ઉજ્જ્વળ ફીણ નીકળવા લાગ્યા અને આખુ શરીર પરસેવાથી આર્દ્ર થયું, તે જોઈને સારથિએ રાજાને વિનંતિ કરી કે--"હે મહારાજ ! ઘણું ચાલવાથી આ અશ્વો થાકી ગયા છે. તેથી તેમનો શ્રમ ઉતરવા માટે આ સમીપના મૃગવનમાજ ગાઢ છાયાવાળા વૃક્ષ નીચે વિશ્રાંતિ કરીયે." રાજાએ કહ્યું—"બહુ સારૂં." એમ કહી રાજા સારથિ સહિત અશ્વોને હાંકી મૃગવનમાં ગયો. ત્યા કેશીકુમાર આચાર્ય ભવ્યજનોને ધર્મોપદેશ આપતા હતા, તેમની થોડેક દૂર ચિત્રસારથિ પણ રથથી અશ્વોને છોડી તેમને આર્દ્રપૃષ્ઠ કરવા લાગ્યો. એટલે તેમની પીઠ પર હાથ ફેરવવા લાગ્યો. આ અવસરે ભવ્ય જનોને ઉપદેશ દેતા આચાર્યને રાજાએ જોયા. ત્યારે રાજાએ મનમાં વિચાર્યું કે—"અહો ! આ મૂઢ શું બોલે છે ? અને તેની પાસે રહેલા આ મૂઢ જનો શું સાંભળે છે ? અહો ! આ વક્તા અને શ્રોતા સર્વ મૂઢજ ભેગા

થયા છે." એમ વિચારીને રાજાએ ચિત્રસારથિને કહ્યું કે—" આ કોણ છે ? અને શું ઉપદેશ આપે છે ? " ચિત્ર બોલ્યો—" હે મહારાજ ! આ પાર્શ્વનાથ સ્વામીના સંતાનીયા શિષ્યો છે, અને તે દેહથી જીવ ભિન્ન છે એવો ઉપદેશ આપે છે." ત્યારે રાજાએ કહ્યું— " કઈ યુક્તિએ કરીને શરીરથી જીવ ભિન્ન છે એમ નિશ્ચય કરે છે ?" ચિત્ર બોલ્યો—" જો ત્યાં જઈને સાંભળીએ તો તે જાણી શકાય." રાજાએ કહ્યું—" બહુ સારૂં, ચાલો જઈએ." એમ કહીને રાજા પણ ત્યાંથી ચાલીને આચાર્યની પાસે આવી સ્તંભની જેમ ઉભો રહ્યો. તેણે આચાર્યને પૂછયું કે—" કઇ યુક્તિવડે તમે શરીરથી આત્માને ભિન્ન માનો છો ?" આચાર્ય બોલ્યા—" હે રાજા ! જો આવા પ્રકારના પ્રશ્નો પૂછવાની તમારી ઈચ્છા હોય તો વિનયનો કેમ ભંગ કરો છો ?" રાજાએ કહ્યું—" અહીં શું મેં અયોગ્ય કહ્યું ?" સૂરિ બોલ્યા—" દૂરથી તમે અમને જોઇને મનમાં વિચાર્યું હતું કે આ મૂઢ આ મૂઢોની સભામાં શું મિથ્યા બોલે છે ? આ પ્રમાણે તમે વિચાર કર્યો હતો, તે સત્ય કે અસત્ય ?" આ પ્રમાણે સૂરિનું વચન સાંભળીને રાજા આશ્ચર્ય પામીને બોલ્યો કે—" પરના અભિપ્રાયને તમો શી રીતે જાણો છો ?" સૂરિએ કહ્યું કે—" પાંચ જ્ઞાનમાંથી મારે ચાર જ્ઞાન છે. તેમાં પહેલું મતિજ્ઞાન છે, તે ઇંદ્રિયોની પ્રેરણાથી (જ્ઞાનથી) ઉત્પન્ન થાય છે. બીજું શ્રુતજ્ઞાન છે, તે શાસ્ત્રના અભ્યાસથી ગ્રહણ કરેલા વેદ વાકયોએ કરીને પદાર્થનું જ્ઞાન કરાવે છે. ત્રીજું અવધિજ્ઞાન છે, તે ઇંદ્રિયોના જ્ઞાનની અપેક્ષા વિના જ કેવળ આત્માથી જ પ્રગટ થાય છે, અને તે રૂપી દ્રવ્ય સંબંધી હોય છે. તથા ચોથું મન:પર્યવ નામનું જ્ઞાન છે, તેનાથી મનુષ્ય લોકમા વર્તતા સંજ્ઞી જીવોના વિચિત્ર અવસ્થાવાળા મનના પર્યાયોને આત્માવડે જ પ્રત્યક્ષ કરીને અર્થાપત્તિએ કરીને પરનુ મનચિંતિત જણાય છે. આ ચાર જ્ઞાન મારે છે. તેથી હું પરના મનના વિચારો જાણું છું. પાચમુ જે કેવળજ્ઞાન છે, સૂર્યના પ્રકાશમા અન્ય તારાઓના પ્રકાશની જેમ તેમા આ ચારે જ્ઞાનોનો સમાવેશ થાય છે. તે જ્ઞાનનો વિષય ત્રણ કાળ સબંધી સર્વ દ્રવ્યો અને તેના સર્વ પર્યાયો છે, તથા રૂપી અને અરૂપી પદાર્થોને પ્રકાશ કરનારૂં જે તે જ્ઞાન

તો મારે નથી, પરંતુ અવધિ અને મનઃપર્યવ જ્ઞાનના બળે કરીને તમારો અભિપ્રાય મેં જાણ્યો છે." તે સાંભળીને રાજાએ વિચાર્યું કે—"અહો! આ મહાજ્ઞાની છે. આની સાથે મારે જે સંભાષણ થશે તે મને અત્યંત લાભ માટે થશે." એમ વિચારીને બેસવાની ઈચ્છાથી તેણે સૂરિને કહ્યું—"જો આપની આજ્ઞા હોય તો હું નીચે બેસું." સૂરિએ કહ્યું—"આ પૃથ્વી તમારી જ છે. જે રીતે તમને સુખ ઉપજે તેમ કરો." ત્યાર પછી રાજા નીચે બેઠો અને બોલ્યો કે—" આપના મતમાં જીવ અને દેહનું ભિન્નપણું છે, તે ઘટતું નથી. જો કદાચ કોઈ આત્મા સુખી અને કોઈ દુઃખી છે તેની વ્યવસ્થા કરવા માટે પુણ્ય પાપની કલ્પના કરવી પડે અને ત્યાર પછી તે આત્માને પુણ્ય પાપ ભોગવવા માટે પરલોકમાં જવા આવવાની કલ્પના કરવી પડે, તો તે સર્વ પ્રત્યક્ષ પ્રમાણથી વિરૂદ્ધ છે. કારણ કે મારા પિતામહ તમારા અભિપ્રાયે મહાપાપી હતા. તેને હું અત્યંત પ્રિય હતો. તે મારા પિતામહ તમારા કહેવા પ્રમાણે નરકે ગયા હોવા જોઈએ, અને ત્યાં તો ઘણા દુઃખો સંભળાય છે. તેથી જો તમારૂં વચન સત્ય હોય તો તેણે નરકમાંથી આવીને મને કેમ નિષેધ ન કર્યો કે હે પૌત્ર! તું પાપ કરીશ નહીં, અને હું તો પાપ કરવાથી ઘણું દુઃખ પામ્યો છું. આવી રીતે ન થવાથી મેં નિશ્ચય કર્યો કે દેહ અને જીવ એકજ છે, ભિન્ન નથી. તથા કોઈ પરલોકમાં પણ જતો નથી." તે સાંભળીને આચાર્ય બોલ્યા કે—"હે રાજા! જો કોઈ પુરૂષને તમારી રાણીને ભોગવતો તમે જાણ્યો હોય તો તમે તેને કાંઈ દંડ કરો કે નહીં? રાજાએ કહ્યું—" તેને ઘણા પ્રકારની પીડા ઉપજાવીને મારીજ નાખું." ત્યારે સૂરિ બોલ્યા—"જો તે પુરૂષ તમને એમ કહે કે મને એક ક્ષણવાર મુક્ત કરો. કે જેથી હું મારા કુટુંબને શીખામણ આપું કે હે પુત્રો! આવું અકૃત્ય કરવાથી હું અત્યંત કદર્થનાનું સ્થાન થયો છું. તેથી તમારે કોઈએ આવું દુષ્ટ કર્મ કરવું નહીં. આ પ્રમાણે તમને પ્રાર્થના કરે તો તમે તેનું વચન અંગીકાર કરો કે નહીં? રાજાએ કહ્યું—"ના, હું તેને રજા આપું નહીં." ત્યારે સૂરિ બોલ્યા કે—"એજ રીતે તમારા પિતામહ તમને બોધ કરવા શી રીતે અહીં આવી શકે?" આ પ્રથમ પ્રશ્નનો ઉત્તર પૂર્ણ થયો.

છે અને ઉપદ્રવ ન હોય ત્યારે ચારસો જોજન સુધી ઉંચે જાય છે. તે વિષે કહ્યું છે કે—

" चत्तारि पंच जोयण सयाइं गंधो य मणुअ लोयस्स।
उड्ढं वच्चइ जेणं, न हु देवा तेण आवंति ॥ १ ॥ "

" મનુષ્ય લોકનો ગંધ ચારસો અથવા પાંચસો જોજન ઉંચે પ્રસરે છે. તેથી કરીને દેવો અહીં આવતા નથી. " તથા—

" संकंति(त) दिव्वपेमा, विसयपसत्ता समत्तकत्तव्वा ।
अणहीणमणुअकज्जा, नरभवमसुहं न इंति सुरा ॥ २२ ॥ "

" દેવો દિવ્ય પ્રેમમાં સંક્રમિત હોય છે, વિષય સુખમાં આસક્ત હોય છે, તેમનાં કર્તવ્યો (કાર્યો) સમાપ્ત થયેલાંજ હોય છે, તથા તેમનાં કાર્યો મનુષ્યને આધીન હોતાં નથી. તેથી તેઓ આ અશુભ મનુષ્યલોકમાં આવતા નથી. " તેથી તમારી પિતામહીનું[1] અહીં આગમન સંભવતું નથી. કારણ કે તેમને મનુષ્ય ભવ સંબંધી મોહ હોતો નથી. તથા તેઓ આ મનુષ્ય લોકના દુર્ગંધને સહન કરી શકતા નથી. એ પ્રમાણે બીજા પ્રશ્નનો ઉત્તર પૂર્ણ થયો.

આ પ્રમાણે સૂરિએ રાજાને પ્રત્યુત્તર આપ્યો તો પણ તે ફરીથી બોલ્યો કે—" મારી પિતામહીને અહીં નહી આવવાનું કારણ આપે બુદ્ધિના વૈભવથી કલ્પેલી ઉપમાવડે સિદ્ધ કર્યું. પરંતુ મેં દેહ અને જીવનો અભેદ (એકપતા) ઘણી યુક્તિઓથી સિદ્ધ કર્યો છે. તેથી મારી પ્રતિજ્ઞા સત્યજ છે. તે આ પ્રમાણે—એક ચોરને મેં છિદ્ર વિનાની કુંભીમાં જીવતો નાંખ્યો હતો. પછી તે કુંભીને દઢ રીતે ઢાંકી દીધી અને તેના પર ધાતરક્ત માટી વિગેરે પદાર્થોનો વજ્રલેપ કર્યો, પછી થોડા દિવસે તે કુંભી ઉઘાડી, તો ચોરને મરેલો જોયો. પરંતુ તેના જીવને નીકળવાનો કાંઇ પણ માર્ગ જોયો નહીં. તેથી મેં જાણ્યું કે—આની ચૈતન્યની શક્તિ એનાજ શરીરમાં લય પામી છે. જો કદાચ જૂદો કોઇ જીવ પદાર્થ હોત તો તેને બહાર નીકળવાનો માર્ગ પણ હોત. તે માર્ગ નહીં હોવાથી મારી પ્રતિજ્ઞા સત્ય છે. " આ પ્રમાણે રાજાએ કહ્યું, ત્યારે સૂરીશ્વર બોલ્યા

૧ પિતાની મા

કે—" હે રાજન્ ! એક ભોંયરામાં દુંદુભિને વગાડનાર રહેલો હોય. તે ભોંયરાનું દ્વાર સારી રીતે દઢ બંધ કરીયે. અને પછી તે દુંદુભિ વગાડે, તો તેનો શબ્દ બહાર રહેલા મનુષ્યો સાંભળેકે નહીં ?" રાજાએ કહ્યું—" હા, સાંભળે " સૂરિ બોલ્યા—તે શબ્દને નીકળવાનું દ્વાર છિદ્ર કોઇ પણ ઠેકાણે જણાય છે ? " રાજાએ કહ્યું—" ના. " સૂરિ બોલ્યા—જ્યારે સ્થૂળ પરિણામવાળા શબ્દને નીકળવાનું દ્વાર દેખાતું નથી, તો આકાશની જેવા અરૂપી આત્માને નીકળવાનું દ્વાર શી રીતે દેખાય ? " આ ત્રીજા પ્રશ્નનો ઉત્તર.

સૂરિ મહારાજે આ પ્રમાણે જવાબ આપ્યા છતાં રાજાને બરાબર શ્રદ્ધા ઉત્પન્ન થઇ નહીં. તેથી તેણે ફરીથી કહ્યું કે—" હે ભગવાન્ ! આ પણ આપે પોતાની બુદ્ધિથી ઉપમા પ્રમાણ વડે [illegible] સિદ્ધિ કરી, તો પણ મારા હૃદયમાં તે વાત દઢ થઇ નહીં. કારણ કે તેજ કુંભીમાં મુદ્રિત કરેલા ચોરના કલેવરમાં કૃમિઆઓ પડેલા હતા તો તે જીવો છિદ્ર વિનાની કુંભીમાં કયા દ્વારથી પેઠા ? વળી ચોરના શરીરમા પણ છિદ્ર દેખાતું [illegible] કે જેથી તેના શરીરમાંથી જીવો નીકળ્યા હોય એમ સિદ્ધ થઇ શકે. તેથી મેં નિશ્ચય કર્યો કે વિકાર પામેલા [illegible] એવુ રૂપ થયુ તો એ રીતે મારી પ્રતિજ્ઞા [illegible] આ પ્રશ્નના ઉત્તરમાં સૂરિ બોલ્યા કે—" હે રાજન્ ! [illegible] તપાવેલા લોઢાના [illegible] અગ્નિ પેઠેલો [illegible] કહ્યું—" હા, તેમ અગ્નિનો પ્રવેશ છે " [illegible] " તે લોઢાના [illegible] છિદ્ર [illegible] તે જ પ્રમાણે જીવ પણ [illegible] છે એમ [illegible] નહીં " [illegible] થ.

પડે છે, અને જુવાને છોડેલું બાણ દૂર જાય છે. તેથી કરીને જીવ અને દેહનો અભેદ માનીયે તો તે સર્વ ઘટે છે, અર્થાત્ નાના શરીરમાં થોડું બળ હોય અને મોટા શરીરમાં મોટું બળ હોય. તેથી કરીને સર્વ જીવોનું સમાન લક્ષણ માનવાથી તેમનું બળ પણ સમાન માનવાથી તે ઘટી શકતું નથી, તેથી મારી પ્રતિજ્ઞા જ સત્ય થાય છે." આ પ્રમાણે રાજાએ પૂર્વપક્ષ (પ્રશ્ન) કર્યો, ત્યારે આચાર્યે ઉત્તરપક્ષ કર્યો કે—" હે રાજન્ ! કોઇ બળવાન જુવાન ધનુષધારી વાંસના અથવા શીંગડાના ધનુષ ઉપર બાણ ચડાવીને તેને છોડે, તો તે બાણ જેટલી ભૂમિને ઉલંઘન કરે છે. (જેટલે દૂર જાય છે.) તેટલી જ ભૂમિને તે જ બાણ તે જ ધનુષધારીએ બાળકને ક્રીડા કરવાના ધનુષ ઉપર ચડાવીને મૂક્યું હોય તો ઉલંઘન કરે ? કે સમીપની ભૂમિમાં પડે ?" રાજાએ કહ્યું—" તે બાણ સમીપની ભૂમિ ઉપર જ પડે, પરંતુ પ્રથમના [illegible] દૂર ભૂમિ જઇ શકે નહીં." સૂરિએ પૂછ્યું—" [illegible] ?"

પ્રથમની જેટલોજ તેનો તોલ થયો, જરા પણ હીન–ઓછો થયો નહીં. તેથી મેં તર્ક કર્યો કે જો દેહથી ભિન્ન કોઇ જીવ પદાર્થ હોય તો તે જીવ ગયા પછી શરીરનો કાંઈક પણ ભાર ઓછો થવો જોઈએ. તેમ તો થયું નહિ. તેથી જીવ અને શરીર એકજ છે. ભિન્ન ભિન્ન નથી એમ મારો પક્ષજ સિદ્ધ થયો." તે સાંભળીને આચાર્ય મહારાજે પ્રત્યુત્તરમાં જણાવ્યું કે–"હે રાજન્! કોઈ માણસ ખાલી પાણી ભરવાની ચામડાની મસકને ત્રાજવામાં નાખી તેનો તોલ નિશ્ચિત કરે. પછી તેજ મસકમાં વાયુ ભરીને ફરીથી ત્રાજવામાં નાંખીને તેનો તોલ કરે, તો તેમાં કાંઇ પણ ભારની વૃદ્ધિ થાય?" રાજાએ કહ્યું –"ના, કાંઇ પણ વધે નહીં." સૂરિ બોલ્યા–"જો તેમાં ભારની વૃદ્ધિ ન થાય, તો અમૂર્ત એવા આત્માનો ભાર શરીરમાં શી રીતે વધે?" એ છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર પૂર્ણ થયો. ૬.

ત્યારપછી રાજાએ ફરીથી પૂર્વપક્ષ કર્યો કે–"એક ચોરને મેં સૂક્ષ્મ કકડા કરીને જોયો તો તેમાંથી ચામડી, રૂધિર વિગેરે સાત ધાતુઓ જોઇ તથા મલ મૂત્ર જોયા પરંતુ કોઇ પણ સ્થાને જીવને જોયો નહીં. તેથી મેં નિશ્ચય કર્યો કે જીવ અને શરીર એકજ છે ભિન્ન નથી." આ પ્રમાણે પ્રદેશી રાજાનું વચન સાંભળીને સૂરિ બોલ્યા કે–"હે પ્ર[illegible] રાજન્! તું પણ વનોપજીવી લોકની જેવા [illegible] રાજાએ પૂછ્યું કે "વનોપજીવી જનનું દૃષ્ટાંત [illegible] આચાર્ય બોલ્યા કે—

ફરી કરીને માગવામાં આવે છે. ૧. ગાથાપતિની સભામાં કોઇ અપરાધ કરે તો તેને ઘાસના પૂળાથી શરમાવવામાં આવે છે. ૨. બ્રાહ્મણની સભામાં અપરાધ કરનારને લોઢાની તપાવેલી સળીવડે કપાળમાં ડામ દેવાય છે. ૩ અને ઋષિની સભામાં અપરાધ કરનારનો ઋષિઓ વાણિવડે તિરસ્કાર કરે છે ૪. આ પ્રમાણે દંડ અપાય છે." તે સાંભળીને સૂરિ બોલ્યા કે—" હે રાજા ! આ પ્રમાણે જાણવા છતાં તું અમને કેમ ઉપાલંભ દે છે ? કે તું કુયુક્તિ કરીને વારંવાર બોલે છે કે મારી જ પ્રતિજ્ઞા સત્ય છે, એવું બોલીને તું વક્રતાને ધારણ કરે છે. તેથી તને અપરાધીને અમારે આવો તારો દંડ કરવો યોગ્ય છે. " આ રીતે સાતમા પ્રશ્નનો ઉત્તર સમાપ્ત થયો. ૭. અહીં કોઈ એમ કહે છે કે—' તમારે મને આવું (તું મૂર્ખ છે એવું) કહેવું યોગ્ય નથી ' આ વાક્યથી આરંભીને તેનું સૂરિએ સમાધાન કર્યું ત્યાં સુધીનો આઠમો પ્રશ્ન જાણવો.

ત્યારપછી પ્રદેશી રાજા બોલ્યો કે—" હે પૂજ્ય ! પહેલા જ પ્રશ્ને મારા મનની કલ્પના આપે કહી બતાવી, તે જ વખતથી હું પ્રતિબોધ પામ્યો છું. તો પણ ઘણા પ્રશ્નો કરવાથી મને લાભ છે. એમ ધારીને મેં વક્રતા ધારણ કરી છે. હવે આપ તો મહાજ્ઞાની છો, તેથી મને શરીરથી ભિન્ન જીવ દેખાડો. " આ પ્રમાણે રાજાએ કહ્યું, તેજ વખતે તેની પાસે રહેલા વૃક્ષનાં પાંદડાં તથા તેની નાની શાખાઓ ચલાયમાન થઇ તે જોઇને આચાર્યે કહ્યું કે—" હે રાજન્! આ વૃક્ષના પાંદડાં તથા શાખાઓને કોઇ દેવ કે બીજો કોઇ હલાવે છે ? " રાજા બોલ્યો—" એને વાયુ હલાવે છે તેમાં શો સંદેહ છે?" સૂરિએ કહ્યું—" તું વાયુને જુએ છે ? " રાજા બોલ્યો—" ના, હું ચક્ષુવડે જોતો નથી, પરંતુ તે વાયુ સ્પર્શ ગુણે કરીને પ્રત્યક્ષ જ છે ભલે ચક્ષુથી પ્રત્યક્ષ ન હોય " ત્યારે સૂરિ બોલ્યા—" જેમ તું વાયુને ચક્ષુવડે જોતો નથી અને સ્પર્શ ઇંદ્રિયવડે પ્રત્યક્ષ માને છે એજ રીતે જ્ઞાન ગુણવાળા જીવને મનવડે પ્રત્યક્ષ સ્વીકાર કર. તે પણ ચક્ષુવડે પ્રત્યક્ષ નથી " આ આઠમો અથવા નવમો પ્રશ્નોત્તર થયો. ૮-૯

ફરીથી રાજાએ પૂછયુ —" આપે કુંથવાનો અને હાથીનો પણ જીવ સરખોજ કહ્યો તે શી રીતે માની શકાય? નાના સ્થાનમાં નાની વસ્તુ રહી શકે છે. અને મોટી વસ્તુ તો મોટા સ્થાનમાં રહી શકે તેજ યોગ્ય છે. આચાર્ય બોલ્યા-"હે આયુષ્મન્ ! આ તારા પ્રશ્નના જવાબમાં દીવાની પ્રભાનુ દ્રષ્ટાંત જાણવાનું છે. દીવાને કોઈ મોટી શાળામાં રાખ્યો હોય તો તે આખી મોટી શાળામાં પ્રકાશ કરે છે, તેજ દીવો નાના ઘરમા મૂકયો હોય તો તે તેટલાજ ઘરને પ્રકાશિત કરે છે, તેજ દીવાને ઘડામાં રાખ્યો હોય તો તે ઘડાનો જ ઉદ્યોત કરે છે, અને તેજ દીવાને નાના કળસમાં રાખ્યો હોય તો તે તેનેજ પ્રકાશિત કરે છે. એજ રીતે આત્મા પણ જેટલા શરીર રૂપ ક્ષેત્રને અવગાહીને રહ્યો હોય, તેટલા જ શરીરક્ષેત્રને ચેતના રૂપ ગુણે કરીને પ્રકાશિત કરે છે. આ નવમો અથવા દશમો ઉત્તર જાણવો ૯-૧૦.

આ પ્રમાણે આચાર્યે કહ્યું, ત્યારે ફરીથી રાજા બોલ્યો કે-જો કે આપના વચન સાભળીને હુ નિશ્ચયપણે પ્રતિબોધ પામ્યો છું, તો પણ મારા બાપદાદાનો ચિરકાળથી આવતો માર્ગ ત્યાગ કરવા હું સમર્થ નથી. આ પ્રમાણે તેનુ વચન સાભળીને સૂરિ બોલ્યા-"હે રાજન ! આ રીતે બોલવાથી તો તું લોહવણિક જેવો થયો." રાજાએ પૂછયું-" તે લોહવણિક કેવો હતો ? સૂરિબોલ્યા-સાંભળ.

કોઇ એક ગામમાં ઘણા વણિકો એકઠા મળી ગાડાઓ લઇ કોઇ ગામ તરફ ચાલ્યા, માર્ગમા તેઓએ એક લોહ (લોઢા)ની ખાણ જોઇ, તેથી તે સર્વેએ પોતપોતાના સર્વ ગાડાઓ લોહથી ભરી દીધાં. પછી તેને વેચવા માટે કોઇ નગર તરફ જતા માર્ગમા એક તાંબાની ખાણ તેમની દ્રષ્ટિએ પડી. તે જોઇને તેઓ હર્ષ પામી પરસ્પર બોલ્યા કે અહો ! આ તાબું લેવાથી આપણને ઘણો લાભ થશે, તેથી આ લોઢાનો ભાર ત્યાગ કરીને આપણે તાંબુંજ લઇએ. તે સાંભળીને માત્ર એકજ વણિક વિના બીજા સર્વેએ તે વચન અંગીકાર કર્યું અને લોહનો ત્યાગ કરી સર્વ ગાડાઓ તાંબાથી ભર્યાં. તે એકજ વણિકે " अङ्गीकृतं सुकृतिनः परिपालयन्ति " " પંડિત પુરૂષો જેનો અંગીકાર કર્યો હોય તેનું જ પાલન કરે છે. ' એમ વિચારીને તે

નાના પ્રકારના દેશોની ભાષાને જે જાણે, તે નાનાવિધ દેશ ભાષાજ્ઞ કહેવાય છે. આચાર્યને ભિન્ન ભિન્ન દેશોમાં વિચરવું પડે છે, તેથી તેઓ જો તે તે દેશની ભાષા જાણવામાં નિપુણ હોય, તો તે તે દેશના લોકોને તે તે ભાષાએ કરીને પ્રતિબોધ આપવા સમર્થ થઇ શકે છે. અન્યથા થઇ શકતા નથી. આ ઓગણીસમો ગુણ થયો. ૧૯

" પંચવિહે આયારે જુત્તો "–આચાર્ય પાંચ પ્રકારના આચારે કરીને યુક્ત હોવા જોઇએ. તે પાંચ આચાર આ પ્રમાણે-જ્ઞાનના આચારે કરીને યુક્ત હોય છે. તેથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ આ પાંચ જ્ઞાનમાંથી જે સમયે તે કોઇ પણ એક કે વિગેરે જ્ઞાનવડે યુક્ત હોવા જોઇએ અને જ્ઞાન ભણવાથી કાળે વિનય પૂર્વક કરવા ઇત્યાદી આચારને પાળવા કરવાવાળા એ વીસમો ગુણ થયો. ૨૦

દર્શનાચાર યુક્ત– દર્શનના આચારે કરીને યુક્ત. અહીં દર્શન એટલે સમ્યક્ત્વ–તત્વને વિષે શ્રદ્ધાન જાણવું. તેથી આચાર્ય સમકિતના આચારવડે યુક્ત હોવા જોઇએ એ એકવીસમો ગુણ. ૨૧

ચારિત્રાચાર યુક્ત —ચારિત્ર રૂપ આચારે કરીને યુક્ત હોવા જોઇએ એ બાવીસમો ગુણ. ૨૨

તપ આચાર યુક્ત — તપ રૂપ આચારે કરીને યુક્ત હોવા જોઇએ એ ત્રેવીસમો ગુણ. ૨૩

વીર્યાચાર યુક્ત – વીર્ય એટલે મન, વચન અને કાયાનું બળ તેનું જે આચરણ કરવું તે વીર્યાચાર કહેવાય છે, તે વીર્યાચારે કરીને યુક્ત હોવા જોઇએ, એ ચોવીસમો ગુણ. ૨૪

સૂત્રાર્થ તદુભયવિધિજ્ઞ – સૂત્ર, અર્થ અને તે બન્નેને જાણવું [illegible] તે રૂપ વિધિને જાણનાર હોવા જોઇએ. એ પચીસમો ગુણ. ૨૫

આહરણ હેતુ ઉપનયનિપુણ – આહરણ એટલે દ્રષ્ટાંત, [illegible]

"શબ્દ નિત્ય છે, અમૂર્ત છે માટે, ઘટની જેમ" અહીં શબ્દને વિષે નિત્યપણું સાધ્ય છે, અને અમૂર્તપણું એ સાધન છે. તે બન્ને (સાધ્ય અને સાધન-નિત્યપણું અમૂર્તપણું) ઘટ રૂપી દૃષ્ટાંતમાં સંભવતુ જ નથી. કારણ કે ઘટમા અનિત્યપણું રહેલું છે તેથી સાધ્ય વિરૂદ્ધ છે, અને ઘટમા મૂર્તપણું રહેલું હોવાથી સાધન વિરૂદ્ધ છે. તેથી આ આહરણતદ્દોષ કહેવાય છે. અથવા તો દૃષ્ટાંતમાં અસભ્ય વચન બોલવું તે પણ આહરણતદ્દોષ કહેવાય છે. જેમકે કોઈ માણસ નિયમ લેતા આ પ્રમાણે બોલે કે—"હું સર્વથા પ્રકારે મૃષાવાદનો ત્યાગ કરૂં છું ગુરૂના મસ્તકના છેદનની જેમ." આ પ્રયોગમાં જો કે ગુરૂના મસ્તકનો છેદ સર્વથા પ્રકારે ત્યાગ કરવા લાયકજ છે, તો પણ આવું દૃષ્ટાંત સભામા બોલવું અયોગ્યજ છે. તેથી આ પણ આહરણતદ્દોષજ કહેવાય છે. અથવા જે દૃષ્ટાંતમાં સાધ્ય સંભવતું હોય, પરંતુ તેમા બીજો દોષ ઉત્પન્ન થતો હોય તો તે પણ આહરણતદ્દોષજ કહેવાય છે. જેમ કોઈએ આ પ્રમાણે પ્રયોગ કર્યો—"પુણ્યના કાર્યમા અધિક અધિક પ્રયત્ન કરવો, અધિક અધિક પુણ્યનું કારણ છે માટે." જેમકે નારદીય પુરાણમાં કહ્યું છે કે—

"वरं कूपशताद्वापी, वरं वापीशतात्क्रतुः ।
वरं क्रतुशतात्पुत्रः, सत्यं पुत्रशताद्वरम् ॥"

"સો કૂવા કરાવવા કરતા એક વાવ કરાવવી સારી છે, સો વાવો કરાવવી તે કરતા એક યજ્ઞ કરવો સારો છે. સો યજ્ઞો કરવા કરતા એક પુત્ર ઉત્પન્ન કરવો સારો છે, અને સો પુત્ર ઉત્પન્ન કરવા કરતા સત્ય બોલવું, તે સારૂં છે."

અહીં સત્યને પુણ્યનું કારણ કહેવું તે યોગ્ય છે. પરંતુ કૂવા, વાવ વિગેરે તો સમારંભના કારણો હોવાથી દોષનો સંભવ છે. તેથી આ પણ આહરણતદ્દોષજ કહેવાય છે. અથવા કોઈ બુદ્ધિમાન બોલે કે—"આ જગત કોઈનું બનાવેલું છે. વિચિત્ર પ્રકારના સંનિવેશવાળું છે માટે જેમ જેમ ઘટનો કર્તા કુંભાર છે, તેમ જગતનો પણ કર્તા કોઈ હોવો જોઈએ. અને તેથી તેનો કર્તા જે છે તે ઈશ્વરજ છે." આ પ્રયોગમા ઘટનો કર્તા કુંભાર કહ્યા તે જ્ઞાત-દૃષ્ટાંત છે. તે

કુંભાર અનીશ્વર છે (ઇશ્વર નથી) તેથી આ દૃષ્ટાંતે કરીને જગતના કર્તાપણે કલ્પના કરેલા ઇશ્વરનું પણ અનીશ્વર પણુંજ સિદ્ધ થયું. તેથી આ પણ આહરણતદ્દોષ કહેવાય છે. આ સર્વ ચોથા ભેદમાં સમજવા. ૩. હવે ઉપન્યાસોપનય નામનો ચોથો ભેદ કહે છે. પોતાનો મત સ્થાપન (પ્રસિદ્ધ) કરવા માટે દૃષ્ટાંત રૂપે જે વસ્તુ સ્થાપન કરી (કહી) હોય, તેજ દૃષ્ટાંતમાં તેના જ મતને ખંડન કરનારો કોઇ એક ધર્મ (ગુણ) કે જે તે દૃષ્ટાંતમાં જ રહેલો હોય તેને સ્થાપન કરવામાં આવે, તો તે ઉપન્યાસોપનય કહેવાય છે. જેમકે—“ આત્મા અકર્તા છે. અમૂર્ત છે માટે આકાશની જેમ. ” આ પ્રમાણે સાંખ્યમતવાળાએ પોતાનો મત સ્થાપન કર્યો તે ઉપર કોઇ કહે છે કે—આકાશ અભોક્તા પણ છે, તેથી આત્માને અભોક્તા પણ માનવો પડશે. અને તેમ માનવું સાંખ્યના મતને અનિષ્ટ છે. કેમકે તેઓ આત્માને ભોક્તા તો માને છે અથવા કોઇએ જે પ્રયોગ કર્યો હોય, તેમાંજ કોઇ બીજો પ્રશ્ન કરે ત્યારે તેને તેજ ઉત્તર આપે, તો તે પણ ઉપન્યાસોપનય કહેવાય છે જેમકે—“ જેઓએ સર્વ સંગનો ત્યાગ કર્યો હોય, તેઓ વસ્ત્ર-પાત્રાદિકનો સંગ્રહ કરતા નથી ઋષભદેવ સ્વામી [illegible] જેમ ” આ પ્રમાણે કોઇએ કહ્યું, તેને બીજા કોઇએ પ્રશ્ન કર્યો કે “ [illegible] સંગ્રહ કરે કે નહિ ? ” આવો પ્રશ્ન કરનારને “ [illegible] સંગ્રહ કરતા નથી ” એજ ઉત્તર આપવાનો [illegible] તેથી આ પણ ઉપન્યાસોપનય કહેવાય [illegible] આ પ્રમાણે દૃષ્ટાંતના [illegible] ભેદ પૂર્ણ થયા છે.

[illegible]

[illegible] ઉદાહરણ [illegible] આહરણ તદ્દોષ

[illegible] ઉપન્યાસોપનય [illegible]

[illegible]

છે. તેના પણ ચાર પ્રકાર છે. દ્રવ્યાપાય ૧, ક્ષેત્રાપાય ૨, કાલાપાય ૩ અને ભાવાપાય ૪. તેમાં જે પ્રયોગમાં દ્રવ્યને જ અનર્થરૂપે દષ્ટાંત તરીકે કહેવામાં આવે, તે દ્રવ્યાપાય કહેવાય છે. તેનો પ્રયોગ આ પ્રમાણે "દ્રવ્યાપાય ત્યાગ કરવા લાયક છે. અનર્થનું કારણ છે. માટે બે વણિક ભાઈઓની જેમ. અહીં બે વણિક ભાઈઓની કથા આ પ્રમાણે-

કોઇ બે વણિક ભાઇઓ પરદેશ જઇ ધન ઉપાર્જન કરી પોતાના ઘર તરફ ચાલ્યા. પોતાના ગામની સમીપે આવતાં માર્ગમાં એક સુવર્ણની ભરેલી વાંસળી તેઓને હાથ લાગી. તેના લોભથી તે બન્નેના મનમા એક બીજાને મારવાનો અધ્યવસાય થયો. તેથી તે બન્નેએ પોતપોતાના મનમા વિચાર કર્યો કે "જન્મથી આરંભીને અમોને પરસ્પર અત્યંત પ્રેમ છે, તેમાં જે આ દુષ્ટ અધ્યવસાય ઉત્પન્ન થયો, તેનું કારણ આ દુષ્ટ દ્રવ્યજ છે. તેથી કરીને આ દુષ્ટ વાંસળીનો જ ત્યાગ કરવો યોગ્ય છે." આ પ્રમાણે વિચારીને તે બન્નેએ પોતાના નગરની સમીપના દ્રહમાંજ તે વાંસળી નાંખી દીધી. તે વાંસળીને કોઈ મત્સ્ય ગળી ગયો. પછી બન્ને ભાઇઓ ઘેર આવ્યા. માતાના ચરણમાં નમસ્કાર કર્યો. તેમને એક બેહેન હતી. તે તેમને માટે ભોજન તૈયાર કરવા સારૂ નગરમા શાક લેવા ગઇ. તે વખતે કોઈ ધીવર (મચ્છીમાર) પાસેથી તે જ વાંસળીવાળા મત્સ્યને લીધો. પછી ઘેર આવીને તેણી છરીવડે તે મત્સ્યને કાપવા લાગી તેવામાં તેના ઉદરમાંથી તે સુવર્ણની વાસળી નીકળી તે વાંસળીને તેણી પોતાના કંચુકમા છુપાવવા લાગી તે તેણીની માતાએ તેણીને જોઇ તેથી "હે વત્સા! શું સંતાડે છે?" એમ માતાએ કહીને તેણીના કંચુકમા હાથ નાંખ્યો. એટલે તરતજ તે બેહેને માતાને છરીવડે મર્મ સ્થાનમાં ચીંપી. તેથી માતા તત્કાળ મરણ પામી. તે જોઇ ભયભીત થયેલી બેહેને તે વાંસળી ભાઇઓને દેખાડી. તે જોઇને ભાઈઓએ વિચાર કર્યો કે-"અહો! દ્રવ્ય અનર્થનુ મૂળજ છે." આ પ્રમાણે સંસારથી ઉદ્વેગ પામીને તે બન્નેએ દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે તેઓ ચારિત્રનુ પાલન કરી સદ્ગતિ પામ્યા. આ પહેલું દ્રવ્યાપાય રૂપ ઉદાહરણ કહેવાય છે.

હવે જે ક્ષેત્રમા અપાયનો-અનર્થનો સંભવ હોય, તે બીજું

દેવમા ઉત્પન્ન થયો. ત્યાંથી ચવીને દૃષ્ટિવિષ સર્પ થયો. ત્યાં કાંઈક નિમિત્ત મળવાથી તેને જાતિ સ્મરણ થયું. અને સાધુના ભવમાં ક્રોધ કર્યો હતો તેનું ફળ મળ્યું તે જાણ્યું, તેથી વૈરાગ્ય પામી અનશન ગ્રહણ કરી બિલમાજ સંતાઈ રહ્યો. આ અવસરે તે દેશના રાજાનો કુમાર સર્પદંશને લીધે મરણ પામ્યો. તેથી ક્રોધ પામેલા રાજાએ ગારૂડીઓને આજ્ઞા આપી કે— " જે કોઈ સ્થાને સર્પ હોય, તે સર્પને પકડીને મારી નાખો. " ને ઉપરથી કોઈક ગારૂડી આ અનશન ગ્રહણ કરનાર નાગને મંત્રના બળથી બિલમાથી બહાર કાઢવા લાગ્યો. તે વખતે તે સર્પે વિચાર કર્યો કે જો હું બહાર નીકળીશ તો મારી દૃષ્ટિથી આ ગારૂડી બળીને મરણ પામશે. તેથી તે પૂંછડાના ભાગથી બહાર નીકળવા લાગ્યો. તેના ગારૂડીએ ટુકડે ટુકડા કરી નાખ્યા. તો પણ તેણે સમાધિનો ભંગ કર્યો નહીં. આ એક ભાવાપાય નામનું આહરણ કહ્યું. ત્યારપછી તે સર્પ પણ મરીને દત્ત નામના રાજાનો પુત્ર થયો. તેણે બાલ્યાવસ્થામાજ દીક્ષા ગ્રહણ કરી. તે નાગદત્ત નામનો ક્ષુલ્લક તિર્યંચના ભવમાથી આવેલો હોવાથી અત્યંત ક્ષુધાતુર થયો, તેથી સૂર્યનો ઉદય થાય ત્યાથી પ્રારંભીને સૂર્યાસ્ત પર્યંત ભોજન કર્યા કરતો હતો. તેથી તે લોકમા કુરગડુ નામે પ્રસિદ્ધ થયો. તે એકદા ચાર માસના ઉપવાસ કરનારા ચાર સાધુઓની સાથે કોઈક ગામમાં ચોમાસુ રહ્યો. ત્યા તે હમેશા આહાર લાવીને તે ચાતુર્માસ ઉપવાસી સાધુઓને નિમંત્રણ કરતો હતો. એકદા તેઓ ક્રોધથી તેના આહારમા થુંક્યા તો પણ ક્રોધરૂપી ભાવાપાયનો નાશ કરનારા આ કુરગડુએ તેમના થુંકને અમૃત સમાન ગણી આહાર કરવા માંડયો. તે અવસરે તેના ગુણથી વશ થયેલી શાસનદેવીએ તે ચાતુર્માસ ઉપવાસી સાધુઓને પ્રતિબોધ કરવા માટે ત્યા આવીને તેઓને પૂછ્યુ કે— " નાગદત્ત સાધુ ક્યા છે ? હું તેને વાદવા આવી છું." ત્યારે તેઓ બોલ્યા કે—" હે ભદ્રે ! તેં તારે યોગ્ય સાધુ આવા બેઠા છે. ત્યા જઈને તેને વાદ. " તે સાભળીને શાસન દેવીએ ત્યા જઈ તેને વંદના કરી. તે વખતે સર્વ ભાવાપાયને વર્જનારા તેણે ક્ષપક શ્રેણીપર આરૂઢ થઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. દેવોએ તેનો કેવળી મહિમા કર્યો.

તે જાણીને આ ચારે ગુણ તેને ખપાવી કેવળજ્ઞાનને પામ્યા. આ બીજું અપાયાપાય નામનું આહરણ થયું. આ રીતે ચાર પ્રકારનું અપાય આહરણ સમાપ્ત થયું. ૧

હવે બીજા ઉપાય આહરણની વ્યાખ્યા કરે છે. તેમાં પ્રથમ ઉપાય આહરણ એટલે શું ? તે કહે છે—ઉપાયવડે જે અર્થ સાધવા લાયક હોય તે ઉપેય કહેવાય છે. તે પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એમ ચાર પ્રકારનો છે તેમાં જે સાધન હોય તે ઉપાય કહેવાય છે. તે ઉપાયજ આહરણ એટલે દૃષ્ટાન્ત હોય તો તે ઉપાય આહરણ કહેવાય છે. તેમાં પ્રથમ દ્રવ્યોપાય આહરણને વિષે આ પ્રમાણે પ્રયોગ કહેવો—" સુવર્ણાદિક દ્રવ્ય રસાયણાદિક ઉપાયવડે સાધવા લાયક છે. ધાતુવાદની સિદ્ધિની જેમ." અહીં સુવર્ણરૂપી દ્રવ્ય સાધવાલાયક છે, તેમાં ધાતુવાદની સિદ્ધિએ ઉદાહરણ છે, એજ પ્રમાણે દ્રવ્યોપાયના બીજા ઉદાહરણો પણ જાણવાં. તથા ક્ષેત્રરૂપ સાધ્યને વિષે ઉપાય રૂપ ઉદાહરણ જે કહેવું, તે ક્ષેત્રોપાય ઉદાહરણ કહેવાય છે. જેમકે ક્ષેત્રને ખેડવા માટે હળ, બળદ વિગેરે સામગ્રી [illegible] તો તેજ આહરણ કહેવાય. તે ક્ષેત્રોપાય આહરણ કહેવાય છે તથા કાળને જાણવા માટે [illegible] અને શંકુછાયા વિગેરે ઉપાય છે તથા [illegible] આહરણ [illegible]

વિચાર કર્યો કે-"કોઇ આવશ્યક કાર્યને લીધે કોઇ પુરૂષે આવું સાહસ કર્યું છે. અને તે પણ આવી ચોરી કરનાર કોઇ નીચ કુળનો હોવો જોઇએ." આ પ્રમાણે વિચારીને તેણે તે ચોરનો ભાવ જાણવા માટે તેવા નીચ કુળના મનુષ્યોને એકઠા કરીને તેમની પાસે તેણે એક કથા કહી -એક મોટી ઉમ્મરની કન્યા પોતાને ઇષ્ટવરની પ્રાપ્તિ થવા માટે કામદેવની પૂજા કરવા હંમેશા એક [1]આરામમાંથી પુષ્પની ચોરી કરતી હતી. હવે તે ઉદ્યાનપાલક હમેશાં સુંદર પુષ્પોની ચોરી થતી જાણીને એકદા ચોરને પકડવા માટે એક લતામંડપમાં સંતાઇને રહ્યો. પછી તે પુષ્પોને ચોરનારી કન્યાને તેણે પકડી. ત્યારે તે બોલી કે-"હું ઇષ્ટવરની પ્રાપ્તિને માટે કામદેવની પૂજા કરવા આ પુષ્પોને લઉં છું. તેથી મને આ અપરાધને યોગ્ય દંડ આપ." તે સાંભળીને તે બોલ્યો કે-"તારે પરણ્યા પછી તેજ દિવસે પતિનો સંગમ કર્યા પહેલાંજ મારી પાસે આવવું. આજ તારો દંડ યોગ્ય છે." તેણીએ પણ તેનું વચન અંગીકાર કર્યું. ત્યારપછી કેટલેક કાળે તેણી અભીષ્ટ વરને પરણી. તે વખતે રાત્રીએ તેણીએ પોતાના પતિને પોતાની કરેલી પ્રતિજ્ઞા નિવેદન કરી, તે સાંભળીને તેણીને સત્ય પ્રતિજ્ઞાવાળી જાણીને તુષ્ટ થયેલા પતિએ [2]આરામિક પાસે જવાની રજા આપી. રાત્રિને સમયે તેણી આરામિક પાસે જતી માર્ગમાં ચોરોએ પકડી. તે વખતે આ સ્ત્રીએ પોતાની પ્રતિજ્ઞા સત્ય કરવા માટે પોતાના પતિની પણ આજ્ઞા મળી છે એ વાત કહી તે સાંભળીને ચોરોએ કહ્યું કે-"હે સ્ત્રી! આરામિકનો મનોરથ સફળ કરીને તારે અહીં આવવું." તેણીએ તે અંગીકાર કર્યું. પછી ત્યાંથી આગળ ચાલતી તેણીને એક રાક્ષસે પકડી. તેની પાસે પણ તેણીએ સત્ય વાત કહી. તેથી પ્રસન્ન થયેલા રાક્ષસે પણ ચોરની જેમ કહીને તેણીને મુકી દીધી. ત્યારપછી તે સ્ત્રી ઉપવનમાં આરામિક પાસે ગઇ અને પોતાના પતિની આજ્ઞા, ચોરની અને રાક્ષસની આજ્ઞા મળી તે વાર્તા નિવેદન કરી. તે સાંભળીને "અહો! આ સ્ત્રીની કેવી સત્ય પ્રતિજ્ઞા છે?" એમ વિચારી આરામિક તુષ્ટમાન થયો. અને પોતાની બહેન તરીકે તેણીને અંગીકાર કરી રજા

---

૧ બગીચો ૨ માળી

તેનુ અમોઘ વચન કહ્યુ તે તેની ધર્મદેશના જાણવી. વાવ કહી તે સંસાર જાણવો. તેમાંથી કમળને કાઢ્યું તે નિર્વાણ જાણવું. આ સ્થાપનાએ કરીને એમ જણાવ્યુ કે—કાદવની જેવા વિષયોમાં ખુચી ગયેલા પરતીર્થના આચાર્યો કમળરૂપી ભવ્ય પ્રાણીને પણ વાવરૂપી સંસારમાંથી બહાર કાઢી શકતા નથી મોક્ષ પમાડી શકતા નથી અને સાધુ પમાડી શકે છે. તેથી તેની ધર્મદેશના વડે ભવ્ય પ્રાણીનો ઉદ્ધાર સ્થાપન કર્યો. આ કલ્પિત સ્થાપનાએ કરીને પણ પરમતનું [illegible] સ્વમતનું સ્થાપન કર્યું. તેથી તે સ્થાપના કર્મ કહેવાય. એ રીતે ઉદાહરણ હોવાથી સ્થાપના કર્મ આહરણ થયું.

અથવા પોતાના દોષનુ આચ્છાદન કરવા માટે પોતાની ઇષ્ટ વસ્તુની સ્થાપના કરવી, તે પણ સ્થાપન કર્મ કહેવાય છે. જેમકે— કોઈ એક અતિસારના વ્યાધિવાળા માણીએ રાજમાર્ગમાં જતાં વ્યાજ મળોત્સર્ગ થયો. પછી પોતાના દોષ છુપાવવા માટે તે વિષ્ટા ઉપર પુષ્પના ઢગલા કર્યા. લોક લોકોએ તેને પૂછ્યું કે—'આ શું?' ત્યારે તે બોલ્યો કે [illegible] આ સ્થાને હિંગુશિવ નામના દેવ પ્રગટ થયા છે. તેની મેં પુષ્પાદિક પૂજા કરી.' આવું તેનું વચન સાંભળી અન્ય જનોએ પણ તે સ્થાનની પૂજા કરી તે દિવસથી તે સ્થાને હિંગુશિવ નામના દેવની સ્થાપના થઈ. આ પણ સ્થાપના કર્મ કહે- વાય છે. આ રીતે સ્થાપના કર્મ આહરણની વ્યાખ્યા ન પૂર્ણ થઈ ?

[illegible] નામનું આહરણ કહેવાય છે [illegible] કરીને [illegible] નાશ કરે તે પ્રત્યુ [illegible] નગરમાં રાજાની [illegible] માટે [illegible] તેના માતાની [illegible] પાસે [illegible] આ ચોરે [illegible] તેથી [illegible] આ [illegible]

શ્રીગૌતમ ગણધરે અષ્ટાપદ પર્વતપરથી ઉતરીને પાંચમો તાપસોને પ્રતિબોધ પમાડી દીક્ષા આપી. તેઓને કેવળજ્ઞાન થયેલું જાણી પોતાને તે જ્ઞાન ન થવાથી મનમાં ખેદ પામ્યા. તે વખતે શ્રીભગવાન મહાવીર સ્વામીએ "चिरसंसुट्ठोसि गोयमा" "હે ગૌતમ ! તું ઘણા કાળનો પરિચિત છે." ઇત્યાદિ વચનોવડે સમાધિ પમાડી. ત્યારપછી સર્વનો મોહ દૂર કરવાના હેતુથી ભગવાને એક ગૌતમને ઉદ્દેશીને દ્રુમપત્રિકા નામનું અધ્યયન કર્યું. એજ પ્રમાણે સિદ્ધાંતમાં ઘણા નિશ્રાવચન કહેલા છે તેથી આ નિશ્રાવચન રૂપ આહરણ તદ્દેશ કહેવાય છે આ પ્રમાણે ચાર પ્રકારનો આહરણ તદ્દેશ સમાપ્ત થયો. ૨

હવે ત્રીજા આહરણ તદ્દોષની વ્યાખ્યા કરે છે—તે દૃષ્ટાંતનો જે દોષ, તેજ જ્યાં આહરણ એટલે ઉપનયનું સ્થાન હોય, તે તદ્દોષ આહરણ કહેવાય છે. અહીં પણ પ્રાકૃતને લીધે આહરણ શબ્દ પ્રથમ મૂકવાથી આહરણ તદ્દોષ એવો શબ્દ બને છે. તે પણ ચાર પ્રકારનો છે. તે વિષે શ્રીસ્થાનાંગમાં કહ્યું છે કે—" आहरणतद्दोसे चउव्विहे प-न्नत्ते, तं जहा–अहम्मजुत्ते १ पडिलोमे २ अत्तोवणीए ३ दुरुवणीए ४ આ આલાવાની વ્યાખ્યા આ પ્રમાણે—આહરણ તદ્દોષ ચાર પ્રકારે છે—અધર્મયુક્ત ૧, પ્રતિલોમ ૨, આત્મોપનીત ૩ અને દુરૂપનીત ૪ તેમાં અધર્મે કરીને જે યુક્ત હોય તે અધર્મ યુક્ત કહેવાય છે. એટલે કે જે દૃષ્ટાંતે કરીને લોક અધમ માં જોડાય, તે અધર્મયુક્ત આહરણ તદ્દોષ કહેવાય છે અહીં પ્રયોગ આ પ્રમાણે છે—" શત્રુઓ સર્વથા પ્રકારે નાશ કરવા લાયક છે. નળદામ નામના તંતુવાય (વણકર) ની જેમ." તેની કથા આ પ્રમાણે

ચાણક્ય નામના બ્રાહ્મણે પાટલિપુત્ર નગરના નવમા નંદ રાજાનું ઉન્મૂલન કરીને મૌર્યવંશના ચંદ્રગુપ્તને રાજ્ય ઉપર સ્થાપન કર્યો. ત્યારપછી નંદ રાજાના પુરૂષો ચોરવૃત્તિથી નગરમાં ઉપદ્રવ કરવા લાગ્યા. તેથી નગરની રક્ષા માટે ચાણક્ય ઉપાય શોધવા લાગ્યો. એકદા નગરમાં ભમતા ચાણક્યે એક નળદામ નામના તંતુવાયને જોયો. તે વખતે તેના છોકરાને મંકોડા કરડી જવાથી તે અત્યંત

કરી. તેણે પણ [illegible] પૂછ્યું [illegible] ત્યારે તે બોલી કે—" જેણે [illegible] રવિરથી [illegible], તેઓને મરણનો ઉપદ્રવ કરનારી શક્તિ [illegible] તે શક્તિ પણ તમારા [illegible] છે " તે સાંભળીને [illegible] પોતાની [illegible] પત્નીઓ તેડી [illegible] " આ મારી પત્નીઓ [illegible]

[illegible]

જતી વખતે તેના ભાતાના મોદકમાં તે દૃષ્ટિવિષ સર્પ નાંખ્યો. તે લઈ દૂત ઉજ્જયિની તરફ ચાલ્યો. માર્ગમાં ભોજન સમયે એક સ્થળે બેશીને તે ભાતાની ગાંઠ છોડવા લાગ્યો. તે વખતે તે અપશુકનોએ તેને જમતો નિવાર્યો તેથી તે ભોજન કર્યા વિનાજ આગળ ચાલ્યો. કેટલેક દૂર જઇને ફરીથી ભોજન કરવાના હેતુથી ગાંઠ છોડવા લાગ્યો, ત્યારે પણ અપશુકન થયા. એ રીતે ત્રણ વાર થવાથી તે ભોજન કર્યા વિનાજ ઉજ્જયિનીમાં આવ્યો, અને સર્વ રાજકાર્ય કર્યાનું નિવેદન કર્યું. તેના મુખથી ગ્લાનિ જોઇને પ્રદ્યોત રાજાએ તેનું કારણ પૂછવાથી તે દૂતે માર્ગમાં ભાતું ખાતી વખતે થયેલા અપશુકનનો વૃત્તાંત કહ્યો. તે સાભળીને રાજાએ અભયને બોલાવી પૂછ્યું કે—“આ દૂતને ભાતું ખાતી વખતે અપશકુન થવાનું કારણ શું છે?” તે સાભળી અભયે ભાતાની પોટલીને હાથવતી સ્પર્શ કરી તથા સુંઘીને કહ્યું કે—“આમા મોદક યુક્ત દૃષ્ટિવિષ સર્પ છે. તેની શાંતિ માટે વનમા જઇને કોઇ માણસે અવળુ મુખ રાખીને આ પોટલી છોડીને મૂકી દેવી.” તે સાભળીને રાજાએ આજ્ઞા કરેલા કોઇ પુરૂષે વનમા જઇ અવળે મુખે પોટલી છોડી, તો તેમાં રહેલા દૃષ્ટિવિષ સર્પની સન્મુખ રહેલા સર્વ વૃક્ષો બળી ગયા અને મુહૂર્ત પછી સર્પ પણ મરી ગયો. તે જોઇને રાજાએ તુષ્ટમાન થઇ અભયને કહ્યું કે—“ માત્ર એક બંધનથી છુટવા સિવાય બીજું ગમે તે વરદાન માગ.” ત્યારે અભય બોલ્યો કે “ આ વરદાન હાલ તમારી પાસેજ થાપણ તરીકે રાખો અવસરે હુ માગી લઇશ ” હવે રાજાને અંગારવતી નામની રાણી હતી. તેણીની કુક્ષિથી ઉત્પન્ન થયેલી વાસવદત્તા નામની તેને એક પુત્રી હતી. તે કન્યા સર્વ કળાઓ અને ગુણોથી ભૂષિત હતી. તેણીને ગાંધર્વ વિદ્યા શીખવવા માટે રાજા ગંધર્વ વિદ્યામા નિપુણ આચાર્યની શોધ કરતો હતો. તે વખતે તેણે સાંભળ્યું કે—કોશાંબી નગરીના શતાનીક રાજાનો મૃગાવતીની કુક્ષિથી ઉત્પન્ન થયેલો ઉદયન નામનો રાજા ગાંધર્વ વિદ્યામાં કુશળ છે. તેના ગાયનથી હાથી પણ એટલો બધો મોદ પામે છે કે તેને લાવીને હસ્તિશાળામાં ખીલાએ બાંધે, તો પણ તે પોતાનાં બંધનને પણ જાણતો નથી અને ગાયનો રાગ તો પણ તે સાંભળી બેઠો સ્થિર થઈ જાય

કરીને તેણીની સામું જોયું. તેણીએ પણ તેને જોયો. બન્નેને પરસ્પર પ્રીતિ થઇ. પછી ઉદયને કહ્યું કે—"હે પ્રિયા! તારૂં હરણ કરીને હું તને કૌશાંબી લઇ જઉં." તેણીએ તેનું વચન અંગીકાર કર્યું ત્યાર પછી ઉદયને કૌશાંબી નગરીમાં પોતાના પ્રધાન યૌગંધરાયણને આ સમાચાર મોકલ્યા. તે જાણીને યૌગંધરાયણ ઉજ્જયિનીમા આવી ઉન્મત્ત (ગાંડા) નો વેષ ધારણ કરી નગરીમાં ભમતો ભમતો બોલવા લાગ્યો કે—"મારા સ્વામીને તથા રાજાની પુત્રીને જો હું કૌશાંબી લઇ જાઉં, તોજ હું ખરો યૌગંધરાયણ." આ વચન લોકોના મુખથી સાંભળીને રાજા કોપાયમાન થયો. તે અવસરે યૌગંધરાયણે પણ ઉન્મત્ત વેષે કરીને જ નિર્લજ્જ થઇને પ્રસંગે રાજા દેખતાં જ તેની સન્મુખ ઉભો રહીને પેશાબ કર્યો. તે જોઇ તેનું ઉન્મત્તપણું રાજાએ જાણ્યું. અને 'આના વચન ઉપર શો વિશ્વાસ?' એમ વિચારી કોપનો ત્યાગ કર્યો. એકદા અનલગિરિ નામનો હાથી બંધન તોડીને નગરીમાં ભમવા લાગ્યો. આખા નગરમાં કોલાહલ થઇ ગયો. તેનો નિગ્રહ કરવા કોઇ શક્તિમાન થયું નહીં. તેથી રાજાના પૂછવાથી અભયે કહ્યું કે—"આ વખત ઉદયન રાજા ગાયન કરે તો તે વશ થાય. તેથી પ્રદ્યોતની આજ્ઞાએ કરીને ઉદયને ગાયન ગાયું. તેનાથી મોહ પામેલો અનલગિરિ સ્થિર થઇ ગયો, ત્યારે માવતો તેની ઉપર ચઢી તેને બંધનસ્થાને લઇ ગયા. તે અવસરે રાજાએ અભયને બીજું વરદાન આપ્યું. અભયે પણ રાજાની પાસેજ સ્થાપન કર્યું. પછી યૌગંધરાયણે પ્રદ્યોત રાજાની વેગવતી નામની હાથણીના માવત વસંતને દ્રવ્યથી લોભ પમાડી પ્રદ્યોત રાજાથી વિરૂદ્ધ કર્યો. તે વેગવતી હાથણી એક ઘડીમાં સો ગાઉ ચાલતી હતી. હવે એકદા પ્રદ્યોત રાજાએ વનક્રીડા કરવા માટે આદેશ કર્યો કે—"આજે ઉદયન અને વાસવદત્તા એ બન્નેએ સાથેજ રહીને અમોને સંગીત સંભળાવવું." એમ કહીને તે વનમાં ગયો. તે વખતે કૌશાંબી જવા માટે વસંત માવતે વેગવતી હાથણીને તૈયાર કરી, અને તે હાથણીનાજ મૂત્રના ભરેલા ચાર ઘડાઓ તેની પીઠ ઉપર બાંધ્યા. પછી તેના પર ઉદયન

પ્રસન્ન થયેલા રાજાએ અભયને કહ્યું કે–"વરદાન માગ." ત્યારે અભયે આ પ્રમાણે ચારે વરદાન માંગ્યાં–"હે રાજન! તમે અનલગિરિ હાથીના માવત થાઓ, હું શિવાદેવીના ખોળામાં તે હાથી ઉપર બેસું, એ રીતે અનલભીરૂ રથનાં લાકડાંની ચિતામાં પ્રવેશ કરૂં, આ પ્રમાણે મારૂં ઇચ્છિત પૂર્ણ કરો." આ વરદાન આપવાને અસમર્થ રાજાએ તેને કહ્યું કે–"તારે ઘેર તું જા, હું તને રજા આપું છું." આ પ્રમાણે આજ્ઞા પામેલો અભયમંત્રી ઉજ્જયિનીથી નીકળીને રાજગૃહ નગરમાં ગયો. કેટલોક સમય નિર્ગમન કર્યા પછી અભયકુમાર અત્યંત રૂપવાળી બે ગણિકાઓને લઇ સાર્થવાહનો વેષ ધારણ કરી ઉજ્જયિની નગરીમાં જઇ રાજમાર્ગમાં ભાડે ઘર લઇને રહ્યો. ત્યાં પોતાના એક સેવકને પ્રદ્યોત નામે સ્થાપન કરી તેને ખોટો ગાંડો બનાવ્યો. તેથી તે આખી નગરીમાં ભમતો હતો. તેને અભય હમેશાં બાંધીને પોતાને ઉતારે લાવતો હતો. તેને જ્યારે બાંધીને અભય લઇ જતો હતો, ત્યારે તે બોલતો કે–"મને પ્રદ્યોતને આ લોકો લઇ જાય છે." હમેશાં આ પ્રમાણે થવાથી લોકો 'આવું તો હમેશાં થાય છે' એમ જાણી તેની સન્મુખ દૃષ્ટિ પણ નાંખતા નહીં. હવે એકદા તે બન્ને ગણિકાએ પોતાના ઘરના ગવાક્ષમાં બેસીને પોતાના મહેલમાં રહેલા પ્રદ્યોત રાજાને કટાક્ષોથી વિંધવા લાગી. તેથી કામ વડે વિહ્વલ થયેલા રાજાએ તેણીને અનુકૂળ કરવા માટે એક દૂતીને મોકલી. તે દૂતીએ રાજાની વતી ઘણી પ્રાર્થના કરી ત્યારે ત્રીજે દિવસે તે ગણિકાઓએ તેની પ્રાર્થના અંગીકાર કરી, અને કહ્યું કે–"આજથી સાતમે દિવસે અવસર મળશે. માટે તે દિવસે રાજાએ એકલા અમારે ઘેર આવવું. ત્યારપછી સાતમે દિવસે મધ્યાન્હ સમયે રાજા તેણીના મકાનમાં ગુપ્ત રીતે એકલો ગયો. તરત જ પ્રથમથી સંકેત કરેલા અભયના સુભટોએ તેને બાંધી લીધો. પછી અભયે પોતાનો સર્વ સાર્થ પ્રથમથી વિદાય કરી પાછળથી તે પ્રદ્યોતને પર્યંકમાં બાંધી તેને લઇને રાજમાર્ગે થઇને જ નીકળ્યો. તે વખતે "મને પ્રદ્યોતને આ લોકો લઇ જાય છે." એમ રાજાએ ઘણી બૂમો પાડી. નો પણ આ તો હમેશનું જ કાર્ય છે એમ જાણી કોઇએ તેના

હવે ચોથો દુરૂપનીત નામનો આહરણ તદ્દોષ કહેવાય છે. એક દોષ ઉપર બીજા દોષને પ્રકટ કરવો તે દુરૂપનીત કહેવાય છે. તેથી તે તે નામનો આહરણ તદ્દોષ કહેવાય છે. " મત્સ્યનો વધ કરનાર પરિવ્રાજકના વચનની જેમ. " તેની કથા આ પ્રમાણે.—

કોઇ પાપી પુરૂષ પરિવ્રાજકનો વેષ ધારણ કરી મત્સ્ય પકડવાની જાળ સ્કંધ ઉપર રાખીને જતો હતો. તેને કોઇ સન્મુખ મળેલા પુરૂષે પૂછ્યું કે-" અરે ભિક્ષુ ! આ તમારી કંથામાં એક પણ વસ્ત્રનો કકડો રહ્યો નથી, અને કેવળ દોરામય જ દેખાય છે. તેનું શુ કારણ ? " ત્યારે તે પાપીએ કહ્યું કે-" અરે ! આ કંથા નથી. પણ મત્સ્ય પકડવાની જાળ છે. " ફરીથી તેણે પૂછ્યું-" અરે પાપી ! શું તું મત્સ્ય ખાય છે ? " તેણે કહ્યું-" મદિરા સાથે મત્સ્ય ખાવા પડે છે. " ફરીથી તેણે પૂછ્યું-" શું તું મદિરા પણ પીએ છે ? " પાપીએ કહ્યું-" વેશ્યાની પ્રેરણાથી સુરાપાન પણ કરવું પડે છે. " પ્રશ્ન કરનારે પૂછ્યુ -" અરે ! શું વેશ્યાગમન પણ કરે છે ?" પાપી બોલ્યો " હા મારા શત્રુઓના મસ્તક ઉપર પગ મૂકીને વેશ્યાને ઘેર જાઉં છું " પૃચ્છકે પૂછ્યું-" તારે વળી શત્રુ કોણ છે?" પાપી બોલ્યો " હું જેમના ઘર અને હાટની ભીંત ફાડું છું, તે શું મારા શત્રુઓ ન કહેવાય ? " તેણે ફરીથી પૂછ્યું-" ત્યારે શું તું ચોર પણ છે ? " પાપીએ કહ્યું-" જો હું ચોરી ન કરૂં, તો જુગાર શી રીતે રમી શકું ? " તેણે ફરીથી પૂછ્યુ -" ત્યારે તું કોઇ અધમનો છે ? " ત્યારે તે બોલ્યો " રાજાની દાસીનો પુત્ર છું. " તે સાંભળી પૃચ્છક બોલ્યો " જો એમ છે, તો આ સર્વ બાબત તારામાં સંભવે જ છે " આ દૃષ્ટાંતમાં ઉપરાઉપર દોષનું પ્રકટ કરવું તે જ દુરૂપનીત છે. આ અર્થને સૂચન કરનાર પ્રશ્નોત્તર સહિત શ્લોક આ પ્રમાણે છે

"भिक्षो कन्था श्लथा ते नहि शफरवधे जालमश्नासि मत्स्यान्,
ते वै मद्योपदंशाः पिबसि ननु युतो वेश्यया यासि वेश्याम् ।
दत्वाऽरीणां गलेऽङ्घ्रिं क्व नु तव रिपवो भित्तिभेत्ताऽस्मि येषां,
चौरोऽसि द्यूतहेतोस्त्वमसि कथमिति दासीसुतोऽस्मि ॥१८"

કરે છે-બીજાએ સ્થાપન કરેલી જે વસ્તુ તે તદ્વસ્તુક કહેવાય છે. તેણે કરીને સહિત એવો જે ઉપન્યાસોપનય, તે પણ તદ્વસ્તુક કહેવાય છે: જેમકે સમુદ્રને કાંઠે મોટું વૃક્ષ છે. તેની છાયા જળમાં અને સ્થળમાં બન્ને ઠેકાણે પડે છે. તેમાં તેનાં જે પાંદડાંઓ જળમાં પડે છે, તે સર્વ જળચર જીવો થાય છે, અને જે પાંદડાંઓ સ્થળમાં પડે છે, તે સર્વ સ્થળચર જીવો થાય છે. અહીં કોઇ પુરૂષ આ તેના પક્ષને અસિદ્ધ-ખંડન કરવા માટે પત્રના પડવારૂપ વસ્તુને ગ્રહણ કરીને-આશ્રીને ઉત્તર આપે કે-" હે ભાઇ ! તારા કહેવા પ્રમાણે ભલે હો; પરંતુ જળ અને સ્થળની વચ્ચે જે પત્રો પડે તે પત્રો કેવાં થાય છે ? " આવા ઉત્તરવડે તેના પક્ષનું ખંડન કર્યું. આવા દૃષ્ટાંતે કરીનેજ બીજાએ કરેલા પક્ષને તેનાજ વચનવડે દૂષિત કરવો, તે ઉપન્યાસોપનય કહેવાય છે. અથવા અહીં આ પ્રમાણે પ્રયોગ કરવો. " જળ અને સ્થળની વચ્ચે પડેલાં પત્રો જળચર કે સ્થળચર જીવોરૂપ થતાં નથી. તે બેની વચ્ચે પડેલાં પત્રની જેમ. " જો કદાચ પક્ષ કરનારને પોતાના પક્ષમાંજ આગ્રહ હોય તો તે જળ અને સ્થળની વચ્ચે પડેલાં પત્રો તે બન્ને પ્રકારના જીવોરૂપે થવાં જોઇએ અને એવા પ્રકારના તો કોઇ પણ જીવો હોતા નથી. તેથી તેજ (જળ અને સ્થળની વચ્ચે પડેલા પત્રોની જેમ એજ) દૃષ્ટાંત ઉપન્યાસોપનય કહેવાય છે. ૧

હવે બીજા તદન્યવસ્તુક ઉપન્યાસોપનયની વ્યાખ્યા કરે છે- પ્રથમ વસ્તુને સાધવા માટે જે સાધન કર્યું હોય, તે સાધનથી અન્ય કાંઇ પણ વસ્તુ લઇને તેની સ્થાપન કરેલી-સિદ્ધ કરેલી વસ્તુનું ખંડન કરાય, તે તદન્યવસ્તુક કહેવાય છે. જેમકે-તે ઉપરનાજ પક્ષમાં પત્રના પડવારૂપ સાધન બોલીને તે પત્રનું ભોજન સ્થાપન કરવું એટલે કે જો તે વૃક્ષોનાં પત્રો પાડીને ખાઇએ તો તે કેવાં થાય? જો પડવાના આશ્રયને લીધે જળમા પડેલાં જળચર અને સ્થળમાં પડેલાં સ્થળચર થતાં હોય તો મનુષ્યોએ ભક્ષણ કરેલાં તે પત્રો મનુષ્યરૂપે થવાં જોઇએ તેમ તો છે નહીં. આ પણ પરમતના ખંડનમાં તદન્યવસ્તુક નામનો ઉપન્યાસોપનય કહેવાય છે. તેવા પ્રકારના જ્ઞાનનું હેતુરૂપ હોવાથી આને દૃષ્ટાંત (જ્ઞાત) કહી શકાય છે. ૨

જોઈએ. દરેક ગામમાં કોઈ શહેર નથી. તેથી લોકોનો મધ્ય ભાગ તો મેરુ પર્વતના ઉપરના પરિમાણ જ છે. એ સ્થાનથી જ તે સ્થાને તે મધ્યભાગ ક્યાંથી હોય ?" તે સંબંધી સર્વ લોકોએ ઉપર પ્રમાણ જ લોકનો મધ્ય ભાગ અંગીકાર કર્યો આ રીતે જ હેતુ પોતાના પક્ષને સિદ્ધ કરે તે વ્યાપક હેતુ કહેવાય છે, જેમ ધુમાડો એ અગ્નિનો વ્યાપક હેતુ છે, અથવા આ રીતે પ્રયોગ કહેવો "સર્વ વસ્તુ નિત્ય અને અનિત્ય છે, અનેકાન્તપણું પ્રાપ્ત છે." આ પ્રમાણે અનેકાન્ત પક્ષ વ્યાપક હેતુ છે. ૨

હવે ત્રીજા અસાધક હેતુની વ્યાખ્યા કરે છે—અંશ એટલે થોડું પ્રમાણ તે અસાધક કહેવાય છે, જેમ કોઈ ગામડીઓ માણસો નગર તરફ આવેલો હતો, માર્ગમાં એક મજેની નિસરણી* જોઈને તેણે વિચાર્યું કે—"આના ઉપર ચઢનારાઓને આ પણ નિસરણી સ્વર્ગને માટે થશે." એમ જાણીને તેણે તેના ઉપરના ભાગમાં [illegible], અનુક્રમે તે [illegible] [illegible]

[illegible]

* [illegible]

બીજાનો પણ અભાવ હોય તે આ પ્રમાણે—અહીં શીંશપા (વૃક્ષ [illegible] નથી, વૃક્ષનોજ અભાવ છે તેથી. અહીં વૃક્ષનોજ અભાવ હોવાથી શીંશપા નામના વૃક્ષનો પણ અભાવજ છે. ૪

આ રીતે બાર પ્રકારે હેતુનું સ્વરૂપ કહ્યું. આ હેતુના જ્ઞાનમાં આચાર્ય નિપુણ હોવા જોઇએ તેથી હેતુનિપુણપણા નામનો આ સતાવીશમો ગુણ જાણવો. ૨૭

હવે ઉપનયની વ્યાખ્યા કરે છે—જે અર્થ (પદાર્થ) દૃષ્ટાંતવડે દૃઢ કર્યો હોય તેજ અર્થને કહેવાને ઇચ્છેલા દાષ્ટાંતિકમાં લઇ જવો, યોજના કરવી તે ઉપનય કહેવાય છે. જેમકે જંબુસ્વામીના ચરિત્રમાં તે ઉપનય કર્યો છે તેની કથા આ પ્રમાણે છે—

વસંતપુર નગરમાં શતાયુધ નામે રાજા હતો, તેને લલિતા નામની પટ્ટરાણી હતી તેજ નગરમાં સમુદ્રદત્ત નામનો એક શેઠ રહેતો હતો. તેને લલિતાંગ નામે પુત્ર હતો. તે યુવાવસ્થાને પામેલો મહા રૂપવાન અને [illegible] અનુક્રમે યૌવનને [illegible] લલિતાંગ નગર [illegible] હમેશાં ક્રીડા કરે છે એકદા તેને પોતાના મહેલમાં બેઠેલી લલિતા [illegible] દીઠો. તેનું રૂપ [illegible] મોહ પામેલી તેણીને તે લલિતાંગની [illegible] તેથી [illegible] પ્રેરણાથી ચતુરિકા [illegible] પરિચય [illegible]

અવસ્તુ રૂપેજ છે. અર્થ ક્રિયા કરવાનું વિશેષને આધીન કહી શકાય છે, પણ સામાન્યનો આશ્રય કરાતો નથી. જેમકે ગાય દોવાય છે એમ કહી શકાય. પરંતુ ગાયપણું દોવાય છે એમ કહી શકાય નહીં. માટે વિશેષજ તત્વ છે. કેમકે વિશેષ વડેજ વ્યવહારની પ્રવૃત્તિ હોવાથી સર્વ જગત પ્રવર્તે છે; આ નયને અનુસરનારા વૈદિકના ભેદવાળા મીમાંસકો છે. આગમમાં પણ બે પ્રકારના જીવો છે–મુક્ત અને સંસારી. સંસારી જીવો પણ બે પ્રકારના છે. ત્રસ અને સ્થાવર. આ પ્રમાણે વ્યવહાર નયવડે કરીનેજ જીવની પ્રરૂપણા કરાય છે. ૩.

ઋજુસૂત્ર નયનું સ્વરૂપ–થઈ ગયેલી વસ્તુનો નાશ થયો તેથી તે અવસ્તુ છે અને થવાની વસ્તુ હજુ થઈ નથી તેથી તે પણ સસલાના શીંગડાની જેમ અવસ્તુજ છે. તેથી કરીને બાકી રહેવાથી વર્તમાન કાળમાં રહેલી જે વસ્તુ તેજ સત્–છતી વસ્તુ છે. તે વર્તમાન [illegible] સમયનોજ છે તેથી કરીનેજ જે સત્ છે, તે ક્ષણિક છે [illegible] બૌદ્ધનો મત છે [illegible] આ સમય [illegible] જીવ જે ઉપ[illegible]

[illegible] જીવ [illegible] રૂપણા કરાય છે

[illegible]

અનુસરતો ન હોય સર્વ જ્ઞાન (સર્વ પદાર્થનું જ્ઞાન) શબ્દ વડે કરી તેજ જાણે ઓતપ્રોત થએલું હોય એમ જાણે છે."

વળી જે જગતમાં ઘણા પર્યાયોએ કરીને એકજ વર્તતો અર્થ કહેવાય છે જેમ કે ઘટને [illegible] જાતિ અને સંખ્યા (વચન)નો સંબંધ છે, તેમ તેના પર્યાયોને [illegible] પણ જાતિ અને સંખ્યાનો સંબંધ છે. આવું નામ [illegible] કહેવાય છે જેમ કે ઇંદ્ર, શક્ર, પુરંદર આદિ [illegible] એકજ [illegible] કહેનારા છે. એજ પ્રમાણે ઘટ, કુંભ, કળશ, [illegible] એકજ [illegible] આકારવાળા [illegible] અર્થને કહે છે આ શબ્દ નય છે.

હવે સમભિરૂઢ નયનું સ્વરૂપ કહે છે—જે નામમાં જે શબ્દો એકજ અર્થને કહેનારા હોય, તોપણ તેમાં દરેક શબ્દનો અર્થ જુદો [illegible] ભિન્ન ભિન્ન જણાતો હોય, તે નય સમભિરૂઢ નામનો કહેવાય છે. જેમ કે- ઇંદ્ર શબ્દમાં ઇંદ્ ધાતુ ઐશ્વર્ય અર્થવાળો [illegible] નિશ્ચયવાન થાય છે. શક્ર શબ્દમાં શક્ ધાતુ [illegible] શક્રનો અર્થ શક્તિમાન થાય [illegible] શબ્દમાં [illegible] રૂપ અર્થ છે [illegible] અર્થ ભિન્ન ભિન્ન છે, એજ પ્રમાણે આત્મામાં પણ "[illegible]" [illegible] આત્માના [illegible] (ગણીને) [illegible] ભિન્ન ભિન્ન અર્થ જાણવા. ૧

છે. જેમ ગૃહસ્થાશ્રમમાં રહેલા છેલ્લા તીર્થંકર વર્ધમાન શબ્દના પ્રયોગથી સંભળાવામા આવે છે. ૭

આ પ્રમાણે સાતે નયોની લેશથી વ્યાખ્યા કરી. અહીં નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ ત્રણ નયો દ્રવ્યાર્થિક નયો કહેવાય છે, અને બીજા નયો પર્યાયાર્થિક કહેવાય છે. તેમાં પણ ઋજુસૂત્ર નયને કેટલાક આચાર્યો દ્રવ્યાર્થિક પણ કહે છે, આમાં એક એક નયના અભિપ્રાયને આગ્રહથીજ વળગી રહેવું, તેજ મિથ્યાત્વ છે. અને સર્વ નયનો જે સ્વીકાર કરવો, તે સમ્યક્ત્વ કહેવાય છે. આ સર્વ નયોને વિષે આચાર્ય નિપુણ હોવા જોઇએ. એ ઓગણત્રીશમો ગુણ થયો. ૨૯

ગ્રાહણા કુશળ—જેના વડે હિત અર્થ ગ્રહણ કરાવાય તે ગ્રાહણા. એટલે ભવ્યોને હિતોપદેશ દેવાની શક્તિ. તેમાં જ કુશળ-ચતુર હોય, તે ગ્રાહણા કુશળ કહેવાય છે. એટલે ભવ્યોને હિતોપદેશ દેવાની શક્તિવાળા. જો કદાચ તથાપ્રકારના કર્મના ઉદયને લીધે પોતાનું (પોતાના આત્માનું) હિત કરવામાં અસમર્થ હોય, તો પણ બીજાઓને હિત ગ્રહણ કરાવી શકે, તો તે પણ પોતાના હિતને માટેજ થાય છે કહ્યું છે કે—

" ग्राहयन्ति हितं लोकानलग्नाः स्वहिते तु ये ।
परानुग्रहतस्ते हि वन्द्याः स्युर्नन्दिषेणवत् "

[illegible]

[illegible] ની [illegible]

[illegible]

પણ દાન આપ્યું. તેથી તેણે મહાભોગ કર્મ ઉપાર્જન કર્યું. પછી કેટલેક કાળે તે દાસ મરણ પામીને દેવ થયો. ત્યાંથી ચ્યવીને રાજગૃહ નગરમાં શ્રેણિક રાજાનો નંદિષેણ નામે પુત્ર થયો. તે સમયે તે બ્રાહ્મણનો જીવ પણ કેટલાક ભવો ભમીને કસી નામના વનમાં હાથણીના ગણમાં કોઈ હાથણીની કુક્ષિમાં ગર્ભપણે ઉત્પન્ન થયો. તે ગણમાં યૂથપતિ હાથી બીજા હાથીથી પોતાના પરાભવની શંકાએ હોવાથી જેટલા હાથીનો જન્મ થાય તે સર્વને તત્કાળ મારી નાંખતો હતો, અને હાથણીનો જન્મ થાય તો તેનું રક્ષણ કરતો હતો. તે વખતે આ નિયમના ગર્ભવાળી હાથણી પોતાના ગર્ભના અનુભવની શંકા થવાથી કપટથી લંગડી થઈને ધીમે ધીમે યૂથની પાછળ ચાલવા લાગી. કોઈ વખત એક બે પહોર વીતી જાય ત્યારે યૂથની ભેગી મળતી, કોઈ વખત એક દિવસે, કોઈ વખત બે ત્રણ દિવસે મળતી. એ પ્રમાણે કરતી તે હાથણી તાપસોના આશ્રમમાં આવી અને પોતાની સૂંઢવડે તાપસોના પગનો સ્પર્શ કરી તેમને નમસ્કાર કરવા લાગી. તાપસોએ તેણીને શરણે આવેલી જાણીને 'તારા ગર્ભનું કુશળ થાઓ' એમ કહી તેણીને આશ્વાસન આપ્યું. પછી એકદા તે હાથણીએ તે આશ્રમમાં પુત્રને પ્રસવ્યો. તાપસના પુત્રોએ તે હસ્તિબાળકનું લાલન પાલન કર્યું. હાથણી પણ વખતો વખત આવીને તેને સ્તનપાન કરાવવા લાગી. આ રીતે તે હસ્તિબાળ વૃદ્ધિ પામી તાપસકુમારો સાથે ક્રીડા કરવા લાગ્યો, અને તે તાપસકુમારોની સાથે પોતે પણ નદીમાંથી પાણીવડે પોતાની સૂંઢ ભરીને આશ્રમના વૃક્ષોને સીંચવા લાગ્યો. આ પ્રમાણે સીંચનક્રિયા કરતો હોવાથી તાપસોએ તેનું સેચનક એવું નામ પાડ્યું. અનુક્રમે તે વૃદ્ધિ પામતાં અનુક્રમે ત્રીશ વર્ષનો યુવાન હાથી થયો. એકદા તે વનમાં [illegible] હતો, તેવામાં તેણે તે યૂથપતિને જોયો. [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

તેથી ક્રોધ પામેલા તાપસોએ શ્રેણિક રાજાની પાસે જઈ પોતાના વનમાં એક હસ્તિરત્ન છે એમ જણાવ્યું. તે સાંભળીને રાજાએ કેટલાએક ઉપાયો કરીને તેને પકડી લાવી હસ્તિશાળામાં દૃઢ બંધનથી બાંધ્યો. પછી એકદા તાપસોએ તેને આપેલા જોઈ વાણીવડે તેની તર્જના કરી કે—" જેવું તેં કર્મ કર્યું, તેવુંજ ફળ તને મળ્યું." આ વચન સાંભળી ક્રોધાયમાન થયેલો તે હસ્તી બંધનોને તોડીને તાપસોની પાછળ તેમને હણવા દોડ્યો તાપસો નાશી ગયા. ચોતરફ કોલાહલ ઉછળ્યો. તે વખતે શ્રેણિકનો પુત્ર નંદિષેણ તેના પૂર્વ ભવનો વૃત્તાંત સંભારી તેની પાછળથી પૂંછડાને પકડી પીઠપર ચઢી મસ્તક ઉપર વજ્ર મુઠી મારી તેના સ્કંધ ઉપર ચઢી બેઠો. તે જોઈ શ્રેણિક રાજાએ તેનો સત્કાર કરી તેને પાંચસો કન્યાઓ પરણાવી. એકદા ભગવાન શ્રી મહાવીર સ્વામી રાજગૃહ નગરમાં સમવસર્યા. તેમને વાંદવા માટે પિતાની સાથે નંદિષેણ પણ ગયો. ત્યાં ભગવાનની દેશના સાંભળી નંદિષેણ પ્રતિબોધ પામ્યો. એટલે તેણે ભગવાનની પાસે પ્રવ્રજ્યાની આજ્ઞા માગી ત્યારે ભગવાન પણ આનાથી ધર્મ વૃદ્ધિ થશે એમ જાણીને 'હે દેવાનુપ્રિય! જેવી તારી ઇચ્છા' એમ બોલ્યા. પરંતુ તેને [illegible] વિઘ્ન આવવાનું છે એમ જાણીને 'પ્રતિબંધ ન [illegible]' એવું બીજું વાક્ય બોલ્યા નહીં. ત્યારે [illegible] માત પિતાની સાથે પ્રવ્રજ્યા [illegible] રી તેમને આજ્ઞા [illegible] નંદિષેણ [illegible] પ્રતિજ્ઞાએ [illegible] દર્શન શાસનની [illegible] તે વખતે [illegible] નંદિષેણ [illegible] [illegible] પોતાન [illegible] આ [illegible] [illegible] [illegible] નંદિષેણ [illegible] [illegible] મનની [illegible]

" ક્રિયાવાદીના એકસો એંશી ભેદ છે, અક્રિયાવાદીના ચોરાશી ભેદ છે. અજ્ઞાનવાદીના સડસઠ ભેદ છે, અને વિનયવાદીના બત્રીશ ભેદ છે. " આ રીતે ૩૬૩ મતો છે.

૧ ક્રિયાવાદીઓના ૧૮૦ મતો છે, તે ક્રિયાવાદીઓ આસ્તિક મતવાળાજ છે. તેઓ ક્રિયાનેજ મુખ્ય માને છે, તેથી ક્રિયા વિના મોક્ષ થતો નથી. તેઓ સ્વીકારે છે, પરંતુ તેમના માર્ગમાં દોષ આવે છે. તે આ પ્રમાણે–તેઓમાના કેટલાએક એમ માને છે કે–" જીવ સ્વતઃ સિદ્ધ કાળથી નિત્ય છે. " આ પ્રમાણે માનનારા તેમનો આ અભિપ્રાય છે–જીવ એવો પદાર્થ છે ખરો. પરંતુ તે સ્વતઃ એટલે પોતાની અપેક્ષાએજ છે. પોતાની મેળેજ સિદ્ધ છે માટે. આવો છતા પણ નિત્યજ છે, પણ અનિત્ય છે એમ નથી. આવો છતાં પણ કાળ થકી એટલે કાળની અપેક્ષાએ છે એટલે કે માત્ર ત્રણ કાળને આશ્રીનેજ આ જીવનુ સ્વતઃપણું–સહજ સિદ્ધપણું તથા નિત્યપણું છે. આમ માનવાથી તેમના મતમા કાળનુ જ કર્તાપણું સિદ્ધ થાય છે. કેમકે તેઓ કહે છે કે—

" कालः सृजति भूतानि, कालः संहरति प्रजाः ।
कालः सुप्तेषु जागर्ति, कालो हि दुरतिक्रमः ॥ "

" કાળ પ્રાણીઓને ઉત્પન્ન કરે છે, કાળ પ્રાણીઓનો વિનાશ કરે છે, અને પ્રાણીઓ સુતા હોય ત્યારે પણ કાળ જાગૃત રહે છે, માટે કાળ ઉલ્લંઘન કરી શકાય તેવો નથી. "

આ પ્રમાણે પાંચે ભેદો પોત પોતાના અભિપ્રાયથી નિત્યપણાને આશ્રીને થાય છે. તેજ પ્રમાણે અનિત્યપણાને આશ્રીને પણ તેજ પાંચ ભેદો સંભવે છે. કારણ કે આ મતવાળાઓ પર્યાયની અપેક્ષાએ જીવ વસ્તુને અનિત્ય માને છે. તેથી પાંચને બમણા કરવાથી દશ ભેદો થાય છે. ૧૦

આ દશે ભેદો જેમ સ્વતઃ માનવામાં આવે છે, તેમ કેટલાએક પરતઃ[૧] પણ માને છે. કેમકે તેઓ વસ્તુનું અસ્તિપણું (હોવાપણું) પરની અપેક્ષાએ માને છે. જેમકે ઘટ વિનાની બીજી સર્વ વસ્તુની અપેક્ષાએ ઘટનું અસ્તિપણું સિદ્ધ થાય છે (એટલે કે પટ પુસ્તક વિગેરે સર્વ પદાર્થોથી ઘટ એ કોઈ જુદીજ વસ્તુ છે.) એજ પ્રમાણે સર્વ વસ્તુનું અસ્તિપણું પરની અપેક્ષાએજ સિદ્ધ થાય છે. તેથી કરીને જેમ સ્વતઃના પક્ષમાં દશ ભેદ થાય છે, તેમ પરતઃના પક્ષમાં પણ દશ ભેદ થાય છે એ પ્રમાણે જીવના અસ્તિપણામાં વીશ ભેદો સિદ્ધ થયા ૨૦

આ પ્રમાણે અજીવ પદાર્થના અસ્તિપણામાં પણ વીશ ભેદો થાય છે, તેજ પ્રમાણે પુણ્યના અસ્તિપણામાં વીશ ભેદો થાય છે, તેજ પ્રમાણે પાપના અસ્તિપણામાં વીશ ભેદો, આશ્રવના અસ્તિપણામાં વીશ ભેદો, સંવરના અસ્તિપણામાં વીશ ભેદો, નિર્જરાના અસ્તિપણામાં વીશ ભેદો, બંધના અસ્તિપણામાં વીશ ભેદો અને મોક્ષના અસ્તિપણામાં વીશ ભેદો થાય છે આ સર્વ ભેદો મળીને કુલ એકસોને એંશી ભેદો થાય છે આ નવે આસ્તિક હોવાથી ક્રિયાવાદી કહેવાય છે

૬૫ અક્રિયાવાદીના ચોરાશી ભેદો દેખાડે છે. આ અક્રિયાવાદીઓ નાસ્તિક કહેવાય છે તેઓ જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ સાત પદાર્થો નાસ્તિપણે એટલે નથી એમ માને છે આ નાસ્તિકોના મતમાં પુણ્ય અને પાપ એ બેનનો વિચારજ કરવાનો નથી. તેઓના ભેદની કલ્પના નીચે પ્રમાણે છે.—

૧ પરને આશ્રીને

૧ બૌદ્ધ દર્શનનું સ્વરૂપ—આ દર્શનમાં બૌદ્ધ નામે દેવ છે, ને યોગમુદ્રાને ધારણ કરનાર તથા છાતી ઉપર ત્રણ રેખા સહિત છે. તેના તીર્થંકરો સાત છે. તેના નામ—વિપશ્યી ૧, શિખી ૨, વિશ્વભૂ ૩. કકુચ્છંદ ૪, કાંચન ૫, કાશ્યપ ૬ અને શાક્યસિંહ ૭. તેમના શૌદ્ધોદનિ વિગેરે શિષ્યો સિદ્ધાંત રચનારા છે તેના સાધુઓ ભિક્ષુ નામથી ઓળખાય છે. તેમનો વેષ આ પ્રમાણે હોય છે.—ચામર ગના વસ્ત્રનું ધારણ કરવું, મસ્તકે મુંડન, હાથમાં કમંડલુને ધારણ કરવું અને પાત્રને વિષે માંસ વિગેરે જે કાંઈ પ્રાપ્ત થાય તે સર્વ ગ્રહણ કરવું તથા તેમના મતમાં ધર્મ બુદ્ધ અને સંઘ એ ત્રણ રત્ન કહેવાય છે

બૌદ્ધો ચાર તત્વોને માને છે.—દુઃખ ૧, સમુદય ૨, માર્ગ ૩ અને નિરોધ ૪

તેમાં આ ભવ અથવા પરભવને વિષે જે જુદા જુદા સ્કંધો તે દુઃખ કહેવાય છે તે પાંચના નામ—વિજ્ઞાનસ્કંધ ૧, વેદનાસ્કંધ ૨, સંજ્ઞાસ્કંધ ૩, સંસ્કારસ્કંધ ૪ અને રૂપસ્કંધ. ૫ તેમાં સચેતન કે અચેતન પરમાણુઓનો જે વિશેષ પ્રકારનો સમૂહ તે સ્કંધ કહેવાય છે વિજ્ઞાનનો એટલે રૂપ, રસ વિગેરેના જ્ઞાનનો જે સ્કંધ તે વિજ્ઞાનસ્કંધ કહેવાય છે ૧ વેદનાનો એટલે સુખદુઃખના અનુભવનો જે સ્કંધ તે વેદનાસ્કંધ કહેવાય છે ૨. સંજ્ઞાનો એટલે નામ, જાતિ વિગેરે સંબંધવાળા જ સ્કંધ તે સંજ્ઞાસ્કંધ કહેવાય છે. ૩ જેનાથી પુણ્ય પાપનો ઉદય થાય તે સંસ્કાર કહેવાય છે, તેનો જે સ્કંધ તે સંસ્કારસ્કંધ કહેવાય છે ૪ પૃથ્વી, જળ વિગેરેના રૂપનો જે સ્કંધ તે રૂપસ્કંધ કહેવાય છે ૫. આ પાંચ સ્કંધો સંસારનું કારણ હોવાથી દુઃખરૂપ છે ૧.

આ મારો છે અને આ પારકો છે એવા સંબંધને લીધે જેના વડે રાગદ્વેષાદિકનો સમૂહ ઉદય પામે, તે સમુદય નામે બીજું તત્ત્વ છે ૨

સર્વ સંસ્કારો ક્ષણિક એટલે વિનશ્વર (નાશવંત) છે, તે માર્ગ નામનું ત્રીજું તત્ત્વ છે ૩

ધારણ કરનારા તાપસો ગુરૂ છે. તેઓ ઉપવીત (જનોઇ)ને ધારણ કરનાર, મસ્તક પર જટાને ધારણ કરનાર, હાથમાં જળના કમંડળને ધારણ કરનાર, સ્નાન વિગેરે શૌચ ધર્મમાં તત્પર અને આખે શરીરે ભસ્મ (રાખ)ને ધારણ કરનાર હોય છે. તેઓના ભરટ વિગેરે ભેદો છે, તેઓ લોકમાં પરિવ્રાજક નામે કહેવાય છે.

આ મતવાળાઓ સોળ તત્વની પ્રરૂપણા કરે છે. તેનાં નામ-પ્રમાણ ૧, પ્રમેય ૨, સંશય ૩, પ્રયોજન ૪, દ્રષ્ટાંત ૫, સિદ્ધાંત ૬, અવયવ ૭, તર્ક ૮, નિર્ણય ૯, જલ્પ ૧૦, વાદ ૧૧, વિતંડા ૧૨, હેત્વાભાસ ૧૩, છળ ૧૪, જાતિ ૧૫ અને નિગ્રહસ્થાન ૧૬.

તેમા પ્રમાણ ચાર છે—પ્રત્યક્ષ ૧, અનુમાન, ૨, ઉપમાન ૩ અને શબ્દ ૪. તેમાં ઇંદ્રિયો અથવા ઇંદ્રિયોના વિષયોની સમીપતા અને ઇંદ્રિયોથી ઉત્પન્ન થતું જે જ્ઞાન તે પ્રત્યક્ષ કહેવાય છે. ૧. [1]લિંગથી લિંગીનુ જ્ઞાન થાય તે અનુમાન કહેવાય છે. ૨. કોઇ પદાર્થની તુલ્યતાએ કરીને બીજા કોઇ પદાર્થનું જ્ઞાન થાય તે ઉપમાન કહેવાય છે ૩. અને પ્રમાણિક પુરૂષના વચનથી જે જ્ઞાન થાય તે શબ્દ કહેવાય છે. ૪. (૧)

જે પ્રમાણ કરાય તે પ્રમેય કહેવાય છે. તે પ્રમેય બાર છે. તેના નામ—આત્મા ૧, શરીર ૨, ઇંદ્રિય ૩, અર્થ ૪, બુદ્ધિ ૫ મન ૬, પ્રવૃત્તિ ૭, દોષ ૮, પ્રેત્યભાવ ૯, ફળ ૧૦, દુઃખ ૧૧ અને અપવર્ગ ૧૨ આ સર્વનુ વિવેચન ન્યાયના ગ્રંથથી જાણી લેવું. (૨). 'આ શુ છે ?' એમ જે વિચાર કરવો તે સંશય કહેવાય છે. (૩). જેને માટે પ્રાણીની પ્રવૃત્તિ થાય તે પ્રયોજન કહેવાય છે. (૪). સાધ્ય અને સાધનના સંબંધને ગ્રહણ કરવાનું જે સ્થાન તે દ્રષ્ટાન્ત કહેવાય છે (૫). પ્રમાણવડે કરીને જે પદાર્થ અંગીકાર કરવામાં આવે તે સિદ્ધાન્ત કહેવાય છે. (૬) અનુમાન પ્રમાણના વિષે પાંચ અવયવો હોય છે—પ્રતિજ્ઞા ૧, હેતુ ૨, દ્રષ્ટાંત ૩, ઉપનય ૪ અને નિગમન ૫. એઓનુ વિવેચન પણ ન્યાયના ગ્રંથથી જાણવું.

[1] [illegible] અને [illegible]

' ગંધવાળી પૃથ્વી હોય છે ' એવું પૃથ્વીનું લક્ષણ આપવામાં આવેલું છે. આ નવ દ્રવ્યોનાં લક્ષણો તથા ભેદો તેના ગ્રંથથી જાણી લેવા. (૧)

ગુણ ચોવીશ છે—રૂપ ૧, રસ ૨, ગંધ ૩, સ્પર્શ ૪, સંખ્યા ૫, પરિમાણ ૬, પૃથક્ત્વ ૭, સંયોગ ૮, વિભાગ ૯, આ આનાથી વયવડે અથવા કાળવડે પર (મોટો) છે એ પર કહેવાય છે ૧૦, તેનાથી વિપરીત અપર કહેવાય છે ૧૧, ગુરૂત્વ ૧૨, દ્રવત્વ ૧૩, સ્નેહ ૧૪, શબ્દ ૧૫, બુદ્ધિ ૧૬, સુખ ૧૭, દુઃખ ૧૮, ઈચ્છા ૧૯, દ્વેષ ૨૦, પ્રયત્ન ૨૧, ધર્મ ૨૨, અધર્મ ૨૩ અને સંસ્કાર ૨૪. આમાંના કેટલાક દ્રવ્ય પ્રત્યે સામાન્ય ગુણો છે, અને કેટલાક વિશેષ ગુણો છે તે સર્વનો વિસ્તાર તેના ગ્રંથથી જાણવો. (૨)

કર્મ પાંચ છે—ઉંચે ફેંકવું તે ઉત્ક્ષેપણ ૧, નીચે ફેંકવું તે અવક્ષેપણ ૨, સંકોચ કરવો તે આકુંચન ૩, લાંબું કરવું તે પ્રસારણ ૪ અને જવું તે ગમન ૫. ભ્રમણ કરવાનું કર્મ ગમનમાંજ સમાય છે (૩).

સર્વને વિષે જે સમાન આકારનું રહેવાપણું તે સામાન્ય કહેવાય છે તે બે પ્રકારનું છે– પર અને અપર તેમાં સત્તા એ પર સામાન્ય કહેવાય છે. કેમકે સત્તા સર્વ દ્રવ્યમાં રહેલી છે. (૧) દ્રવ્યને વિષે દ્રવ્યપણું, ગુણ વિષે ગુણપણું અને કર્મને વિષે કર્મપણું જે રહેલું છે, તે અપર સામાન્ય કહેવાય છે ૨ (૪)

સર્વ અન્ય પદાર્થોથી જે નિવૃત્તિ ગ્રહણપણું તે વિશેષ કહેવાય છે. તે વસ્તુના ઉપલક્ષણને વિષે છેડામાં રહેલો હોય છે જેમકે પૃથ્વી વિગેરે દ્રવ્યોમાં રહેલો પરમાણુ અથવા તે પરમાણુનું રૂપ એ વિશેષ કહેવાય છે. (૫)

આધાર અને આધેય રૂપ સબંધ હોવાને જેના હોવાથી જેનું હોવાપણું અને જેના નાશથી જેનો નાશ થાય, તેવા બે પદાર્થનો જે સબંધ તે સમવાય કહેવાય છે. જે તંતુ એ પટનો આધાર છે (તંતુને વિષે પટ રહે છે તેથી તંતુ આધાર છે અને પટ આધેય છે) તંતુના હોવાપણાથી પટનું હોવાપણું થાય છે અને તંતુનો નાશ થતાં પટનો પણ નાશ થાય છે તેથી કરીને તંતુ અને પટ એ

દુઃખો આ પ્રમાણે છે-પાંચ ઈંદ્રિયો અને છઠ્ઠું મન, ૬, એ છના વિષયો—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને ધ્યાન ૬, એ રીતે બાર થયા. તથા એ છ વિષયોમાં બુદ્ધિના છ વ્યાપારો મળી કુલ ૧૮ થયા. તથા શરીર ૧૯, સુખ ૨૦ અને દુઃખ ૨૧ આ એકવીશ દુઃખ કહેવાય છે આ પ્રમાણે વૈશેષિક મત કહ્યો. ૩.

૪ મીમાંસક(જૈમનીય) દર્શન મીમાંસા એટલે વિચાર. તેના બે પ્રકાર છે-પૂર્વ મીમાંસા ૧ અને ઉત્તર મીમાંસા ૨. પૂર્વ મીમાંસામાં વેદો જ તત્ત્વ છે ઉત્તર મીમાંસામાં એક બ્રહ્મ જ તત્ત્વ છે. માટે તે અદ્વૈત કહેવાય છે. બ્રહ્મ એટલે સર્વને વિષે એક અનુગત-વાળું જ્ઞાન. તે બ્રહ્મ જ સત્ય છે અથવા જે કાંઈ સત્ (છતું) છે તે બ્રહ્મ જ છે. મીમાંસકો ત્રણ દંડને અથવા એક દંડને ધારણ કરનારા હોય છે તેઓ યજ્ઞોપવીત (જનોઈ) ને ધારણ [illegible] આચમન કરે છે, મૃગચર્મનું આસન રાખે છે, કૌપીન (લંગોટી)ને ધારણ કરે છે, અને ભોજન કરતી વખતે પ્રથમ ગાય, કૂતરાં વિગેરે [illegible] ભોજન, [illegible] તે નામ. જેઓ કુટીચર કહેવાય છે [illegible] સુધી [illegible] છે. જેઓ બહૂદક કહેવાય છે તેઓ [illegible] છે, જેઓ હંસ કહેવાય છે તેઓ સર્વે ગામમાં ભિક્ષા ગ્રહણ કરે છે અને જેઓ પરમહંસ કહેવાય છે તેઓ [illegible] કોઈને [illegible] તરીકે માનતા નથી. તેઓ કહે છે કે "અતીન્દ્રિય પદાર્થોને સાક્ષાત્પણે જોનાર કોઈપણ નથી. તેથી નિત્ય એવા વેદના વચનોથી તત્ત્વનો નિર્ણય થાય છે."

અહીં પૂર્વ મીમાંસામાં વૈદિક ક્રિયાની પ્રેરણા કરવી એજ ધર્મ છે કેમકે "ચોદના લક્ષણોઽર્થો ધર્મઃ" 'પ્રેરણા એ ધર્મનું લક્ષણ છે' એવું વચન છે. તેમ "અગ્નિહોત્રં જુહુયાત્ સ્વર્ગકામઃ" 'સ્વર્ગની ઇચ્છાવાળાએ [illegible]' ઇત્યાદિ અને ઉત્તર મીમાંસાને વિષે [illegible] જ [illegible] મોક્ષ છે, અને [illegible] છે [illegible] તેઓના મતમાં પ્રમાણો છ

પ્રત્યક્ષ ૧, અનુમાન ૨, ઉપમાન ૩, શબ્દ ૪ અને અર્થાપત્તિ

૬ હવે નાસ્તિક મત પણ કંઈક દેખાડે છે—આ મત કોઈક બૃહસ્પતિ નામના પંડિતે કહ્યો છે, તેથી બાર્હસ્પત્ય એવા નામથી તે કહેવાય છે, આ મતમાં જીવ નથી, તેનું જવું આવવું નથી, સ્વર્ગ નથી, નરક નથી. આ પ્રત્યક્ષપણે જે દેખાય છે તેજ લોક છે, તેથી એક પ્રત્યક્ષજ પ્રમાણ છે તેઓ કહે છે કે—

"एतावानेव लोकोऽयं यावानिन्द्रियगोचरः ।
भद्रे! वृकपदं पश्य यद्वदन्ति बहुश्रुताः ॥"

"હે ભદ્રે ! જેટલો ઇંદ્રિયોથી જણાય છે, તેટલોજ આ લોક છે. કેમકે જે બહુશ્રુત જનો વરૂના પગલાને કહે છે."

આ શ્લોક ઉપર આ પ્રમાણે કથા છે—

કોઈક નાસ્તિક પોતાની સ્ત્રીને લાવવા માટે સસરાને ઘેર ગયો. ત્યાંથી સ્ત્રી સાથે આવતાં માર્ગમાં પાણી અને છાંયા રહિત હોવાથી તરસી થયેલી સ્ત્રીએ પતિને કહ્યું કે "હે નાથ ! મને તરસ લાગી છે" ત્યારે પતિએ કહ્યું કે "હે પ્રિયા ! [illegible]

[illegible]

લોકો ! આજે રાત્રિમાં આ નગરને મધ્યે અરણ્યનો કૂતરો (વરૂ) આવેલો હતો, આ તેનાં પગલાં જુઓ. " એમ કહી તે ઘેર આવ્યો. લોકોના મુખથી તે વાત આખા નગરમાં પ્રસરી ગઇ. તે નાસ્તિકની સ્ત્રી પાણી ભરવા ગઇ, તેણીએ પણ તે વાત સાંભળી, તેણીએ ઘેર આવી પતિને તે વાત કહી. ત્યારે નાસ્તિકે કહ્યું કે–" તે વાત સંભવતી નથી. " તે સાંભળી ક્રોધ પામેલી તેની ભાર્યા બોલી કે–" શું આ આખા ગામના માણસો કહે છે તે ખોટું ! અને તમે કહો તેજ સાચું ? " ત્યારે તે બોલ્યો કે–" મેંજ આ અસત્ય વાત ફેલાવી છે, તેને સર્વ લોકોએ સત્ય માની. " એમ કહી ફરીથી તે બોલ્યો કે–" હે ભદ્રે ! વરૂના પગલાને જો. કારણ કે સર્વે બહુશ્રુતો બોલે છે, કે આ વરૂના પગલા છે. " ફરીથી તેજ નાસ્તિકે પોતાની પ્રિયાને કહ્યું કે—

" पिब खाद च चारुलोचने, यदतीत वरगात्रि तन्न ते ।
न हि भीरु गतं निवर्तते, समुदयमात्रमिदं कलेवरम् ॥ "

" હે સુંદર નેત્રવાળી ' ઇચ્છા પ્રમાણે ખા અને પી. હે સુંદર અંગવાળી ' જે યૌવનાદિક વીતી ગયું તે તને ફરીથી પ્રાપ્ત થશે નહીં. હે ભીરુ ! જે સુખાદિક ગયું છે એટલે તેં તજ્યું છે તે ફરીથી પ્રાપ્ત થશે નહીં કેમકે આ શરીર કેવળ મહાભૂતનો સમુદાય માત્ર છે

આ જગતમાં ચાર તત્વો છે પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ આ ચારે સમુદાય રૂપે થઇને શરીર ઉત્પન્ન કરે છે. જેમ મદિરાની સામગ્રી ભેગી થવાથી તેમા મદની શક્તિ પ્રાપ્ત થાય છે, તેમ શરીરમા ચૈતન્ય ઉત્પન્ન થાય છે, અને તે ભૂતોની સામગ્રી વીખાઇ જવાથી ચેતના પણ નાશ પામે છે, તે મરણ કહેવાય છે. ઇત્યાદિ નાસ્તિકોનો મત છે. ૬

આ સર્વે પર સમયો કહેવાય છે, તેનુ જ્ઞાન આચાર્યને હોવું યોગ્ય છે. એ બત્રીસમો ગુણ થયો. ૩૨

ગંભીરપણું –બીજાઓ હૃદયનો ભાવ ન જાણી શકે તે. પ્રાયશ્ચિત્ત લેવા માટે કોઇએ પોતાનો દોષ પ્રગટ કર્યો હોય, તે દોષ બીજાં

જે પ્રગટ ન કરે, તે ગંભીર કહેવાય છે. આવા ગંભીર આચાર્યની જ પાસે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવું યોગ્ય છે. એ તેત્રીશમો ગુણ થયો. ૩૩

દીપ્તિમાન—તેજસ્વી એટલે પરદર્શનીઓ પરાભવ ન કરી શકે તેવું તેજસ્વીપણું આચાર્યને વિષે હોવું જોઈએ. એ ચોત્રીશમો ગુણ. ૩૪

શિવ—ઉપદ્રવનો નાશ કરનાર કહ્યું છે કે

" येषां च वसते न पतन्ति पुका, न देशभङ्ग खलु येषु मन्तु ।
पादोदकेनापि गतोपसर्गाः, युगप्रधानं मुनयो वदन्ति ॥ "

" જેઓનાં વસવાથી દુકાળ પડતો હોય, જેઓ જે દેશમાં રહેતા હોય તે દેશનો કોઈ શત્રુ વિગેરે ભંગ કરી શકે નહીં, અને જેઓના પગ ધોવાના જળવડે કરીને રોગની શાંતિ થતી હોય, તે યુગપ્રધાન કહેવાય છે એમ મુનિઓ કહે છે. "

શ્રી ભદ્રબાહુ સ્વામીની જેમ સંઘને માટે થઈને સૂરિ જિન શાસનની શાંતિ કરવાના હેતુથી ઉપદ્રવનો નાશ કરે છે.

શ્રી ભદ્રબાહુ સ્વામીની કથા

[illegible]

લગ્ન જાણનાર છું. એકદા મેં નગરીની બહાર શિલા ઉપર લગ્ન આળેખ્યું હતું. તે લગ્ન ભુસી નાંખ્યા વિના હું ઘેર આવ્યો. રાત્રિએ મને સાંભર્યું કે તે લગ્ન ભુસ્યા વિના હું ઘેર આવ્યો છું. પછી પ્રાતઃકાળે ઉઠીને હું ત્યાં ગયો, તો લગ્ન ઉપર બેઠેલા સિંહને મેં જોયો. તો પણ નિર્ભય થઇને મેં સિંહના ઉદરની નીચે હાથ નાંખી તે લગ્ન ભુસી નાંખ્યું. તે વખતે મારી ભક્તિથી પ્રસન્ન થયેલા તે સિંહે સૂર્યનું રૂપ ધારણ કરી મને કહ્યું કે –“ હે વત્સ ! વરદાન માગ. ” ત્યારે મેં માગ્યું કે–“ હે સ્વામી ! તમારા વિમાનમાં બેસાડીને મને સર્વ જ્યોતિષચક્ર બતાવો. ” ત્યારે સૂર્યે તે પ્રમાણે કરીને મને જ્યોતિષચક્ર બતાવ્યું. તેથી કરીને આકાશની જેમ ભૂમિને વિષે પણ જે થઇ ગયું, જે થતું હોય અને જે થવાનું હોય તે સર્વનું મને જ્ઞાન થયું છે. ” આ પ્રમાણે તેનું વૃત્તાંત સાંભળી લોકો કહેવા લાગ્યા કે–“ આ વરાહ મિહર એટલે સૂર્યજ છે. ” તેથી લોકમાં તેનું વરાહ મિહર નામ પ્રસિદ્ધ થયું. “ આ મૂર્ખ જૈનો શું જાણે છે. ” એમ નિંદા કરતો તે જિન શાસનનો પ્રત્યનીક (શત્રુ) થયો. તેથી જૈનધર્મી શ્રાવકોનો તે દ્વેષી થયો.

એકદા શ્રી ભદ્રબાહુ સ્વામી તે ઉજ્જયિની નગરીમાં ચાતુર્માસ રહ્યા. તે વખતે વરાહ મિહરે લોકોની પાસે પોતાનું જ્ઞાન આ રીતે પ્રગટ કર્યું કે–“ અમુક દિવસે મધ્યાન્હ સમયે આકાશમાં મેઘ ચડી આવશે, તેમાંથી બાવન પળનો મોટો મત્સ્ય પડશે, તે પૃથ્વી પર અમુક ઠેકાણે મેં કુંડાળું કર્યું છે, તેની મધ્યે પડશે. ” આ વૃત્તાંત નગરીમાં પ્રસરી ગયો. શ્રદ્ધાળુ શ્રાવકોએ શ્રી ભદ્રબાહુ સ્વામી પાસે નિવેદન કર્યો. ગુરૂએ કહ્યું કે–“ એ વરાહ પૂર્વ ભણેલો હોવાથી જાણે છે ખરો, તો પણ શાસનનો દ્વેષી હોવાથી તે યથાર્થ રીતે જાણી શકતો નથી. તેમાં સત્ય વાત આ પ્રમાણે છે.–“ તેજ દિવસે મધ્યાન્હ પછી અર્ધી ઘડી જશે ત્યારે વાયુ વડે શરીરનું શોષણ થવાથી બાવનને બદલે સાડી એકાવન પળનો મત્સ્ય અર્ધો કુંડાળામાં અને અર્ધો બહાર એવી રીતે પડશે. ” તે સાંભળી શ્રદ્ધાળુ શ્રાવકોએ આ વૃત્તાંત પણ લોકમાં ફેલાવ્યો. ત્યારપછી તે દિવસે જેમ ગુરૂએ કહ્યું

હતું તેજ પ્રમાણે થયું. તેથી લોકમાં "વરાહ મિહર કરતાં પણ ભદ્રબાહુ સ્વામી યથાર્થ જ્ઞાનવાળા છે એમ પ્રસિદ્ધિ થઈ." અને વરાહ મિહર તે સાંભળી લજ્જા પામ્યો. ત્યારપછી વરાહ મિહરને ઘેર પુત્ર જન્મ થયો. તે વખતે તે તેની મોટાઇને લીધે સર્વ લોકો તેની પાસે વધામણી કરવા આવ્યા. પરંતુ શ્રી ભદ્રબાહુસ્વામી આવ્યા નહીં, તેથી તે કહેવા લાગ્યો કે–"આ જૈનો લોક વ્યવહારમાં પણ અજ્ઞાની છે. નહીં તો જેમ સર્વ લોકો આવ્યા, તેમ તે કેમ ન આવે?" આ વરાહે તે પુત્રનું આયુષ્ય જન્મ પત્રિકામાં સો વર્ષનું લખ્યું હતું. આ સર્વ વૃત્તાંત શ્રી ભદ્રબાહુ સ્વામી પાસે શ્રાવકોએ જણાવ્યું. ત્યારે ગુરૂ બોલ્યા કે–" તે પુત્રનું અલ્પ આયુષ્ય છે. આજથી સાતમે દિવસે તે બિલાડીના મુખથી મરણ પામશે. તે વખતે વરાહ શોકાતુર થશે, તેને પ્રતિબોધ કરવા માટે અમે જઈશું." આ વાત પણ વરાહે લોકોના મુખથી સાંભળી. તેથી તેણે પુત્રની રક્ષા માટે મોટો પ્રયત્ન કર્યો. પછી સાતમે દિવસે તે પુત્રની ધાત્રી માતા બાળકને લઈ ઓરડાની અંદર કમાડની પાછળ બેઠી [illegible] ને વખતે બારણું [illegible] બંધ કરવાની ઇચ્છાથી તેણીએ [illegible] હલાવ્યું, તેવામાં અચાનક ઉપર બિલાડીના આકારવાળો કમાડનો [illegible] તે બાળકના મસ્તક પર પડી તેના પ્રહારથી બાળક મરણ પામ્યો [illegible]

[illegible]

શ્રી પાર્શ્વનાથ સ્વામીની [illegible]

બનાવી સંઘને ભણાવ્યું, તેના પ્રભાવથી સર્વ ઉપદ્રવ શાંત થયો. આ રીતે આચાર્ય સર્વ ઉપદ્રવનો નાશ કરનાર હોય છે. આ પાંત્રીશમો ગુણ કહ્યો. ૩૫

સોમ—આચાર્ય સૌમ્ય ગુણે કરીને યુક્ત હોવા જોઈએ. તે ગુણ વડે તે સાધુ વર્ગને સારી રીતે ધર્મ માર્ગમાં પ્રવર્તાવી શકે છે આ છેલ્લો છત્રીશમો ગુણ કહ્યો. ૩૬

હવે બીજી રીતે પણ છત્રીશ ગુણો બતાવે છે.—

" अट्ठविहा गणि संपय, आयाराई चउव्विहिक्किा ।
चउहा विणयपवित्ती, छत्तीसगुणा इमे गुरुणो ॥ "

" ગણિની સંપદા આચારાદિક આઠ પ્રકારની છે, તે દરેક પણ ચાર ચાર પ્રકારની છે, તથા તે ઉપરાંત ચાર વિનયની પ્રવૃત્તિ છે. તે સર્વ મળીને ગુરૂના છત્રીશ ગુણો થાય છે. "

વિવેચન—જેને ગણ–ગચ્છ હોય તે ગણી એટલે આચાર્ય કહેવાય છે. તેની સંપદા–સમૃદ્ધિ આઠ પ્રકારની છે, તે આ પ્રમાણે–આચાર સંપદા ૧, શ્રુતસંપદા ૨, શરીર સંપદા ૩, વચન સંપદા ૪, વાચના સંપદા ૫, મતિસંપદા ૬, પ્રયોગ મતિ સંપદા ૭ અને સંગ્રહ પરિજ્ઞા સંપદા ૮. આ આઠ સંપદા દરેક દરેક ચારચાર પ્રકારની છે, તે આ પ્રમાણે–ચારિત્રને વિષે નિરંતર વીર્ય ફોરવવું ૧, મદ રહિત થવું ૨, ઉગ્ર વિહારી થવું ૩, અને વિકાર રહિત થવું ૪. આ ચાર પ્રકારે આ ચાર સંપદા છે, (૧) બહુ શ્રુત થવું ૧, સૂત્રનો પરિચય કરવો ૨, શુદ્ધ ઉચ્ચાર કરવો, ૩, અને ઉદાત્ત વિગેરે સ્વરોની સ્થાપના સહિત બોલવુ ૪ આ ચાર પ્રકારની શ્રુતસંપદા છે. (૨) શરીરનું પ્રમાણ (કદ) અને લક્ષણો સારાં હોવાં જોઈએ ૧, હીન તથા અધિક શરીર નહીં હોવાથી અલજ્જાપણું ૨, પાંચે ઇંદ્રિયો પરિપૂર્ણ હોવી જોઈએ ૩, અને સંઘયણ સ્થિર હોવું જોઈએ. ૪ આ ચાર પ્રકારની શરીર સંપદા છે. (૩) સર્વ કોઈ અંગીકાર કરે તેવું વચન હોય ૧, વચનમાં મધુરતા હોય ૨, વચનમાં રાગાદિકનો આશ્રય ન હોવો જોઈએ ૩, અને સાંભળનારને વચનમાં કંઈ પણ સંદેહ ન રહેવો જોઈએ ૪ આ ચાર પ્રકારની વચન સંપદા છે

તેઓના ચારિત્રમાં અતિચાર કે અનાચાર થતો હોય તેનું નિવારણ કરવું તે વારણા કહેવાય છે ૨, સાધુઓ પ્રમાદમાં રહેતા હોય તો તેમનો પ્રમાદ દૂર કરાવી તેમને સન્માર્ગે પ્રવર્તાવવા એ ચોયણા કહેવાય છે ૩. તથા કઠોર વચનો કહીને પણ સત્ક્રિયામાં પ્રવર્તાવવા એ પ્રતિચોયણા કહેવાય છે ૪ આચાર્ય જો આ કર્મોને ન કરે તો તેને અયોગ્ય જાણવો. કારણકે સાધુઓ સંસારના ભયથી ભય પામીને આચાર્યને શરણે આવેલા હોય છે, આચાર્ય જ જો તેઓને દોષોમાંથી નિવારણ ન કરે, તો તે આચાર્ય જ્ઞાનાદિક ત્રણ રત્નથી ભ્રષ્ટ થયો કહેવાય છે. કહ્યું છે કે—

" जणणीए अणिसिद्धो, निहउ तिलहारउ पसंगेणं ।
जणणी वि थणच्छेअं, पत्ता अणिवारयंती उ ॥ "

" માતાએ નિષેધ નહીં કરવાથી તલને હરણ કરનાર પુત્ર પ્રસંગે (કાળે) હણાયો, અને નિવારણને નહીં કરનારી માતા પણ પણ સ્તનના છેદને પામી

આ ઉપર કથા નીચે પ્રમાણે જાણવી.–

કોઇ નગરમાં કોઇ વિધવા સ્ત્રી હતી. તેને એકજ પુત્ર હતો નાહાનો પણ તેનું ઘર હતું પુત્રને માતાએ લાડ લડાવ્યો હતો, તેથી તે પુત્ર જે કાંઇ કરતો, તે તેની માતા વખાણતી હતી. પુત્ર મોટી વયનો થયો, ત્યારે તે એકદા ઘરે સ્નાન કરીને ભીને શરીરેજ નાટકમાં ગયો ત્યાં ચાલતાં અકસ્માત સ્ખલના પામવાથી એક તલના ઢગલા ઉપર પડ્યો. તેથી તેનું શરીર ભીનું હોવાથી તેના શરીરપર ઘણા તલના દાણાઓ ચોંટી ગયા. તેવીજ રીતે તે ઘેર આવ્યો. તે જોઈ તેની માતાએ તેની પ્રશંસા કરી તેના શરીર પરથી ઉખેળીને તલ લઇ લીધા. તે એક પાલી થયા. પછી માતાએ તેને કહ્યું કે—" હે પુત્ર ! તું અધિક ભાગ્યશાળી છે. કેમકે તને અણચિંત્યો લાભ મળ્યો. " તે પણ માતાની પ્રશંસાથી હર્ષ પામ્યો. આ પ્રમાણે તેને દ્રવ્ય ઉપાર્જન કરવાનો ઉપાય હાથ લાગ્યો. તેથી તે હમેશાં સ્નાન પામી પછી જાય અને હાથમાં ન આવી શકે એવી વસ્તુને ચોરી ચોરી લાવવા લાગ્યો તે

વિસ્તરાર્થ—પ્રથમ અગ્યાર અંગનાં નામો આ પ્રમાણે છે. આચારાંગ ૧, સૂત્રકૃતાંગ ૨, સ્થાનાંગ ૩, સમવાયાંગ ૪, ભગવત્યંગ ૫, જ્ઞાતધર્મકથાંગ ૬, ઉપાસકદશાંગ ૭, અંતકૃદ્દશાંગ ૮, અનુત્તરોપપાતિકાંગ ૯, પ્રશ્નવ્યાકરણાંગ ૧૦ અને વિપાકશ્રુતાંગ ૧૧.

હવે આચારાંગને વિષે જે શ્રુતસ્કંધનું પરિમાણ છે, જે અધ્યયનનું પરિમાણ છે, જે ઉદ્દેશાનું પરિમાણ છે, જે પદોનું પરિમાણ છે, તથા જે અભિધેય (વિષય) છે, તે નંદીસૂત્રને અનુસારે લખીયે છીયે. તેમજ આ કાળે પણ વિચ્છેદ જતાં બાકી રહેલા ગ્રંથના પરિમાણને પણ લખીયે છીયે. તથા પ્રસંગને લીધે આ અંગની વૃત્તિ, ચૂર્ણિ અને નિર્યુક્તિનું પ્રમાણ પણ લખીયે છીયે:–આ આચારાંગમાં અધ્યયનોના સમુદાયરૂપ બે શ્રુતસ્કંધો છે. તેમાં પહેલા શ્રુતસ્કંધમાં નવ અધ્યયનો છે. તેનાં નામ–પહેલું શસ્ત્રપરિજ્ઞા નામે અધ્યયન છે, આને વિષે સાત ઉદ્દેશા છે. બીજું લોકવિજય નામનું અધ્યયન છે, તેમા છ ઉદ્દેશા છે. ત્રીજું શીતોષ્ણીય નામનું અધ્યયન છે, તેમાં ચાર ઉદ્દેશા છે. ચોથું સમ્યક્ત્વ નામનું અધ્યયન છે, તેમાં ચાર ઉદ્દેશા છે. પાંચમું લોકસાર નામે અધ્યયન છે, તેમાં છ ઉદ્દેશા છે. છઠું ધુત નામનું અધ્યયન છે, તેમાં પાંચ ઉદ્દેશા છે. સાતમું વિમોહ નામનુ અધ્યયન છે, તેમા આઠ ઉદ્દેશા છે. આઠમું મહાપરિજ્ઞા નામનુ અધ્યયન છે. તેમા સાત ઉદ્દેશા છે. અને નવમું ઉપધાનશ્રુત નામનુ અધ્યયન છે, તેમા ચાર ઉદ્દેશા છે. આ પ્રમાણે નવ અધ્યયન પહેલા શ્રુતસ્કંધમા છે. તે સર્વના થઇને ઉદ્દેશનકાલ એકાવન છે. હવે બીજા શ્રુતસ્કંધમાં સોળ અધ્યયનો છે. તેનાં નામ–પહેલું પિંડૈષણા અધ્યયન છે, તેમા અગ્યાર ઉદ્દેશા છે. બીજું શય્યૈષણા નામનું અધ્યયન છે, તેમાં ત્રણ ઉદ્દેશા છે. ત્રીજું ઇર્યા નામનું અધ્યયન છે, તેમાં ત્રણ ઉદ્દેશા છે. ચોથું ભાષૈષણા નામનું અધ્યયન છે. તેમા બે ઉદ્દેશા છે. પાંચમું વસ્ત્રૈષણા નામનુ અધ્યયન છે, તેમાં બે ઉદ્દેશા છે. છઠું પાત્રૈષણા નામનું અધ્યયન છે. તેમાં બે ઉદ્દેશા છે. સાતમું અવગ્રહ પ્રતિમા નામનું અધ્યયન છે, તેમાં બે ઉદ્દેશા છે. ત્યારપછી સાત સપ્તતિકા નામના અધ્યયનો છે. તેમાં દરેક અ

ધ્યયનમાં એક એકજ ઉદ્દેશા છે, તેથી સાતેના થઈને સાત ઉદ્દેશા છે. પંદરમું ભાવના નામનું અધ્યયન છે, તેમાં એક ઉદ્દેશો છે. તથા સોળમું વિમુક્ત નામનું અધ્યયન છે, તેમાં પણ એકજ ઉદ્દેશો છે. આ પ્રમાણે સોળ અધ્યયનોનો બીજો શ્રુતસ્કંધ છે, અને તેમાં કુલ ચોત્રીશ ઉદ્દેશા છે. બન્ને શ્રુતસ્કંધોમાં મળીને પચીશ અધ્યયનો અને પંચાશી ઉદ્દેશા છે. આ આચારાંગમાં અઢાર હજાર પદો છે. મૂળ અધિકારને આરંભીને તેની સમાપ્તિ થાય ત્યાં સુધીનું એક પદ કહેવાય છે. આ અંગમાં પંચાચારનો વિચાર, ગોચરીનો વિચાર, વિનયનો વિચાર, વિનય સંબંધી શિક્ષા, કર્મ ક્ષયને માટે શિક્ષા, ભાષાનો વિચાર, અભાષાનો વિચાર, ચારિત્રના ભેદો અને માયાની વૃત્તિઓ આટલા વિષયો ઉપર વિવેચન કરેલું છે. આ અંગમાં ગમા અનંતા છે, અનુયોગદ્વારો સંખ્યાતા છે, નિર્યુક્તિ સંખ્યાતી છે, વેષ્ટકો સંખ્યાતા છે અને શ્લોકો સંખ્યાતા છે. આ પ્રમાણે ગણધરે રચેલા અંગનું પરિમાણ છે. હાલ તો અઢી હજાર પરિમાણ સૂત્રનું છે, બાર હજાર પ્રમાણ વૃત્તિ છે, આઠ હજાર ને ચઉસો પ્રમાણ ચૂર્ણિ છે, સાડાચાર સો પ્રમાણ નિર્યુક્ત છે સર્વ મળીને ત્રેવીશ હજાર બસો ને પચાસ આખા અંગનું પ્રમાણ છે. આ અંગના તપના દિવસો પચાસ છે આ અંગનું ઉપાંગ ઓપપાતિક નામનું છે, તેના [illegible] પરિમાણ ૧૧૬૭ છે, વૃત્તિનું પ્રમાણ ૩૧૨૫ છે તેના [illegible] દિવસો ત્રણ [illegible] એ આચારાંગનું વિવેચન કર્યું. આ [illegible] ૧૧ [illegible] વર્ષે ભણાવ [illegible] છે

બીજા [illegible] છે અને [illegible] ત્રેવીશ અધ્ય[illegible] નામના [illegible] તેમ [illegible] સાથ [illegible] છે પરંતુ તેમનું વર્ણન [illegible] નથી, તો પણ આ [illegible] અનુક્રમે [illegible] અને ઉદ્દેશા એ લખીયે છીયે—તેમ. પહેલું [illegible] નામનું અધ્યયન [illegible] તેમાં [illegible] સમય અને અન્ય સમય [illegible] વર્ણન કરેલ છે તેમાં ચાર ઉદ્દેશા છે બીજું [illegible] નામનું અધ્યયન છે તેમાં પોતાના સમય

ન છે, તેમાં આહાર (ગોચરી) ના દોષ વર્ણવ્યા છે, તેમા એક ઉદ્દેશો છે. ચોથું પ્રત્યાખ્યાન ક્રિયા નામનું અધ્યયન છે, તેમાં પચ્ચખાણની ક્રિયા કહેલી છે, તેમાં ઉદ્દેશો એકજ છે, પાંચમું અનાચારશ્રુત નામનું અધ્યયન છે, તેમાં અનાચારના દોષ કહેલા છે, તેમાં એક ઉદ્દેશો છે, છઠું આર્દ્રકીય નામનું અધ્યયન છે, તેમાં આર્દ્રકુમારના ઉપદેશનો વિષય છે, તેમાં એક ઉદ્દેશો છે. સાતમું નાલંદીય નામનું અધ્યયન છે, કેમકે તે અધ્યયન રાજગૃહ નગરીના નાલંદ નામના પાડા (શેરી) માં પ્રરૂપ્યું હતું, તેમા એક ઉદ્દેશો છે, આ પ્રમાણે સાત અધ્યયન અને સાત ઉદ્દેશા બીજા શ્રુતસ્કંધમાં છે, બન્ને શ્રુતસ્કંધના થઇને ત્રેવીશ અધ્યયનો અને તેત્રીશ ઉદ્દેશા છે. આ અંગમાં લોક, અલોક, સ્વસમય, પરસમય, જીવ અને અજીવ એ વિષયો સૂચવ્યા છે. આ અંગમાં છત્રીશ હજાર પદો છે, સંખ્યાતા અક્ષરો છે, પરીત્ત વાચના છે, સંખ્યાતા વેષ્ટકો છે, સંખ્યાતા શ્લોકો છે, અને સંખ્યાતી નિર્યુક્તિઓ છે, આ પ્રમાણે ગણધરે રચેલા અંગનું પરિમાણ છે, હાલ તો એકવીશસો સૂત્રો છે. બારહજાર આઠસો પચાસ પ્રમાણ વૃત્તિ છે, દસહજાર પ્રમાણ ચૂર્ણિ છે. અઢીસો પ્રમાણ નિર્યુક્તિ છે, તપના દિવસો [illegible] છે. પ્રવ્રજ્યા લીધા પછી ચાર વર્ષે આ અંગ ભણવા લાયક [illegible] વિવેચન કર્યું આનું ઉપાંગ [illegible] પ્રમાણ [illegible] ત્રણહજાર [illegible] દિવસ [illegible]

[illegible] પ્રતિપાદન કરવા લાયક [illegible] ઉપજ [illegible] અલોક, [illegible] લોક, [illegible] સ્વસમય પરસમય, [illegible] અને ગુરૂએ [illegible] વર્ણન કરેલું [illegible] અધ્યયનો છે, [illegible] અક્ષરો છે, [illegible] તથા સંખ્યાતી નિર્યુ-[illegible] છે. આ પ્રમાણે ગણધર [illegible] અંગનું પ્રમાણ છે સાત

વિચ્છેદ જતાં બાકી નવહજાર નવસોને સીત્તેર પ્રમાણ સૂત્રો છે. પંદરહજાર બસો ને પચાસ પ્રમાણ વૃત્તિ છે, આના તપના દિવસો અઢાર છે, દીક્ષા લીધા પછી આઠ વર્ષનો પર્યાય થાય ત્યારપછી આ અંગ ભણવા લાયક છે. જીવાભિગમ આ અંગનું ઉપાંગ છે. તેના બારહજાર અને સાતસો સૂત્રો છે, તેરહજાર પ્રમાણ વૃત્તિ છે, પંદરસો પ્રમાણ ચૂર્ણિ છે, તથા તેના તપના દિવસો ત્રણ છે, આ પ્રમાણે સ્થાનાંગનું ટિપ્પન કર્યું.

હવે ચોથા સમવાયાંગનો વિચાર કરે છે,—આ અંગમાં એકથી આરંભીને એક એક વધારતા સો, એકસોનેએક, સંખ્યાતા, અસંખ્યાતા અને અનંત સમવાય (સમૂહ) સુધી પદાર્થોની પ્રરૂપણા કરેલી છે. આ અંગમાં પણ સ્થાનાંગની જેમ જીવ અજીવ વિગેરે પદાર્થોનો સમવાય-સમૂહ કહેલો છે. ઉપર બાર અંગ સંબંધી ટિપ્પણી કરેલી છે. આ અંગમાં એકજ શ્રુતસ્કંધ છે, એકજ અધ્યયન છે, એકજ ઉદ્દેશો છે, તેમાં એક લાખ ચુમાળીસ હજાર પદો, સંખ્યાતા અક્ષરો, સંખ્યાતા વેષ્ટકો, સંખ્યાતા શ્લોકો, સંખ્યાતી નિર્યુક્તિઓ, અનંતા ગમા, અનંતા પર્યાયો, પરીતા ત્રસો છે અને અનંતા સ્થાવરોનો સમાવેશ કરેલો છે. આ પ્રમાણે સમુદાયે સમવાયાંગનું પ્રમાણ છે, હાલમાં તો એક હજાર છસો ને સડસઠ પ્રમાણ સૂત્ર છે, ત્રણ હજાર સાતસો ને છોંતેર પ્રમાણ વૃત્તિ છે, આ ના પ્રમાણે ચૂર્ણિ છે, તપના દિવસ ત્રણ છે અને દીક્ષાથી આઠ વર્ષ ગયા પછી આ ભણવા લાયક છે. આ અંગનું ઉપાંગ પ્રજ્ઞાપના છે તેના સૂત્રનું પ્રમાણ સાતહજાર ને આઠસો છે, ત્રણ હજાર આઠસોની ચુરીક પ્રમાણ વૃત્તિ છે, આ વૃત્તિ પ્રાચીન છે, અને મલયગિરિની કરેલી વૃત્તિ [illegible] છે. આના તપના દિવસો ત્રણ છે આ પ્રમાણે સમવાયાંગનું વિવેચન કર્યું

હવે પાંચમા ભગવતી અંગનું વિવેચન કરે છે—આનું બીજું નામ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અંગ છે અને વિવાહપ્રજ્ઞપ્તિ એવું નામ છે, તેમાં શતકો છે, તેમાં દશ હજાર ઉદ્દેશાઓ છે, એકજ શ્રુતસ્કંધ છે, બે લાખ અને અઠ્ઠાવીસ હજાર પદો છે તેમાં જીવ, અજીવ, જીવાજીવ

છે, જીવ, અજીવ લોકાલોક, સ્વસમય અને પરસમયની વ્યાખ્યા કરેલી છે, [illegible] પૃચ્છા છત્રીસ હજાર પ્રશ્નો છે, સંખ્યાતા અનુયોગો છે, પરીત્તા વાચનાઓ છે, સંખ્યાતા વેઢો છે, સંખ્યાતા શ્લોકો છે, સંખ્યાતી નિર્યુક્તિઓ છે, અનંતા ગમા છે, અનંતા પર્યાયો છે, પરીત્તા ત્રસો છે, અને અનંતા સ્થાવરો છે આ પ્રમાણે સમુદાયે [illegible] આગમનું પરિમાણ છે. [illegible] પ્રમાણ [illegible] છે, [illegible] પ્રમાણ [illegible] છે, [illegible] પ્રમાણ [illegible] છે [illegible] વિવરણ [illegible]

હવે [illegible]

યિકાએ ગુણવાથી તેર કરોડને પચાસલાખ થાય છે, તેને નવ અધ્યયનો વડે ગુણવાથી એકસોને એકવીશ કરોડ અને પચાસલાખ (૧૨૧૫૦૦૦૦૦૦) થયા, આટલી નવ અધ્યયનોમાં કથાઓ છે, હવે બીજા શ્રુત સ્કંધમાં દસ અધ્યયનો છે, એક એક અધ્યયનમાં પાંચસો આખ્યાયિકાઓ છે, એક એક આખ્યાયિકામાં પાંચસો ઉપાખ્યાયિકાઓ છે, અને એક એક ઉપાખ્યાયિકામાં પાંચસો આખ્યાયિકો પાખ્યાયિકા છે. તેનું ગણિત આ પ્રમાણે-એક અધ્યયનમાં પાંચસો આખ્યાયિકાઓ છે, તેને પાંચસો ઉપાખ્યાયિકાએ ગુણવાથી બે લાખ ને પચાસ હજાર થયા, તેને પાંચસો આખ્યાયિકો પાખ્યાયિકાએ ગુણવાથી બાર કરોડ ને પચાસ લાખ થયા, આ અંકને દશ અધ્યયનો વડે ગુણવાથી એક સો ને પચીશ કરોડ થયા (૧૨૫૦૦૦૦૦૦૦) આ દશ અધ્યયનોમાં પૂર્વે કહેલી નવ અધ્યયનની કથાઓ પણ કહેવામાં આવી છે, અને નહીં કહેલી કથાઓ પણ કહેવામાં આવી છે, તેથી પૂર્વે કહેલી એક સોને એકવીશ કરોડ અને પચાસ લાખ આ સંખ્યા (૧૨૫૦૦૦૦૦૦૦) માંથી બાદ કરવા, બાકીની ત્રણ કરોડ અને પચાસ લાખ નહીં કહેલી કથાઓ છે. આ અંગમાં પરીત્તા વાચના છે, સંખ્યાતા અનુયોગ દ્વારો છે, સંખ્યાતા વેષ્ટકો છે, સંખ્યાતા શ્લોકો છે, અને સંખ્યાતી નિર્યુક્તિઓ છે; બન્ને શ્રુતસ્કંધના થઇને ઓગણત્રીશ અધ્યયનનો છે, તેટલા જ એટલે ઓગણત્રીશ જ ઉદ્દેશા છે, તથા પાંચ લાખને છોંતેર હજાર પદો છે. આ પ્રમાણે ગણધરે રચેલા આગમનું પરિમાણ છે; તેના તપના દિવસો તેત્રીશ છે. હાલમા પાચ હજાર ને પાચસો સૂત્રનું પ્રમાણ છે, ચાર હજાર બસો ને બાવન વૃત્તિનું પ્રમાણ છે, પ્રવજ્યા લીધા પછી ગમે ત્યારે આ અંગ ભણવાનું છે. આ અંગનું ઉપાંગ-જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ છે. તેમાં ચારહજાર એકસો ને છેંતાળીશ સૂત્રનું પ્રમાણ છે, એકહજાર આઠસોને સાઠ ચુર્ણિનું પરિમાણ છે, તેની વૃત્તિઓ ઘણી છે, અને તપના દિવસો ત્રણ છે. આ પ્રમાણે જ્ઞાતા ધર્મ કથાગની ટિપ્પણી કહી.

હવે સાતમા ઉપાસકદશાંગનો વિચાર કરે છે—આ અંગમાં ઉપાસકો (શ્રાવકો) ના નગરો, નગરનાસ્વામી (રાજા) માતા પિતા, ઉદ્યાનો, આચાર્યો, વ્રતનું ગ્રહણ, પરિગ્રહનું પ્રમાણ, ભોગનો ત્યાગ

તપસ્યા, પ્રત્યાખ્યાન, સમાધિપૂર્વક મરણ, દેવગતિની પ્રાપ્તિ, આર્યકુળમાં ઉત્પત્તિ અને અંતક્રિયા એ સર્વનું વર્ણન ક
આ અંગમાં એકજ શ્રુતસ્કંધ છે, દશ અધ્યયનો છે, દશ ઉ
અગ્યાર લાખ ને બાવન હજાર પદો છે, સંખ્યાતા અક્ષરો
ખ્યાતા વેષ્ટકો છે, સંખ્યાતા શ્લોકો છે, સંખ્યાતી નિર્યુક્તિ
અને પ્રવ્રજ્યા લીધા પછી ગમે ત્યારે આ અંગ ભણવા લાયક
કંઈ પણ નિયમ નથી. આ પ્રમાણે ગણધરે રચેલા આગમનું
કહ્યું. હમણાં તો આઠસો ને બાર સૂત્રોનુંજ પરિમાણ છે. ત
પના દિવસો ચોદ છે. આ અંગનું ઉપાંગ ચંદ્રપ્રજ્ઞપ્તિ છે. તે
પ્રમાણ બાવીશસો છે, એક હજાર વૃત્તિનું પ્રમાણ છે, તેના
દિવસો ત્રણ છે. આ પ્રમાણે ઉપાસક દશાંગનો વિચાર કહ્યો.

હવે આઠમા અંતકૃદ્દશાંગનો વિચાર બતાવે છે–આ સં
અંત કરનારાના અધિકારમાં તેમનાં નગરો, નગરોના રાજાઓ,
પિતા, સમૃદ્ધિ, ઉદ્યાનો, ચૈત્યો, આચાર્ય, પ્રવ્રજ્યા, ભોગનો
વિશેષ તપો, પ્રત્યાખ્યાન અને કેવળજ્ઞાનની પ્રાપ્તિવડે અંતની
આટલા વિષયો વર્ણવ્યા છે. આ અંગમાં એકજ શ્રુતસ્કંધ છે
વર્ગો છે. આઠ ઉદ્દેશા છે, ત્રેવીશ લાખ ને ચારહજાર પદો છે, સં
તા અક્ષરો છે, સંખ્યાતા વેષ્ટકો છે, સંખ્યાતા શ્લોકો છે, સં
નિર્યુક્તિઓ છે, પ્રવ્રજ્યા લીધા પછી ગમે ત્યારે ભણવા લા
તેમાં કોઇ નિયમ નથી. આ પ્રમાણે ગણધરે રચેલા આગમનું
માણ છે. હમણા તો સાતસો ને નેવું (શ્લોક જેટલું) સૂત્રનું
છે, તપના દિવસ ૧૨ છે, આ અંગનુ ઉપાંગ કલ્પિકા નિરયાવ
આ અને હવે પછીના બીજા ઉપાંગોના સૂત્રોનુ પ્રમાણ એક
આગળ કહેશુ. તપના દિવસ ત્રણ છે. આ પ્રમાણે અંતકૃદ્દ
વિચાર કહ્યો.

હવે નવમા અનુત્તરોપપાતિકદશા અંગનુ વર્ણન કરે
અનુત્તર વિમાનમાં જેની ઉત્પત્તિ થાયછે. તેની દશાનુ વર્ણન છે
અનુત્તરોપપાતિકદશા કહેવાય છે. આમાં એકજ શ્રુતસ્કંધ છે

વર્ગો છે, તેટલાજ (ત્રણ) ઉદ્દેશાછે, આ અંગમા અનુત્તર વિમાનમાં ઉપજનારાઓનાં નગરો, રાજાઓ, માતા-પિતા, ઉદ્યાનો, ચૈત્યો, સમૃદ્ધિઓ. ધર્માચાર્યો, પ્રવ્રજ્યા, વિશેષતપો, પ્રત્યાખ્યાન, સંલેખના, અનુત્તરમા ગતિ, ફરી આર્યકુળમાં જન્મ, પ્રવ્રજ્યા; કેવળજ્ઞાન અને મોક્ષગમન આ વિષયો આપ્યા છે; આ અંગમાં પરીત્ત વાચના છે, સંખ્યાતા અક્ષરો છે, સંખ્યાતા વેષ્ટકો છે; સંખ્યાતા શ્લોકો છે, સંખ્યાતી નિર્યુક્તિઓ છે, છેતાળીશ લાખ ને આઠ હજાર પદો છે; પ્રવ્રજ્યા લીધા પછી ગમે ત્યારે ભણવાનું છે; તેમાં કાંઇપણ નિયમ નથી આ પ્રમાણે ગણધરે રચેલા આગમનું પરિમાણ કહ્યું, હાલમાં તો પણ એવુ છે. તપના દિવસો સાત છે; આનુ ઉપાંગ કલ્પાવતંસિકા છે, આ પ્રમાણે અનુત્તરોપપાતિક દશાંગનું સ્વરૂપ કહ્યું.

હવે દશમા પ્રશ્નવ્યાકરણાંગનો વિચાર કહે છે—આ અંગમાં એકજ શ્રુતસ્કંધ છે, પીસ્તાલીશ અધ્યયનો છે, પીસ્તાલીશ ઉદ્દેશા છે પ્રશ્નોનું વ્યાકરણ એટલે કથન કરવું તે; આ પ્રમાણે તેની વ્યુત્પત્તિ હોવાથી પ્રશ્નવ્યાકરણ એવું આનું નામ છે. આ અંગમ. પૂછેલા પ્રશ્નો એકસો ને આઠ છે, નહીં પૂછેલા પ્રશ્નો એક સો ને આઠ છે, તથા પૂછેલા અને નહીં પૂછેલા પ્રશ્નો પણ એક સો ને આઠ છે. તેમની વ્યાખ્યા કરેલી છે. આમાં અંગવિદ્યાઓ તથા બીજી પણ અતિશયવાળી વિદ્યાઓનું કથન કરેલુ છે. નાગકુમાર અને સુવર્ણકુમારનો વાદ તથા અસુરકુમાર અને વૈમાનિક દેવનો વાદ બતાવેલો છે, પાંચ આશ્રવો અને પાંચ સંવરોનુ સ્વરૂપ દેખાડયું છે, આ અંગમાં પરીત્ત વાચના છે, સંખ્યાતા અક્ષરો છે, સંખ્યાતા વેષ્ટકો છે, સંખ્યાતા શ્લોકો છે, સંખ્યાતી નિર્યુક્તિઓ છે, બાણું લાખ ને સોળ હજાર પદો છે. આ પ્રમાણે ગણધરે રચેલા આગમનું પરિમાણ છે, તપના દિવસો ચૌદ છે. હમણા તો એક હજાર બસો ને પચાસ સૂત્રનું પ્રમાણ છે, ચાર હજાર ને છ સો વૃત્તિનુ પ્રમાણ છે. આ અંગનું ઉપાંગ પુષ્પચૂલિકા છે. આ પ્રમાણે પ્રશ્નવ્યાકરણ અંગની ટિપ્પણી કહી.

હવે અગ્યારમા વિપાક સૂત્રનો વિવેક કરે છે–આ અંગમાં બે શ્રુતસ્કંધ છે, વીશ અધ્યયનો છે, વીશ ઉદ્દેશા છે. તેમાં પહેલા શ્રુત-

રચે છે, ત્યારપછી આચારાંગ વિગેરે સૂત્રો રચે છે. તે પૂર્વો ચૌદ છે. તેમાં પહેલું ઉત્પાદ પૂર્વ છે. તેમાં સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયોની ઉત્પત્તિને આશ્રીને પ્રરૂપણા કરી છે. તેના એક કરોડ પદ છે, દશ વસ્તુઓ છે અને ચાર ચૂલિકાઓ છે. ૧ બીજું અગ્રાયણીય પૂર્વ છે. અગ્ર એટલે પરિમાણ, તેનું અયન એટલે ગમન અર્થાત્ પરિચ્છેદ (જ્ઞાન), તેને હિતકારક હોવાથી તેનું નામ અગ્રાયણીય કહેવાય છે. આમાં સર્વ દ્રવ્યો, સર્વ પર્યાયો અને સર્વ જીવોનું પરિમાણ કહેલું છે. આમાં છન્નુલાખ પદો છે ચૌદ વસ્તુઓ છે અને બાર ચૂલિકાઓ છે. ત્રીજું વીર્યપ્રવાદ પૂર્વ છે. આમાં સર્વ દ્રવ્યો, સર્વ પર્યાયો, સર્વ જીવો અને અજીવોનું વીર્ય વર્ણવ્યું છે. આમાં સીત્તેર લાખ પદો છે, આઠ વસ્તુઓ છે અને આઠ ચૂલિકાઓ છે. ૩ ચોથું અસ્તિ-ના-સ્તિપ્રવાદ નામનું પૂર્વ છે. આમાં સર્વ દ્રવ્યોનું અસ્તિપણું (હોવાપણું) અને નાસ્તિપણું (નહીં હોવાપણું) એટલે કે પોતાના સ્વરૂપની અપેક્ષાએ અસ્તિપણું અને અન્યના સ્વરૂપની અપેક્ષાએ નાસ્તિપણું વર્ણવ્યું છે. તેમાં અઢાર વસ્તુઓ, દસ ચૂલિકાઓ અને સાઠ લાખ પદો છે. પાંચમું જ્ઞાનપ્રવાદ નામનું પૂર્વ છે તેમાં સર્વ જ્ઞાનોનો વિસ્તાર કહેલો હોવાથી તે જ્ઞાનપ્રવાદ કહેવાય છે. તેમાં બાર વસ્તુઓ છે, ચૂલિકા છેજ નહીં, અને એક પદે ઓછા એક કરોડ પદો છે. છઠું સત્યપ્રવાદ નામનું પૂર્વ છે. સત્ય એટલે સંયમ અથવા સત્ય વચન, તેને વિસ્તારથી કહેલું હોવાથી તે સત્યપ્રવાદ કહેવાય છે. આમાં બે વસ્તુ છે, ચુલિકા નથી, અને છ કરોડ ને એક પદો છે. સાતમું આત્મપ્રવાદ નામે પૂર્વ છે. તેમાં અનેક પ્રકારના નયમતના ભેદે કરીને આત્માને કહેલો હોવાથી તે આત્મપ્રવાદ કહેવાય છે. આમાં સોળ વસ્તુઓ છે, ચૂલિકા નથી, અને છવીશ કરોડ પદો છે. આઠમું કર્મપ્રવાદ પૂર્વ છે. તેમાં જ્ઞાનાવરણીયાદિક આઠ પ્રકારનાં કર્મો અને તેમની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ કહેલા હોવાથી તે કર્મપ્રવાદ નામે કહેવાય છે. તેમાં ત્રીસ વસ્તુઓ છે, ચૂલિકા નથી અને એક કરોડ ને એંશી હજાર પદો છે. નવમું પ્રત્યાખ્યાનપ્રવાદ નામનું પૂર્વ છે. તેમાં ભેદ સહિત પ્રત્યાખ્યાનનું સ્વરૂપ કહેલું હોવાથી તે પ્રત્યાખ્યાન

દષ્ટિવાદમા પાંચ ભેદો જાણવા. જાણવામાં તો ચૌદ પૂર્વોજ મુખ્યતા એ કહેલાં છે.

અગ્યાર અંગ અને ચૌદ પૂર્વ મળીને પચીસ થાય છે. આજ પચીશ ગુણો ઉપાધ્યાયના હોય છે.

દષ્ટિવાદની ચુલિકા રૂપ બીજા સિદ્ધાંતો પણ વર્તમાન કાળે પણ છે. તેમના નામો લખીયે છીયે. તેમાં પણ દિવસના પહેલા અને ચોથા પહોરે તથા રાત્રિના પણ પહેલા અને ચોથા પહોરે જે સૂત્રો ભણાય છે તથા તેની વ્યાખ્યા કરાય છે તે કાલિક સૂત્રો કહેવાય છે તેમના નામ—ઉત્તરાધ્યયન ૧, દશાશ્રુતસ્કંધ ૨, કલ્પ ૩, વ્યવહાર ૪, નિશીથ ૫, મહાનિશીથ ૬, ઋષિભાષિત ૭, જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામનું ઉપાંગ પૂર્વે કહ્યું છે તે ૮, દ્વીપ સાગર પ્રજ્ઞપ્તિ ૯, સૂર્ય પ્રજ્ઞપ્તિ નામનું ઉપાંગ પૂર્વે લખી ગયા તે ૧૦, ચંદ્ર પ્રજ્ઞપ્તિ ઉપાંગ પૂર્વે કહ્યું તે ૧૧, ક્ષુદ્રવિમાન પ્રવિભક્તિ ૧૨, મહદ્વિમાન પ્રવિભક્તિ ૧૩, અંગ ચુલિકા ૧૪, વગ્ગ ચુલિકા ૧૫, વિવાહચુલિકા ૧૬, અરૂણોપપાત ૧૭, વરૂણોપપાત ૧૮, ગરૂડોપપાત ૧૯, વૈશ્રમણોપપાત ૨૦, વેલંધરોપપાત ૨૧, વેલ ધરોપપાત ૨૨, દેવેંદ્રોપપાત ૨૩, ઉત્થાનશ્રુત ૨૪, સમુત્થાનશ્રુત ૨૫, નાગપર્યાવલિકા ૨૬, નિરયાવલિકા ૨૭, કલ્પિકા ૨૮, કલ્પાવતંસિકા ૨૯, પુષ્પિકા ૩૦, પુષ્પચુલિકા ૩૧, વૃષ્ણિદશા ૩૨, નિરયાવલિકાથી માંડીને વૃષ્ણિદશા સુધીના છએ ઉપાંગ પૂર્વે લખી ગયા છીએ. આ ઉપરાન્ત સર્વ મળી ૩૨ કાલિક સૂત્ર કહેવાય છે

વળી જે દિવસ રાત્રિના બીજા ભાગમાં જે સૂત્રો ભણાય છે તથા વ્યાખ્યાન કરાય છે તે ઉત્કાલિક સૂત્રો કહેવાય છે. તેના નામ— દશવૈકાલિક ૧, કલ્પિકાકલ્પિક ૨, ક્ષુલ્લકલ્પશ્રુત ૩, મહાકલ્પશ્રુત ૪, ઉપપાતિક ઉપાંગ પૂર્વે કહ્યું તે ૫, રાજપ્રશ્નીય ઉપાંગ પૂર્વે કહ્યું તે ૬, જીવાભિગમ પૂર્વે કહ્યું તે ૭, પ્રજ્ઞાપના ઉપાંગ પૂર્વે કહ્યું તે ૮, મહાપ્રજ્ઞાપના ૯, પ્રમાદાપ્રમાદ ૧૦, નંદીસૂત્ર ૧૧, અનુયોગદ્વાર ૧૨, દેવેંદ્રસ્તવ ૧૩, તંદુલવૈચારિક ૧૪, ચંદાવિજ્ઝય ૧૫, પોરિસીમંડલ ૧૬, મંડલપ્રવેશ ૧૭, વિદ્યાચરણવિનિશ્ચય ૧૮, ધ્યાનવિભક્તિ ૧૯, મરણ વિભક્તિ ૨૦, આત્મવિશોધિ ૨૧, વીતરાગશ્રુત ૨૨

પ્રકારે વિરામ પામવો તે અદત્તાદાન વિરમણ કહેવાય છે. સાધુએ દંત ખોતરવા માટે પણ નહીં આપેલું તૃણ પણ ગ્રહણ કરવું નહીં, માટે સર્વથા અગ્રહણ કહ્યું, એ ત્રીજો ગુણ છે. ૩.

૪ મૈથુન વિરમણ-તિર્યંચ, મનુષ્ય અને દેવ સંબંધી મૈથુનથી જે વિરામ પામવો તે મૈથુન વિરમણ કહેવાય છે. તે પણ સર્વથા પ્રકારે એટલે મન, વચન અને કાયા વડે કરવું, કરાવવું કે અનુમોદવું નહીં, એમ નવ કોટિએ શુદ્ધ પાળવું, એ ચોથો ગુણ છે. ૪,

૫ પરિગ્રહ વિરમણ જેનાથી જીવ ગ્રહણ કરાય-મૂર્છાવાળો થાય તે પરિગ્રહ કહેવાય છે, એટલે કે પરવસ્તુને વિષે મૂર્છા. તેનાથી જે વિરામ પામવો તે પરિગ્રહ વિરમણ કહેવાય છે. અહીં પણ સર્વથા પ્રકારે વિરમણ જાણવું એ પાંચમો ગુણ છે. ૫. આ પાંચે સાધુઓને મહાવ્રતો છે. અહીં કોઇ શંકા કરે કે રાત્રિભોજન વિરમણ નામનું છઠ્ઠું વ્રત ગ્રહણ કરવું જોઇએ. તે અહીં કેમ લખ્યું નથી ? આ શંકાનો જવાબ એ છે જે રાત્રિએ અંધકાર તમસ્ (કાય) રૂપ અપકાય સર્વત્ર પ્રસરે છે, તેથી સર્વ વસ્તુ સચિત્ત થઇ જાય છે, અને સચિત્તનું ભક્ષણ કરવાથી પ્રાણાતિપાતનો દોષ લાગે છે, તેથી પ્રાણતિપાત વિરમણ મહાવ્રતમાંજ રાત્રિભોજન વિરમણનો સમાવેશ થાય છે

૬ શ્રોત્રેંદ્રિયનિગ્રહ—શ્રોત્ર ઇંદ્રિયના ત્રણ વિષયો છે. જે ઇંદ્રિયવડે જંતુને જ્ઞાન થાય તે તેનો વિષય કહેવાય છે. તે ત્રણ વિષયો આ પ્રમાણે છે. જીવશબ્દ ૧, અજીવ શબ્દ ૨ અને મિશ્ર શબ્દ ૩ તેમાં દ્વીંદ્રિયાદિક જીવોના મુખમાંથી નીકળેલો જે શબ્દ તે જીવ શબ્દ કહેવાય છે [illegible] અને [illegible] થયેલો શબ્દ અજીવ [illegible] તથા [illegible] જીવને [illegible] અને અજીવનો શબ્દ એ [illegible] મનુષ્ય ના શબ્દથી મિશ્રિત થયેલ [illegible] તે મિશ્ર શબ્દ કહેવાય છે આ ત્રણે પ્રકારના શબ્દ [illegible] ઇષ્ટ અને અનિષ્ટ તેમાં ઇષ્ટ શબ્દ સાંભળવાથી [illegible] થાય છે અને અનિષ્ટ શબ્દ સાંભળવાથી તેના પર [illegible] થાય છે તેથી કરીને તેના વિષે રાગ અને દ્વેષ [illegible] શ્રોત્રેંદ્રિય નિગ્રહ નામનો છઠ્ઠો ગુણ થાય છે ૬

૧૩ માયા વિવેક—માયા એટલે અન્યને ઠગવું તે. તેનો વિવેક એટલે પૃથગ્ભાવ અથવા નિષ્ફળ કરવો તે માયાવિવેક નામનો તેરમો ગુણ છે. ૧૩

૧૪ લોભ વિવેક—લોભ એટલે સર્વ વસ્તુને વિષે ગૃદ્ધિપણું, લુબ્ધપણું, તેનો વિવેક એટલે પૃથગ્ભાવ અથવા નિષ્ફળ કરવો તે લોભવિવેક નામનો ચૌદમો ગુણ છે. ૧૪

આ પ્રાણાતિપાત વિરમણથી આરંભીને લોભવિવેક સુધીના ચૌદ ગુણો આદરવાથી સાધુનું જે સ્વરૂપ થાય છે તે હવે પછી બતાવેલા ગુણોવડે કહે છે.—

૧૫ ભાવસત્ય—અહીં આત્મા સિવાયની સર્વ પરવસ્તુના સંગનો ત્યાગ કરવાથી જે આત્મભાવ એટલે નિશ્ચય નયની અપેક્ષાએ શુદ્ધ ચૈતન્ય તે સત્ય કહેવાય છે જો કે વ્યવહારનયની અપેક્ષાએ બાહ્યાત્માની સત્તા વડે અને અંતરાત્માની સત્તા વડે તે સત્યયુક્ત છે તોપણ તેનું જે પરમાત્મસ્વરૂપ દેખાડયું તેજ આનું (ઉત્કૃષ્ટ) સત્ય છે તેથી કરીને જ ભવભ્રમણના કારણરૂપ પ્રાણાતિપાતાદિ દોષોનો [illegible] પૃથગ્ભાવ કરવાનું [illegible] તેથી આ ભાવસત્ય નામનો પંદરમો ગુણ છે. ૧૫

હવે [illegible] ગુણને [illegible]





એક એક ઉપવાસની વૃદ્ધિ કરતા સાળ ઉપવાસ સુધી જવું, ત્યાર પછી ત્યાં ચોત્રીશ અઠ્ઠમ કરવાના કહ્યા હતા તેને બદલે અહીં ચોત્રીશ ચોથભક્ત–ઉપવાસ કરવા. ત્યાર પછી સોળ ઉપવાસ, પંદર ઉપવાસ એમ એક એક ઉપવાસ ઉતરતાં છેવટ એક ઉપવાસ સુધી આવવું. ત્યાર પછી આઠ અઠ્ઠમને બદલે અહીં આઠ ઉપવાસ પારણાના આંતરાવાળા કરવા. ત્યાર પછી એક અઠ્ઠમ પછી એક છઠ્ઠ અને છેવટ એક ઉપવાસ કરવો. આ તપમાં ત્રણસોને ચોત્રીશ દિવસો તપના અને અઠ્ઠાશી દિવસો પારણાના થાય છે. આ તપની એક લતામાં થાય છે. એ રીતે ચાર લતા ઉપર પ્રમાણે જાણવી.

કેટલાક મુનિઓ લઘુ સિંહનિષ્ક્રીડિત નામનો તપ કરે છે. તેનો વિધિ આ પ્રમાણે–આ તપમાં એક ઉપવાસથી આરંભીને એક એક ઉપવાસની વૃદ્ધિ કરતાં છેવટ નવ ઉપવાસ સુધી જવું. પરંતુ સિંહના અવલોકનની જેમ પાછળ (પહેલાં) કરેલા તપને પણ આગળ આગળ કરતાં જવું. જેમકે પ્રથમ એક ઉપવાસ કરી પારણું કરવું, પછી બે ઉપવાસ કરી પારણું કર્યાં પછી પ્રથમ કરેલો એક ઉપવાસ કરી પારણું કરવું, પછી ત્રણ ઉપવાસ કરી પારણું કર્યા પછી પૂર્વે કરેલા બે ઉપવાસ કરી પારણું કરવું. પછી ચાર ઉપવાસ કરી પારણું કર્યા બાદ પૂર્વે કરેલા ત્રણ ઉપવાસ કરી પારણું કરવું. પછી પાચ ઉપવાસ કરી પારણું કર્યા બાદ પૂર્વે કરેલા ચાર ઉપવાસ કરી પારણુ કરવુ. આ પ્રમાણે એક તપ વધતો અને એક તપ મૂકેલો એ પ્રમાણે નવ ઉપવાસ સુધી વધતા જવું. ત્યાર પછી તેજ પ્રમાણે ઉતરતા જવુ. તેમાં પ્રથમ નવ ઉપવાસ કરી પારણું કરવું, પછી આઠ ઉપવાસને ઓળંગી (પડતા મૂકી–નહીં કરી) સાત ઉપવાસ કરી પારણું કરવું, ત્યાર પછી આઠ ઉપવાસ કરી પારણું કરવું. ત્યાર પછી સાત ઉપવાસને ઓળંગી છ ઉપવાસ કરી પારણું કરવું અને ત્યાર પછી સાત ઉપવાસ કરી પારણું કરવું. આ રીતે એક ઉપવાસ સુધી ઉતરવું. આ તપમાં એકસોને ચોપન

૧૫૪ દિવસો તપના અને તેત્રીસ ૩૩ દિવસો પારણાના થાય છે. સર્વ મળીને છ માસ અને સાત દિવસે આ તપ પૂર્ણ થાય છે. આ તપનો યંત્ર જોવાથી તે બરાબર સમજાશે. તે યંત્ર નીચે પ્રમાણે:—

ઉતરતાં	
ઉ૦ દિ૦	પા૦ દિ૦
૯ —	૧
૭ —	૧
૮ —	૧
૬ —	૧
૭ —	૧
૫ —	૧
૬ —	૧
૪ —	૧
૫ —	૧
૩ —	૧
૪ —	૧
૨ —	૧
૩ —	૧
૧ —	૧
૨ —	૧
૧ —	
૭૩	૧૬
ઉપ૦ દિ	પાર૦ દિન

ચડતાં.	
ઉ૦ દિ૦	પા૦ દિ૦
૧ —	૧
૨ —	૧
૧ —	૧
૩ —	૧
૨ —	૧
૪ —	૧
૩ —	૧
૫ —	૧
૪ —	૧
૬ —	૧
૫ —	૧
૭ —	૧
૬ —	૧
૮ —	૧
૭ —	૧
૯ —	૧
—	૧
૮૧	૧૭
ઉપ૦ દિન	પાર૦ દિન

કેટલાક મુનિઓ મહા સિંહનિઃક્રીડિત નામનો તપ કરે છે. તેનો વિધિ આ પ્રમાણે—આ તપમાં પણ લઘુ સિંહનિઃક્રીડિતની જ જેમ એક એક ઉપવાસની વૃદ્ધિ અને પાછળ મૂકેલા તપને કરવાનું છે પરંતુ અહીં સોળ ઉપવાસ સુધી ચડવાનું છે, ત્યારપછી પૂર્વની જેમ ઉતરવાનું છે આ તપમાં ચાર સો ને સતાણું ૪૯૭ તપના દિવસો અને એકસો ૬૧ પારણાના દિવસો થાય છે. સર્વ મળી અઢાર માસ ને અઢાર દિવસો થાય છે

અષ્ટ અષ્ટમિકાને વિષે આઠ પંકિત હોય છે. તેમાં દરેક પંકિતમા આઠ આઠ દિવસ હોય છે. તેમાં પહેલી.પંક્તિમાં દિવસે દિવસે એક એક દત્તિની વૃદ્ધિ કરવી. બીજી પંકિતમાં બે દત્તિથી આરંભીને આઠમે દિવસે એક દત્તિ લેવી. ત્રીજી પંક્તિમાં ત્રણ દત્તિથી આરંભ કરવો. તેથી છઠ્ઠે દિવસે આઠ દત્તિ, સાતમે દિવસે એક દત્તિ અને આઠમે દિવસે બે દત્તિ આવે છે. ચોથી પંક્તિમાં ચાર દત્તિથી પ્રારંભ કરાય છે, પછી આઠ દત્તિ થઇ રહ્યા બાદ ફરીને એક દત્તિથી લેવું. એ પ્રમાણે દરેક પંક્તિએ વૃદ્ધિ પામતી દત્તિથી આરંભ કરવો અને આઠ દત્તિ થઈ રહ્યા પછી ફરીને એક દત્તિથી લેવું. આ રીતે કરવાથી આઠમી પંક્તિમાં પહેલે દિવસે આઠ દત્તિ અને ત્યારપછી એક દત્તિથી આરંભ કરવો. આ રીતે આઠ અષ્ટમિકા ચોસઠ ૬૪ દિવસે પૂર્ણ થાય છે. તેનો યંત્ર—

પંક્તિ.	દત્તિ.
૧	૧—૨—૩—૪—૫—૬—૭—૮
૨	૨—૩—૪—૫—૬—૭—૮—૧
૩	૩—૪—૫—૬—૭—૮—૧—૨
૪	૪—૫—૬—૭—૮—૧—૨—૩
૫	૫—૬—૭—૮—૧—૨—૩—૪
૬	૬—૭—૮—૧—૨—૩—૪—૫
૭	૭—૮—૧—૨—૩—૪—૫—૬
૮	૮—૧—૨—૩—૪—૫—૬—૭

નવ નવમિકાને વિષે નવ પંક્તિઓ છે. તેમાં પહેલી પંક્તિમાં પહેલે દિવસે એક દત્તિથી પ્રારંભ કરવો, એ રીતે એક એક દત્તિ વધારતા નવમે દિવસે નવ દત્તિ ગ્રહણ કરવી. આ પંક્તિમાં મોટ દત્તિ પચની સંખ્યાવાળી છે. ત્યાંથી જ બીજી પંક્તિનો આરંભ કરવો, અને નવ દત્તિ થઇ રહ્યા પછી ફરીથી એક દત્તિથી આરંભ કરવો. એ પ્રમાણે દરેક પંક્તિમાં પૂર્વ પંક્તિની મધ્યમ દત્તિથી

લેવા. ત્યાર પછી એક એક કવળની હાનિ કરતાં અમાવાસ્યાને દિવસે એક કવળ લેવાનો આવે છે. પછી શુકલપક્ષના પડવાને દિવસે એક કવળ લેવાનો છે, ત્યારપછી એક એક કવળ વધારતાં પૂર્ણિમાને દિવસે પંદર કવળ લેવાના છે. આ અભિગ્રહમાં મધ્ય ભાગે ઓછા કવળ છે અને બન્ને બાજુએ ઘણા કવળ છે, તેથી આ વજ્રમધ્યા પ્રતિમા કહેવાય છે. આવી પ્રતિમાઓને વહન કરનારા કેટલાક મુનિઓ છે. તેઓ પોતાના આત્માને તે તે અભિગ્રહોવડે ભાવતા રહેલા છે.

તે કાળે તે સમયે શ્રમણ ભગવાન શ્રીમહાવીરના શિષ્યોમાં ઘણા સ્થવિર મુનિઓ ઉત્તમ જાતિવાળા છે, કુળવાન છે, બળવાન છે, રૂપ, વિનય, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને લજ્જાવંત છે, લાઘવને પામેલા છે–લાઘવ એટલે અલ્પ ઉપધિવાળાપણું અથવા ત્રણ પ્રકારના ગૌરવ રહિતપણું, તેને પામેલા છે, ઓજસ્વી–મનને નિયમમાં રાખનારા છે, તેજસ્વી–શરીરની કાંતિવાળા છે, વચસ્વી–વચનના સૌભાગ્યવાળા છે, યશસ્વી છે, ક્રોધ, માન, માયા અને લોભને જીતનારા છે, ઇંદ્રિયોને જીતનાર છે, નિદ્રાને જીતનાર છે, પરીસહોને જીતનાર છે, જીવવાની ઇચ્છા અને મરણના ભયથી રહિત છે, મહા વ્રતોને જ પ્રધાન (મુખ્ય) માનનારા છે, ગુણોને પ્રધાન માનનારા છે, કરણને પ્રધાન માનનારા છે, ચરણને પ્રધાન માનનારા છે, નિગ્રહને–અનાચારના નિષેધને પ્રધાન માનનારા છે, નિશ્ચયને–તત્ત્વના નિર્ણયને પ્રધાન માનનારા છે, આર્જવને પ્રધાન માને છે, માર્દવને પ્રધાન માને છે, લાઘવને–ક્રિયાકુશળતાને પ્રધાન માને છે, ક્ષાંતિ (ક્ષમા) ને પ્રધાન માને છે, મુક્તિ (નિર્લોભતા) ને પ્રધાન માને છે, પ્રજ્ઞપ્તિ વિગેરે વિદ્યાને પ્રધાન માને છે, દેવ અધિષ્ઠિત મંત્રોને પ્રધાન માને છે, વેદોને પ્રધાન માને છે, જો કે હાલમા ઋગ્વેદ વિગેરે વેદો મિથ્યાદૃષ્ટિઓએ ગ્રહણ કરેલા છે, તો પણ શ્રી ઋષભદેવ સ્વામીએ કહેલા વેદો અહીં જાણવા, અથવા વેદ એટલે આગમ જાણવા. બ્રહ્મચર્યને પ્રધાન માને છે, નયને પ્રધાન માને છે, નિયમને પ્રધાન માને છે, સત્યને પ્રધાન માને છે, શૌચ એટલે દ્રવ્યથી લેપ રહિતપણું અથવા નિર્દોષ સામાચારી, તેને પ્રધાન માને છે, મનોહર વર્ણવાળા એટલે સારી કીર્તિવાળા છે, લજ્જાવાળા છે, તપસ્વી છે,

સ્થાન રહિત, ચંદ્રની જેમ સુંદર લેશ્યાવાળા, સૂર્યની જેવા તેજસ્વી, સમુદ્રની જેવા ગંભીર, પક્ષીની જેમ સર્વ પ્રકારે બંધન રહિત, મેરૂ પર્વતની જેમ કંપ રહિત, સરોવરના જળની જેમ શુદ્ધ હૃદયવાળા, ગેંડાના શીંગડાની જેમ એકલા, ભારંડ પક્ષીની જેમ પ્રમાદ રહિત, હાથીની જેમ પરાક્રમવાળા, વૃષભની જેમ બળવાળા, સિંહની જેમ પરાભવ ન પામે તેવા, પૃથ્વીની જેમ સર્વ પરિસહ દુઃખ સ્પર્શને સહન કરનારા અને સારી રીતે હોમ કરેલા અગ્નિની જેમ તેજવડે દેદીપ્યમાન છે. તે પૂજ્યોને કોઈ પણ ઠેકાણે પ્રતિબંધ નથી. તે પ્રતિબંધ ચાર પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—દ્રવ્યથી ૧, ક્ષેત્રથી ૨, કાળથી ૩ અને ભાવથી ૪. તેમાં દ્રવ્યથી સચિત્ત, અચિત્ત અને મિશ્ર સર્વ દ્રવ્યોને વિષે, ક્ષેત્રથી ગામમાં, નગરમાં, અરણ્યમાં, ક્ષેત્રમાં, ખળામાં, ઘરમાં કે આંગણામાં. કાળથી સમય, આવલિકા વિગેરેથી લઈને બે બે માસની છ માસ સંબંધી ઋતુ અયન-વર્ષ અથવા બીજા કોઈ દીર્ઘકાળના સંયોગને વિષે, ભાવથી ક્રોધ, માન, માયા, લોભ, ભય અને હાસ્ય એ સર્વને વિષે તેમને પ્રતિબંધ નથી. તે પૂજ્યો વર્ષાઋતુ વિના બીજા શીયાળા તથા ઉનાળાના આઠ માસ સુધી નાના ગામમાં એક રાત્રિ રહે છે, નગરમાં પાંચ રાત્રિ રહે છે. વાંસી અને ચંદન જેવા એટલે કે વાંસીવડે (વાંસલા વિગેરે શસ્ત્રવડે) કોઈ છેદે તો દ્વેષ ન કરે અને ચંદનથી પૂજા કરે તો રાગ ન કરે તેવા છે, પત્થર અને સુવર્ણને વિષે તુલ્ય બુદ્ધિવાળા, સુખ દુઃખને વિષે સમાન, આ લોક અને પરલોકની ઇચ્છા રહિત, સંસાર સાગરના પારને પામનારા તથા કર્મરૂપી શત્રુનો નાશ કરવા માટે ઉદ્યમવંત થયેલા વિચરે છે.

આ વાચ્યું ગુણના વ્યાખ્યાનમાં સાધુઓના ઘણા ગુણો હોય છે, તથા તે ગુણોના ભેદો પણ ઘણા છે, તે સર્વેનું વ્યાખ્યાન કરવું શક્ય નથી. વિસ્તાર થઈ જાય અને તેથી ભણનારને કંટાળો આવે ... આ ગ્રંથને આદર કરે નહીં, તેથી અહીં વિસ્તાર કર્યો નથી.

આ. પ્રથમ. પાંચ પરમેષ્ઠીના ગુણો વર્ણવ્યા છે. તેથી આ ગ્રંથનું નામ ગુણમાળા છે ... મંત્રને ... પરમેષ્ઠીના ગુણોનું સ્મરણ થવા માટે આ ગ્રંથ ... નથી

સેવા કરી નથી, તો કેમ તે મારા ઉપર અનુગ્રહ કરવા તત્પર થશે? કદાચ મને જ ઉપદ્રવ કરી તે પોતાનું કાર્ય સાધશે તો પછી મારૂં રક્ષણ કરનાર અહીં કોણ છે? હા! હા! હું મહાકષ્ટમાં પડ્યો છું, હવે હું શું કરૂં?" આ પ્રમાણે વિચારતાં તેને પિતાનું વચન સ્મરણમાં આવ્યું, તેથી કષ્ટનો નાશ કરવાના હેતુથી તે મનમાં પંચ પરમેષ્ઠીના નમસ્કાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યો. કેટલીક વેળાએ દંડીના મંત્રનો જપ પૂર્ણ થયો, તે વખતે તે શબ ઉભું થવા લાગ્યું, પરંતુ નવકાર મંત્રના પ્રભાવથી પાછું તે જ સ્થિતિએ નીચે પડી ગયું. તે જોઇ દંડીએ શિવને કહ્યું કે-"અરે! તું શું ધ્યાન કરે છે કે જેથી કાર્યની સિદ્ધિમાં વિઘ્ન થયું?" શિવે કહ્યું કે-"હું તો કાંઇ કરતો નથી." પછી ફરીથી દંડી જપ કરવા લાગ્યો. શિવ પણ નવકાર મંત્રના પ્રભાવની પ્રતીતિ થવાથી તેને ગણવામાં અત્યંત સાવધાન થયો. પછી દંડીનો જપ પૂર્ણ થયો, ત્યારે પણ તે શબ ઉભું થઇ તેજ રીતે પડી ગયું. દંડીએ શિવને ઉપાલંભ દીધો. પરંતુ શિવે તો 'હું કાંઇ કરતો નથી.' એવો જ જવાબ દીધો. ફરીથી ત્રીજી વાર દંડીએ જપ કરવા માંડ્યો. શિવ પણ નવકારનું સ્મરણ કરવા લાગ્યો. જપ પૂર્ણ થયો, ત્યારે તે શબે ઉભા થઇ દંડીને જ તેલની કડાઈમાં નાંખ્યો. તેનો સુવર્ણ પુરૂષ થયો. તે લઇ શિવકુમાર પોતાને ઘેર આવ્યો, અને તે અખુટ સંપત્તિ પામીને સુખી થયો. સર્વ વ્યસનનો ત્યાગ કરી ધર્મમાં આસક્ત થઇ સદ્ગતિ પામ્યો.

ઇતિ શિવકુમાર દ્રષ્ટાંત.

હવે ફરીથી નવકાર મંત્રના માહાત્મ્ય ઉપર આકાશગામિની વિદ્યા સાધનાર ચોરની કથા કહે છે.—

શ્રીપુરમાં ધનપાળ નામે શ્રેષ્ઠી હતો. તેને ધનમિત્ર નામે પુત્ર હતો. તે કૌતુકથી આકાશગામિની વિદ્યા સાધવા ઉત્સુક થયો; તેથી તેણે કોઇ આચાર્ય મહારાજને પૂછયું. ત્યારે ગુરૂએ સર્વ વિદ્યાના મંત્રના બીજરૂપ નવકાર મંત્રને જાણીને તેને તે મંત્ર આપ્યો. અને તેની સાધનાનો વિધિ પણ આ પ્રમાણે કહ્યો-કૃષ્ણ પક્ષની ચૌદશને દિવસે ઉપવાસ કરી તે દિવસે અર્ધી રાત્રિએ વનમાં જઇ વડ વૃક્ષ ઉપર કાચા સૂત્રનું શીકું બાંધવું, તેની નીચે પૃથ્વી પર કુંડ

આ મંત્રના જ પ્રભાવ ઉપર હુંડિક યક્ષની કથા.

કુસુમપુર નામના નગરમાં અરિમર્દન નામે રાજા હતો. તે નગરમાં અર્હદ્દાસ નામે શ્રેષ્ઠી અતિધાર્મિક હતો. તે નગરમાં ચંડપિંગલ નામનો ચોર હતો. તે દિવસે સાહુકારને વિષે ભમતો અને રાત્રે ચોરી કરતો. તેને એક ગણિકાની સાથે પ્રીતિ હતી, તેથી તે જે જે વસ્તુ ચોરીને લાવતો તે તેનેજ આપતો હતો. એકદા તે ચોર કાંઇ પણ મિષથી રાજમંદિરમાં પેઠો. ત્યાંથી પટ્ટરાણીનાં રત્ન જડિત આભૂષણોની ભરેલી એક પેટી ચોરીને ઉપાડી. તે લઇને તેણે વેશ્યાને આપી. રાણીએ રાજાને પેટી ચોરાયાની વાત કરી. રાજાએ ઘણી રીતે ચોરની તપાસ કરી, પરંતુ કાંઇ પણ પત્તો લાગ્યો નહીં. એકદા કોઇ ઉત્સવ હોવાથી નગરની સર્વ સ્ત્રીઓ પોતપોતાના અલંકારોવડે શરીરને શણગારી ગીત ગાતી બહાર નીકળી. તે અવસરે તે વેશ્યા પણ રાણીનાં આભૂષણો પહેરી બહાર જતી હતી, તેવામાં રાણીની દાસીઓએ તેને જોઇ, અને તે ઘરેણાં ઓળખી તેઓએ પોતાની સ્વામિનીને કહ્યું. રાણીએ રાજાને કહ્યું. રાજાએ વેશ્યાને બોલાવી ધમકી આપી, ત્યારે વેશ્યાએ ચંડપિંગલ નામના ચોરને બતાવ્યો. તેથી રાજાએ તે ચંડપિંગલને પકડી શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો. રાજસેવકોએ તેને શૂળી પર ચડાવ્યો. તે ચોરના બીજા સહાયકો કોણ કોણ છે ? તે જાણવા માટે રાજાએ ગુપ્ત રીતે સેવકોને રાખ્યા હતા. તે વખતે અર્હદ્દાસ કોઇ કાર્યને માટે બહાર જતો હતો. તેને ચોરે જોઇ દીનવાણી વડે પોકાર કરી કહ્યું કે-" હે મહાત્મા ! તમે દયાળુ છો. માટે મને પાણી પાઓ. " શ્રેષ્ઠીએ તેની અંત્ય અવસ્થા જાણીને ' આની સદ્ગતિ થાઓ ' એવી ઇચ્છાથી તેને કહ્યું કે-" અરે ! જો તું મારા કહ્યા પ્રમાણે કરે તો હું તને પાણી પાઉં. " તેનું વચન ચોરે અંગીકાર કર્યું. ત્યારે શ્રેષ્ઠીએ તેની સમીપે આવી તેને નવકાર મંત્ર આપ્યો. ચોરે શ્રેષ્ઠીને નમસ્કાર કર્યો, અને તે પાણી પીને મરણ પામ્યો. તે મરીને નમસ્કારના પ્રભાવથી હુંડિક નામનો યક્ષ થયો. આ સર્વ વૃત્તાંત ગુપ્ત રહેલા રાજસેવકોએ જોઇ રાજાને જણાવ્યો. કે-" હે સ્વામી ! તે ચોરે અર્હદ્દાસને ઘેર કાંઇક ધન મૂક્યું હશે, તેથી તે ચોરે તેની સાથે ઘણા વખત સુધી ખાનગી

તેનાથી જ સંતોષ માને તે. ૧. રૂપવાન–પાંચે ઇંદ્રિયો પરિપૂર્ણ હોય અને રોગ રહિત હોય તે. તેવો સુંદર આકૃતિવાન રૂપવાન માણસ પ્રાયે કરીને લોકોમાં સત્કાર પામે છે. ૨. પ્રકૃતિસૌમ્ય–સરળ સ્વભાવવાળો એટલે શાન્ત મૂર્તિવાળો. ૩. લોકપ્રિયઃ–લોકોને પ્રિય અને શાસ્ત્રાદિકમાં સન્માન પામેલો. ૪. અક્રૂર–અન્યનો દ્રોહ નહીં કરનાર. ૫. ભીરૂ-ભયવાળો એટલે કે સંસારથી કે પાપથી ત્રાસ પામેલો. ૬. અશઠ–શઠતા રહિત એટલે ડહાપણવાળો. ૭. સુદાક્ષિણ્ય–સર્વ ઉપર પ્રેમ રાખે, પોતાનું કામ છોડીને પણ બીજાનું કાર્ય સાધી આપે. ૮. લજ્જાળુ–અશુભ કાર્ય કરતાં લજ્જા પામે. ૯. દયાળુ–ત્રસ અને સ્થાવર સર્વ જંતુઓની રક્ષા કરનાર. ૧૦. મધ્યસ્થ–સર્વ ઠેકાણે રાગદ્વેષ રહિત. ૧૧. સોમદૃષ્ટિ–જોવાથી જ સર્વ લોકોને આનંદ આપનાર અર્થાત્ શીતળ દૃષ્ટિવાળો. ૧૨. ગુણરાગી–ગુણનો જ પક્ષપાત કરનાર. ૧૩. સત્કથા સ્વપક્ષયુક્ત–સારી કથામાં પોતાનો પક્ષ કરનાર, અસત્કથા કરનાર પરપક્ષનો ત્યાગ કરનાર. અથવા જેમાં સારી કથા હોય એવા પોતાના પક્ષવડે યુક્ત. ૧૪. સુદીર્ઘદર્શી–કાર્ય કરતા પહેલા ઘણો વિચાર કરનાર, પરંતુ શીઘ્રપણે ઉત્સુક થાય નહીં. ૧૫. વિશેષજ્ઞ–ગુણ અને અગુણના વિવેકવાળો. ૧૬. વૃદ્ધાનુગ–માતા, પિતા, ગુરૂ વિગેરે વૃદ્ધજનોને અનુસરનાર–તેમનો વિનય કરનાર. ૧૭. વિનીત–ગર્વ રહિત હોવાથી સર્વનો યથાયોગ્ય વિનય કરનાર. ૧૮. કૃતજ્ઞ–કોઈએ અલ્પ ઉપકાર કર્યો હોય તેને પણ જાણનાર. ૧૯. કહ્યું છે કે–

" मन्तस्तृणोन्मारणमुन्नमाङ्गात्, सुवर्णकोट्यर्पणमामनन्ति ।
शीर्षव्ययेनापि कृतोपकाराः, खलाः परं वैरमिवोद्वहन्ति ॥ "

" કોઈએ મસ્તકમાથી એક તૃણ પણ કાઢ્યું હોય તો સત્પુરૂષો કોટી સુવર્ણ આપ્યા જેવું માને છે. અને ખળ પુરૂષ તો પોતાનું મસ્તક આપીને પણ ઉપકાર કર્યો હોય તો પણ તે જાણે મોટું વેર કર્યું હોય એમ માને છે. "

પરહિતાર્થકારી—જે પ્રકારે પરનું હિત થાય તેવીજ રીતે કાર્ય કરનાર ૨૦. તથા લબ્ધલક્ષ–ઈંગિત (આકાર)અને ચેષ્ટાવડે બીજાના મનના અભિપ્રાયને જાણનાર. ૨૧. આ પ્રમાણે શ્રાવકોના એકવીશ ગુણો કહ્યા.

પ્રશસ્તિ.

આ ગુણમાળા નામનો ગ્રંથ સંવત ૧૮૧૭ ના વર્ષે આ
માસની શુક્લ દશમી (વિજયા દશમી) ને દિવસે પૂર્ણ કર્યો
શ્રી ખરતર ગચ્છના નાયક, શ્રી જિનભક્તિ નામના
ભક્તિ કરનાર અને સિધ્ધાંતના રહસ્યના નિધાનરૂપ શ્રીજિન
નામના સૂરિ જય પામો. એના મુખમાંથી નીકળેલી વાણી મધુ
કરીને બૃહસ્પતિની વાણીને પણ તુચ્છ કરે છે, તે યશવડે
ઉજ્વળ કરનાર શ્રી જિનલાભ સૂરીંદ્ર જય પામો. ઉપાધ્યાય શ્રી
કીર્તિની પાટે શ્રી જિનહર્ષ નામના મુનિરાજ થયા, તેમના
ઉપાધ્યાય શ્રી સુખવર્ધન નામે પ્રસિદ્ધ હતા. તેમના શિષ્ય
ગુણથી પ્રસિદ્ધિને પામેલા શ્રી દયાસિંહ નામના ઉપાધ્યાય
તેમના ચરણકમળની રજથી પોતાના મસ્તકને રંગનાર આ
જય નામના પાઠકે (ઉપાધ્યાયે) કૃપાળુ શ્રી જિનલાભસૂરિની આ
આ ગુણમાળા નામનો ગ્રંથ રચ્યો છે તે સત્પુરૂષોના કંઠપીઠ
ઉલ્લાસ પામો. તે સામવિજયનો આ પ્રયાસ શ્રી જેસલમેરના
ઉપર રહેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના પ્રસાદથી સફળ

[illegible]

समाप्त

શ્રી

આત્માનન્દ પ્રકાશ.



જૈન કોમમાં અતિ ફેલાવા સાથે પ્રખ્યાતિ પામેલું આ માસિક આ સભા તરફથી વીશ વર્ષ થયા પ્રતિમાસે પ્રગટ કરવામા આવે છે. તેમાં આવતા ધાર્મિક, વ્યવહારિક અને નૈતિક સંબંધી ઉત્તમ લેખોથી આપણી કોમમા પ્રસિદ્ધ થતા માસિકોમા તે પ્રથમ પંક્તિ ધરાવે છે. દર વર્ષે તેના ગ્રાહકોને વાંચનનો અધિકો લાભ આપવા સાથે, વર્ષ પૂર્ણ થતા પહેલાં નવીન દ્રવ્યાનુયોગ વગેરેના વિષયની બહાર એક ઉત્તમ ગ્રંથ સુંદર બાઇન્ડીંગથી અલંકૃત કરી દર વર્ષે ભેટ આપવામા આવે છે. એકજ પદ્ધતિએ આવી ભેટનો લાભ દરવર્ષે આ માસિકજ આપે છે. હાલમા તેનું વીશમું વર્ષ ચાલે છે. દરેક માસિક અને પેપરવાળાએ સખ્ત મોંઘવારીના સબબે લવાજમ વધાર્યું છતાં અમોએ સમાજને ઉદારતાથી વાચનનો લાભ આપવા તેનું તેજ લવાજમ રાખ્યું છે અને ભેટની બુક ચાલીશ મોટી ફોરમ [illegible] કમ સાથે રાખ્યો છે, તેથી ગ્રાહકોની સંખ્યા વધતી જાય [illegible] ગુરુભક્તિ નિમિત્તે નીકળતા આ માસિકની [illegible] ગ્રાહકોની અધિકી સંખ્યા તેજ તેની ઉત્તમ [illegible] ૧ વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૦-૦ પોસ્ટેજ [illegible] આવે છે. તેના પ્રમાણમાં લાભ વિશેષ છે [illegible] વધારવા [illegible] છે, જેથી દરેક જૈન બંધુઓએ [illegible] ગ્રાહક થઈ [illegible] નહિં.

